આવતી કાલનાં નાગરિકો માટે આજનું એકલું માસિક


કુમાર

માર્ચ '૫૯

તંત્રી - બચુભાઈ રાવત

સંસ્થાપક
ર. મ. રાવળ

૩૫૯



ઉદયપુરના રાજમહેલમાં - રત્નજડિત મોરવાળો ગોખ

ફોટો-કલાકાર અશોક મોદી



ઉપગુપ્ત અને વાસવદત્તા · ચિત્રકાર: સોમાલાલ શાહ · કલાકારના સૌજન્યથી

વાચકો લખે છે

અહીં પ્રકટ થતી દરેક વસ્તુ માટે 'કુમાર'માંનું એક ત્રિરંગી ચિત્ર ભેટ મોકલાશે.

૩૯૫મા અંકમાં પૃ.૪૭૪ ઉપરનાં પ્રતીકોમાં પ્રતીક ૬નું જે ચિત્ર મિસરના પ્રતીક તરીકે જણાવ્યું છે તે 'સ્કેરેબ' જેને ગામડામાં ભીંગારો કહીને ઓળખે છે તેનું છે. આ પ્રાણી રંગે શ્યામ અને કેટલાકના ઉપર પાંખ આગળલાલ ડાઘા હોય છે. તે પોતાનાં ઈંડાં છાણ કે મળમાં મૂકે છે અને પછી તેની ગોળી વાળી તે પગેથી ગબડાવી ગબડાવી વાડમાં લઈ જાય છે. ત્યાં તે પડ્યાંપડ્યાં સેવાય અને તેમાંથી નવા ભીંગારા નીકળે. તેનાં ઈંડાં જૂના વખતમાં કોઇએ તપાસીને જોએલાં નહિ તેથી તેમને જણાવાનો સમય આવે ત્યારે તે આપોઆપ દેખાઈ આવતાં હોઈ અસલી મિસરના લોકોએ તેમને દેવ જેવા પવિત્ર માન્યા અને તેમનાં પ્રતીકો તેઓ ગળામાં શણગાર પેઠે પહેરવા લાગ્યા. તેવાં પ્રતીકો જે પહેરે તેમનું પ્રભુ રક્ષણ કરશે એમ તેઓ માનતા. કેટલાક તો મરી ગએલા ભીંગારાને સોનામાં મઢાવીને પહેરતા. વળી આવા મઢેલા ભીંગારા કબરોમાં મૃતદેહ સાથે દટાતા. આ ભીંગારા આપણા ભમરા કરતાં સહેજ મોટા હોય છે ને ધીરી ગતિએ ચાલતા ચોમાસામાં દેખાય છે. તે પાંખો પ્રસારીને થોડું ઊડી પણ શકે, ને ઊંધા પડી જાય તો તેમને ચત્તા થતાં વાર લાગે.

(મુંબાઇ) —હરરાય અ. દેસાઈ

ડિસેમ્બર અંકમાં 'કેવનના શેઠનું સૌભાગ્ય હજો' એ સંબંધમાં શ્રી દેવશંકર રાવળે જે લખ્યું છે તે વિષે સત્ય હકીકત આ મુજબ છે:

ચોપડામાં 'કેવનના શેઠ'ને બદલે 'કવિવન્ના શેઠ' લખાય છે અને આ મોટે ભાગે જૈનો જ લખે છે. કવિવન્ના શેઠની કથા જૈન સાહિત્યમાં ઘણી પ્રચલિત છે. તેઓ રાજગૃહીના વતની હતા. પુણ્યશાળી આત્મા હોવાથી ભાગ્યદેવીની તેમના પર મહેર હતી તેની જૈન ઇતિહાસ અત્યારે ય સાક્ષી પૂરે છે. એમના જેવું સૌભાગ્ય પ્રાપ્ત થાય એ શુભ ભાવનાથી જૈનો એ પુણ્યશાળીનું નામ નૂતન વર્ષે ચોપડામાં અંકિત કરે છે. શ્રી રાવળે 'કેવન' શહેરનો પરિચય આપતાં લખેલ આ અંગેની હકીકત અસંગત છે.

(બારીવલી) —ઉમેશચંદ્ર શાહ

'કુમાર'માં પ્રકટ થતી સામગ્રી નિત્યનવીન હોય છે. શાળાઓમાં બધા વિદ્યાર્થીઓ તે વાંચે એ હેતુથી તે લાયબ્રેરીમાં મૂકવામાં આવે છે. પણ આ રીતથી જેમને વાચનમાં રસ હોય છે તેવા જ વિદ્યાર્થીઓને તેની કિંમત સમજાય છે; બીજાઓને નહિ. આ સ્થિતિ ટાળવા માટે 'કુમાર'ના જૂના તેમજ નવા અંકોમાંથી ઉપયોગી સામગ્રીનું તારણ કરીને અને જરૂર પડતો સંક્ષેપ કરીને એક જ બાજુએ લખીને નોટિસબોર્ડ ઉપર એક ચોપાનિયાના સ્વરૂપે મૂકવામાં આવે તો બધા જ વિદ્યાર્થીઓને લાભ થાય. દા. ત. માધુકરી, પચ્ચીસ વર્ષ પહેલાં, કલાવાર્તા, આ તમે જાણતા હતા? છેલ્લું પાનું વગેરેમાં જે રસભરી સામગ્રી પીરસાય છે તે ગોઠવી શકાય. લાંબી લાગતી સામગ્રીનો યથાયોગ્ય સંક્ષેપ કરવો ઘટે. અમે આ પ્રયોગ અમારી શાળામાં કરી જોયો છે અને તેથી વિદ્યાર્થીઓની 'કુમાર' વિષેની પૃચ્છા વધી છે. આ રીતે આપણે વિદ્યાર્થીઓની જ્ઞાનપિપાસા પણ જાગૃત કરી શકીએ.

(ભારતીય વિદ્યાલય, વામજ) ચંદ્રશંકર પંડ્યા

અગાઉ આપ ભારતીય શાસ્ત્રીય સંગીત વિષે માહિતીપૂર્ણ લેખો પ્રકટ કરતા હતા. છેલ્લા થોડા સમયથી એવા લેખો આપવા બંધ કર્યા છે. હવે જો ભારતવર્ષના અર્વાચીન પ્રસિદ્ધ સંગીતકારોનાં જીવનચરિત્ર આપો તો એક સુંદર સામગ્રી આપી ગણાશે. પ્રાચીન સંગીતકારો વિષે બહુ ઓછી ને મર્યાદિત સામગ્રી આપણે મેળવી શકીએ છીએ, જ્યારે અર્વાચીન સંગીતકારો વિષે યે બહુ ઓછું જાણીએ છીએ. જેમકે સ્વર-ગુરુ અલાઉદ્દીનખાં: એમનું વ્યક્તિત્વ અને સાધના એવાં મહાન છે કે વાચકોને એ પ્રેરણા આપી શકે.

(કટક) —ત્રંબકલાલ



'સખ્યના સૂર' —પ્રમોદ પટેલ (ભરૂચ)

ઈ. સ. ૧૯૫૭ના અમુક મહિનામાં અમુક તારીખે કયો વાર આવશે, તે કૅલેન્ડર કે ડાયરીની મદદ વિના નીચેના કોઠા પરથી સહેલાઈથી જણાઈ આવશે.

જાન્યુ.	ફેબ્રુ.	માર્ચ	એપ્રિલ	મે	જૂન	જુલાઈ	ઑગસ્ટ	સપ્ટે.	ઑક્ટો.	નવે.	ડિસે.
૧	૪	૪	૭	૨	૫	૭	૩	૬	૧	૪	૬

કોઈ પણ માસની કોઈ પણ તારીખે કયો વાર હશે તે જાણવું હોય, તો જે મહિનાનો વાર જાણવો હોય તે મહિનાની નીચે ઉપલા કોઠામાં દર્શાવેલી સંખ્યા, તથા જે તારીખનો વાર જોવો હોય તે તારીખની સંખ્યાનો સરવાળો કરવો અને તે રકમને સાતે ભાગવી. જો શેષમાં એક વધે તો સોમવાર, ૨ વધે તો મંગળવાર, ૩ વધે તો બુધવાર, ૪ વધે તો ગુરુવાર, ૫ વધે તો શુક્રવાર, ૬ વધે તો શનિવાર અને શૂન્ય વધે તો રવિવાર સમજવો. દાખલા તરીકે: ઈ. સ. ૧૯૫૭ની ૨૬મી જાન્યુઆરીએ કયો વાર હશે તે જાણવું હોય તો જાન્યુઆરી માસ નીચે ઉપર કોઠામાં ૧ સંખ્યા આપેલી છે+૨૬મી તારીખ=૨૭ થાય. તેને સાત વડે ભાગતાં શેષમાં ૬ વધશે; અને ૬ વધે તો શનિવાર, એ હિસાબે ઈ. સ. ૧૯૫૭ની ૨૬મી જાન્યુઆરીએ શનિવાર હશે.

(રાજકોટ)—અનંતરાય બી. જોશી

હું કર્ણ - પાર્થ

· વસંતતિલકા ·

હું કર્ણ, જાણ્યું નહિ જન્મરહસ્ય મારું.
જાણ્યું હું કિન્તુ કુલધર્મ બધું અકસ્માત.
અંગાંગમાં સ્થિત મહાબલ: શસ્ત્ર મારું,
ઔદાર્યનો અધિપ, વિક્રમશ્રી તણો વર.
માનું: વિપક્ષ સહ યુદ્ધ જ ક્ષાત્રધર્મ
ને સંશયે શિથિલ ના મુજ પ્રાપ્ત કર્મ.

ને હું જ પાર્થ પ્રિય પાંડવ દ્રૌપદીનો,
રોકી ઊભો રથ મહાહવમાં વિચારું:
આ દુષ્ટ તો ય સ્વજનો મુજ કેમ મારું?
ના ચાહું રાજ્યસુખ વા જય રક્તભીનો.
હું સંશયાત્મ રથી શિષ્ય જ સારથિનો
સત્યાર્થ ઉત્સુક, ન ભક્તિવિવેકહીણો.

હું કર્ણ–પાર્થ મુજ ધર્મપ્રીતિ અજિતા.
મહાભારતે જીવનના ભજું યુદ્ધ-ગીતા.

જયન્ત પાઠક

ફાગણ આવ્યો ફૂલ્યો

· ગાન ·

ફાગણ આવ્યો ફૂલ્યો,
શિશિર તણો પાલવ ખેંચાતાં વૈભવ સઘળો ખૂલ્યો.

કેસૂડલાની કળીએ કેવાં
સ્વપ્ન સુનેરી સીંચ્યાં!
આભ તણા અંતરને આંબી
હૈયાં હેતે હીંચ્યાં.
કોકિલના ટહુકારે કેવાં બદલી નાખ્યાં મૂલ્યો!

લહરલહરમાં વારે વારે
કોણ મોકલે તેડાં?
રાતદિવસ ભુલાવી ઠાલાં
કોણ કરે છે ચેડાં?
આમ્ર રહ્યો મેં'કી એવો કે કલ્પવૃક્ષ હું ભૂલ્યો.
ફાગણ આવ્યો ફૂલ્યો.

ગોવિંદભાઈ પટેલ

હું મધુમક્ષિકા?

કાળને વૃક્ષ ટીંગાયલા
જિંદગી-મધપૂડાનાં ક્ષણોનાં શું છિદ્રો મહીં આ અગણ્ય
સંગ્રહંતી જ સૌંદર્ય કેરું મધુ
હું મધુમક્ષિકા?

અમૃત ઈ. શુકલ


૪૦૦ મો અંક

અમે જાહેર કર્યા મુજબ હવે પછીનો ૪૦૦મો અંક ખાસ અંક તરીકે દળદાર કાઢવાની અમારી કામગીરી ચાલુ છે; પણ મુદ્રણ-વ્યવસ્થામાં ઊભી થએલી અણધારી પરિસ્થિતિને લીધે એમાં વિક્ષેપ પડવાથી ઢીલ થવાનો સંભવ છે. આથી, આવતી પંદરમી તારીખે એને માટેની વાચકોની અપેક્ષા સુનિયમિતપણે ન સંતોષાય, અગર તત્કાલ પૂરતું બીજું જ કશુંક પરિણામ જોવા મળે તો તે નિભાવી લેવા અમારી નમ્ર પ્રાર્થના છે. ૪૦૦મો અંક એની પરંપરા પ્રમાણે વાચકોને મળશે જ એની ખાતરી આપવાની તો જરૂર ન જ હોય.


'કવિતા' અનિયતકાલિકનો છેલ્લો અંક બહાર પડયે દોઢેક વર્ષનો લાંબો ગાળો વીતી ગયો હોવાથી એ વિષે અનેક પૃચ્છાઓ આવે છે. એનો અંક પણ હવે થોડા સમય બાદ બહાર પાડવાની મનીષા છે.


ચિત્રોમાં રહસ્યકથા.... ....ખૂનીની ચાલાકી





પોલીસ કચેરીએ આવેલા એ ફોનમાં સભળાયું કે, 'કમલ સોસાએટીમાં પંદર નંબરના મારા બંગલામાં લૂંટ થઈ છે. એક ઠીંગણા ને ભરાવદાર મૂછોવાળા માણસે...' અને પછી અધવચથી જ એ અવાજ બંધ થઇ જતાં કંઇ દુર્ઘટનાની આશંકાએ ઇન્સ્પેક્ટર દીક્ષિત ખાતાના માણસો સાથે ત્યાં પહોંચી ગયા. તપાસ કરતાં તિજોરીવાળા ખંડમાં લોખંડી મૂઠવાળી લાકડી જોઈ દીક્ષિતને ખાતરી થઇ કે અહીં કંઇ ઝપાઝપી થઇ લાગે છે.





એ જ ખંડમાં બીજી દીવાલ પાસે ઉઘાડી તિજોરી જોતાં સહેજે લાગતું હતું કે ચોરની નેમ આના પર જ હશે. તિજોરી પાસે વેરણછેરણ પડેલા દસ્તાવેજો અને પૈસા રાખવાની ખાલી થઈ ગએલી કૅશબૉક્સ સાથે દીક્ષિતે એ પણ જોયું કે જે ચાવીથી તિજોરી ખોલવામાં આવી તે ચાવી હજી ત્યાં જ હતી અને તેની તૂટી ગએલી સાંકળી તેમાં લટકતી હતી. બાજુના ખંડમાં મકાન-ધણીનું શબ ટેલિફોનવાળા ટેબલ પર ઝૂકી પડ્યું હતું. લાગતું હતું કે ટેલિફોન કરતાંકરતાં જ તેનું અવસાન થયું છે. માથા પર સારી પેઠે માર મારી તેનું મૃત્યુ નિપજાવાયું હશે. આગલા ખંડમાં મરણતોલ માર ખાવા છતાં તે અહીં સુધી આવીને ફોન કરી શકેલ છે એમ લાગતું હતું. મરનારનું કાંડાઘડિયાળ ૩ ને ૫૦ મિનિટે બંધ થઇ ગયું હતું. આ ઉપરાંત તિજોરીની ચાવી સાથે લટકતી સાંકળીનો બાકીનો ટુકડો અહીં મરનારની કમરે લટકતો હતો. ખૂનીએ મરનારના ખિસ્સામાંથી આંચકા સાથે ચાવી ખેંચી લાગતી હતી. ચાવી સાથોસાથ મરનારના ખિસ્સામાંથી થોડા સિક્કા વગેરે પણ બહાર આવી જમીન પર પડ્યા હતા. આટલા નિરીક્ષણ પછી ઇન્સ્પેક્ટર પડોશમાં તપાસ માટે બહાર ગયા. બાજુના જ બંગલામાં રહેનારે પૂછપરછમાં જણાવ્યું કે, 'હા, ચારેક વાગ્યે મેં એ મકાનમાંથી એક ઠીંગણા ને ભરાવદાર મૂછોવાળા માણસને બહાર જતાં જોયો હતો ખરો.' પણ દીક્ષિતે એ પડોશીની એક નાનીશી ભૂલ પરથી તેને ખૂની માની ગિરફતાર કર્યો. એ ભૂલ કઈ હશે તે કહી શકશો? નહિ તો ઉકેલ અંકને છેલ્લે પાને આપેલ છે.





નિષ્પક્ષ અને નીડર તથા સત્ત્વશીલ અને સત્યાન્વેષી પત્રકાર



ડૉ.નાનાસાહેબ પરુળેકર

ઈ. ૧૯૩૩માં પૂનામાં ભયંકર પ્લેગ ફાટી નીકળ્યો ત્યારે, તેનો ભોગ કેટલી વ્યક્તિઓ થઇ એની માહિતી ખુદ મ્યુનિસિપાલિટીને યે ન હતી; એવે સમયે, માંડ એક વર્ષની આયુના ને ડગુમગુ આર્થિક સ્થિતિવાળા એક વૃત્તપત્રના તંત્રીએ પોતાના ખબરપત્રીઓને પ્લેગના એકેએક શંકાપાત્ર ઘરમાં મોકલીને એ મહામારીની બારીકમાં બારીક વિગતો જોખમ ખેડીને પણ મેળવીને પોતાના પત્રમાં છાપી, એટલું જ નહિ પરંતુ મ્યુનિસિપાલિટીની પ્લેગ ઑસ્પિટલની દુરવસ્થાની પણ છડેચોક જાહેરાત કરીને જાહેર સેવાનું સાચું ને સક્રિય માર્ગદર્શક ઉદાહરણ પૂરું પાડવાની પહેલ કરી! આ જ પત્રે તાજેતરમાં સાઈકલ પરના કરનો અને વેચાણવેરાનો વિરોધ જાહેર કરેલો. તેના પ્રતિઘોષ રૂપે સમજુ પ્રજાએ પૂનાના શનિવાર વાડાના પટાંગણમાં એ પત્રને અભિનંદન આપવા માટે મેળાવડો યોજેલો. પછી એને જ પગલે એક બીજો બનાવ બની ગયો. નિખાલસ, તટસ્થ તથા ઉદાર મતના આગ્રહી આ પત્રે સંયુક્ત મહારાષ્ટ્રની ઘોષણાઓની આછી ટીકા કરી હતી, તે બદલ ઉશ્કેરાએલા લોકટોળાએ એ પત્રનો અંક જ જાહેરમાં બાળી નાખેલો. એક પત્ર માટે આથી વધુ શોચનીય ને વ્યાપક અપમાન બીજું ન હોઈ શકે. એવે પ્રસંગે પોતાનું માન ખંડિત ન થવા દેવા ઇચ્છનાર પત્ર કાં તો પોતાના અપમાનનો સબળ ને વાજબી પ્રતિકાર કરે, અથવા તો જો તે વ્યવહારડાહ્યું હોય તો એ બાબત મૌન સેવે. પરંતુ પોતાના કે પ્રજાના ઉશ્કેરાટમાં સંડોવાએલા સત્યનો નહિ પણ પત્રકારત્વના સમતોલ ને તટસ્થ સત્યનો આગ્રહી આદર્શ પત્રકાર આ વેળાએ શું કરે તેનો દાખલો પણ આ પત્રે જ બેસાડયો. પોતાનાં માન અને અપમાનના બેઉ સમાચારોએ એ પત્રમાં એકસમાન સ્થાન મેળવ્યું હતું!

મહારાષ્ટ્રના આવા એક આદર્શ તથા પ્રમુખ વૃત્તપત્ર 'સકાળ'(સવાર)ને ચાલુ વર્ષની ૧લી જાન્યુઆરીએ પચ્ચીસ વર્ષ પૂરાં થઇને તેની રજતજયંતી ઊજવાઈ, તે નિમિત્તે તેના સંસ્થાપક, સંચાલક અને સંપાદક ડૅા. નાનાસાહેબ ભિ. પરુળેકરનું મહારાષ્ટ્રમાં ઠેરઠેર બહુમાન કરવામાં આવેલું. "એક દૈનિક પત્ર કેવું હોવું જોઇએ તે માટે 'સકાળ' જુઓ" આ વાકય તો મહારાષ્ટ્રમાં કહેતી રૂપ થઈ ગયું છે. સમાચાર એ વૃત્તપત્રનો પ્રાણ છે અને તેમાં યે તાજા સમાચાર એ તો તેનો પ્રાણવાયુ છે. કોઈ પણ અગ્રણી વૃત્તપત્રના આ સૂત્રને ડૅા. ના. ભિ. પરુળેકરે પોતાના પત્ર 'સકાળ' દ્વારા ચરિતાર્થ કર્યું છે, અને સફળ પત્ર તરીકે ભારતીય ભાષાઓમાં પ્રકટ થતાં વૃત્તપત્રોમાં એક આગવું સીમાચિહ્ન સ્થાપિત કર્યું છે. 'સકાળ'ની વૃત્તપત્રવિષયક સફળતાનું રહસ્ય એ જેમ તેના તાજા સમાચાર છે, તેમ તેની લોકપ્રિયતાનું રહસ્ય એ છે કે તે જનતાનું પ્રતિનિધિ પત્ર બની રહ્યું છે. આકાશી આદર્શોને આંબવાના ધમપછાડા 'સકાળ'માં જોવામાં આવતા નથી. જે જનતા સમક્ષ પત્રકારે પોતાનું પત્ર લઇને હાજર થવાનું છે, તેનાં આનંદ-ઉલ્લાસ-દુ:ખ-હાસ્ય-રુદનને સમભાવથી ડૅા. ના. ભિ. પરુળેકરે 'સકાળ'માં પોતાનાં કરીને પ્રકટ કર્યાં છે. વિશ્વ, વ્યક્તિ અને પત્રનો આવો સુભગ ત્રિભેટો સાધનાર એ સફળ પત્રકારની જીવનકથા આ નીચે આપીએ છીએ.

રામદુર્ગ સંસ્થાનના ગોડચી ગામે ઈ. ૧૮૯૭ની ૩જી જૂનના રોજ ગરીબ ખેડૂત માબાપને ઘેર તેમનો જન્મ થયો હતો. ઘરની સ્થિતિ એટલી તો ગરીબ હતી કે દિવસના બે ટંક અનાજનો કોળિયો મોંમાં મૂકવાના યે સાંસા પડી જતા. પરંતુ નાનપણથી જ નાનાસાહેબને અભ્યાસની લગની એટલી કે ઈ. ૧૯૧૦માં પૂનાના અનાથ વિદ્યાર્થીગૃહમાં દાખલ થઇને જ તેઓ જંપ્યા. ત્યાં રહીને તેઓ પૂનાના નૂતન મરાઠી વિદ્યાલયમાંથી મૅટ્રિક અને પછી ન્યૂ પૂના (હાલની સર પરશુરામ ભાઉ) કૅાલેજમાંથી ઈ. ૧૯૨૦માં બી.એ. થયા. અનાથ છાત્રાલયના સંસ્થાપક સ્વ. દાદાસાહેબ કેતકરના સહવાસને પરિણામે તેમનામાં મહત્ત્વાકાંક્ષા અને અભ્યાસ-નિષ્ઠાનાં બીજ ઊંડે સુધી રોપાયાં, જેના પ્રકટીકરણ રૂપે પત્રવ્યવસાયનો શૉખ જાગ્યો. રાષ્ટ્રીય વાણીને ઉદ્‌ઘોષિત કરતા અને પત્રવ્યવસાયની સેવાસફળતાના આદર્શ સમા, લોકમાન્ય ટિળકના 'કેસરી' પત્રનો દાખલો તો ત્યારે તેમની સામે જ હતો. એક સાધારણ કૅાલેજિયન જે કાળે સો-સવાસો રૂપરડીની યે કઈ કારકુની કરવી એ વિષે નિશ્ચિત નથી હોતો એવે વખતે ઈ.૧૯૨૦માં બી.એ.થતાંવેંત આ ગરીબ અને સાધનહીન વિદ્યાર્થીએ પોતાના જીવનક્ષેત્ર તરીકે નિરધારેલા પત્રવ્યવસાયનાં યથાર્થ દિશા અને માર્ગ જાણવા માટે અમેરિકા જઈ યોગ્ય શિક્ષણ મેળવવાના નિશ્ચયમાં મનને રમમાણ કરી મૂક્યું. એ સમયે અનાથ છાત્રાલયે શરૂ કરેલા 'મહારાષ્ટ્ર વિદ્યાલય'માં કેટલાક સમય સુધી તેમણે હેડ માસ્તર તરીકે કામ કર્યું. દરમ્યાન પરદેશ જવા માટે ભાડાં, હાથખરચી વગેરેના પૈસાનું ભંડોળ તેઓ અત્યંત કરકસરપૂર્વક એકઠું કરી રહ્યા હતા. પરંતુ ટકો પણ પુરાંત વિના શરૂ થએલી હેડ માસ્તર તરીકેના દરમાયાની આવક પરદેશના પ્રવાસ માટે કેટલીક સહાયક નીવડે! અંતે અમળનેરના દાનવીર ધનપતિ શ્રીમંત પ્રતાપ શેઠે તેમને પરદેશના પ્રવાસ માટે એક વારના ભાડાના પૈસા આપીને મદદ કરી; અને આ દિલસોજ મદદને સહારે ઈ. ૧૯૨૩માં તેઓ અમેરિકાને પ્રવાસે ઊપડયા.

ત્યાં ઉપજીવિકા માટે હોટેલમાં કામ મેળવીને તેમણે કોલંબિયા

યુનિવર્સિટીમાં પોતાનો અભ્યાસ આરંભ્યો. યથાસમયે યુનિવર્સિટીના એમ. એ. અને બાદ 'સબ્જેક્ટિવ ઍન્ડ ઑબ્જેક્ટિવ ઇન એથિકલ જજમેન્ટ' વિષય પર મહાનિબંધ 'થીસિસ' લખીને તેઓ પીએચ. ડી. થયા. 'ન્યૂ યૉર્ક ટાઈમ્સ', 'ન્યૂ યૉર્ક હેરલ્ડ ટ્રિબ્યૂન' વગેરે પત્રોમાં ફ્રીલાન્સ રિપોર્ટર તરીકે તેઓ લખતા, જે કામ પીએચ. ડી.ની ઉપાધિ મેળવ્યા પછી ચાર વર્ષ સુધી તેમણે જારી રાખેલું. આમ પત્રકારત્વનો જરૂરી અનુભવ મેળવીને તેઓ ફ્રાંસ, જર્મની, હંગેરી, ઑસ્ટ્રિયા વગેરે દેશોના પ્રવાસે ફરતાફરતા ઈ. ૧૯૩૦માં હિંદને કિનારે ઊતર્યા. અમેરિકન પત્રકારત્વનો પ્રત્યક્ષ અનુભવ તેમને માટે આશીર્વાદ રૂપ નીવડ્યો. અમેરિકન પત્રકારત્વમાં તેમણે જોયું કે ત્યાં તાજા સમાચારનું જ વિશેષ મહત્ત્વ હતું. કોઈ પણ પત્રનું મુખ્ય ધ્યેય તાજા સમાચાર જ હોવું જોઈએ એવો ક્રાન્તિકારક વિચાર તેમના મનમાં દઢીભૂત થયો. આ વિચાર તે વખતે 'ક્રાંતિકારક' લાગે તેનું કારણ છે. ત્યારનાં મહારાષ્ટ્રીય પત્રો એ વાસ્તવમાં વૃત્તપત્રો નહિ પરન્તુ મતપત્રો જ વધુ હતાં. વર્તમાનપત્ર એ મુખ્યત્વે રાજકારણ વિષેના પોતાના અભિપ્રાય જ વ્યક્ત કરવાનું વાહન ગણાતું. એવા એ સમયે મત-પ્રચાર નહિ, પણ 'તાજા સમાચાર' એ જ પત્રનો પ્રાણવાયુ છે, એ વિચાર મહારાષ્ટ્રીય વૃત્ત જગતને પહેલો ડૉ. પરુળેકરે આપ્યો. ઈ. ૧૯૩૨ની ૧લી જાન્યુઆરીએ તેમણે મરાઠી દૈનિક 'સકાળ' અનાથ વિદ્યાર્થીગૃહના લોકસંગ્રહ છાપખાનામાં છાપીને પ્રસિદ્ધ કર્યું. આ પહેલાં 'જ્ઞાનોદય' નામનું એક દૈનિક મરાઠી ભાષામાં નીકળતું હતું.

'સકાળ'નો હેતુ સ્પષ્ટ કરતાં ડૉ. પરુળેકરે ત્યારે જણાવેલું : 'રોજના ખબરથી લોકોને માહિતગાર કરીને, દેશ-પરદેશમાં શું ચાલી રહ્યું છે તેની પૂર્ણ કલ્પનાનો લોકોમાં ઉદય કરવો એ વૃત્તપત્રનો મુખ્ય હેતુ છે. કોઈ પણ એક ખાસ પક્ષના હાથા બન્યા વિના, પ્રસંગેપ્રસંગે યોગ્ય લાગે તે નિષ્પક્ષપણે અને સ્વતંત્રપણે લખવું એ પત્રનું ધોરણ રહેવું જોઈએ. પોતાના મતવિરોધી સમાચાર ન છાપવા, અને છાપવા તો ગાળીચાળી, કાપીકૂપીને કે ફેરવીને છાપવા, એ નીતિ પત્રવ્યવસાયમાં વર્જ્ય ગણાવી જોઈએ.' પોતાના આ વિશિષ્ટ ધ્યેયની સિદ્ધિને અર્થે તેમને જે વિકટ પરિસ્થિતિનો સામનો કરવો પડ્યો અને જે મનસ્તાપ સહન કરવો પડ્યો એ રોમાંચ કરાવે તેવો છે. એમની નિશ્ચલ ધીટતા અને નીડર આશાવાદ બંને ગુણોની 'સકાળ'ના શરૂના દિવસોમાં કઠોર પરીક્ષા થઈ હતી. એ શરૂ થયું ત્યારે તેનો ફેલાવો માત્ર ૧,૦૦૦–૧,૨૦૦ નકલોથી વધુ ન હતો. 'લોકસંગ્રહ છાપખાના'ની ત્રીસ-પાંત્રીસ ફૂટની સાંકડી જગ્યામાં 'સકાળ'નો નાનકડો સંસાર વસી રહ્યો હતો, જેના અર્ધા ભાગમાં ચાર સહસંપાદકો ને બાર કંપોઝિટરો બેસતા, અને બીજા અર્ધામાં ડૉ. પરુળેકરની ઑફિસ અને તેમનું નિવાસસ્થાન હતું! જે ખુરશી ઉપર તેઓ કામે બેસતા તેના ઉપર એક નાનકડું કપડું ટાંગેલું રહેતું. એ હતું એમનું સૂવાનું પાથરણું. દિવસના અઢારઅઢાર કલાક તેઓ 'સકાળ' પાછળ ગાળતા. પાસેની 'કેશવાશ્રમ' નામની વીશીમાં મહિને પંદર રૂપિયા આપીને જમી આવતા અને દિવસના અંકના સંપાદકીય લેખન-કાર્ય ઉપરાંત ચાલુ દિવસના તૈયાર થએલા અંકની ગડી કરવા સુધીનું બધું કામ તેઓ ઉપાડતા, અને તે પણ સદા હસતે મુખે.

તેમના પત્રની વિશિષ્ટતા જનતા આગળ પ્રકાશવાનો અવસર તેમને 'સકાળ' શરૂ થયા પછી પાંચમે મહિને જ મળી ગયો. ઈ. ૧૯૩૨ના મે મહિનામાં મુંબાઈમાં હિંદુ-મુસલમાનોનું કોમી રમખાણ શરૂ થયું. ત્યારે પોતાના રિપોર્ટરોને મુંબાઈ મોકલીને આ રમખાણના અહેવાલ ટેલીફોન દ્વારા રાતોરાત મંગાવવાનો મહારાષ્ટ્રીય પત્રજગતમાં નવો વિક્રમ તેમણે સ્થાપ્યો. ઈ. ૧૯૩૯ની ૫મી નવેમ્બરે તેમણે સાપ્તાહિક 'રવિવાર સકાળ' પ્રસિદ્ધ કર્યું. આજે એ 'રવિવાર સકાળ'નો ફેલાવો ૪૧,૦૦૦ નકલો, ને 'સકાળ'નો ફેલાવો ૩૬,૦૦૦ નકલોનો છે. ઑક્ઝ પેપર્સ લિમિટેડ સંસ્થા તરફથી 'સ્વરાજ્ય' નામનું બીજું દૈનિક પણ તેમણે શરૂ કર્યું, જેનો દર શનિવારનો ફેલાવો ૨૨,૦૦૦ નકલોનો રહેતો. 'પ્રભા' નામનું એક સાપ્તાહિક પણ તેમણે કેટલાક સમય સુધી ચલાવેલું.

તાજા સમાચાર આપવા એ પત્રકારનું પહેલું કર્તવ્ય ખરું, પરંતુ માત્ર એટલેથી જ તેના કામની ઇતિશ્રી થતી નથી. પત્ર એ જનતાનું માર્ગદર્શક પ્રતિનિધિ છે, એ ધ્યેય પર ડૉ. પરુળેકર હવે જનતાનો જીવંત સંપર્ક પત્ર દ્વારા વધારવાની પેરવીમાં પડ્યા. એ માટે જનતાના રસોને પત્રકારે પહેલાં આત્મસાત્ કરવા પડે છે. ડૉ. પરુળેકરે જોયું કે લોકોને ગુનાઓના ખબર (ક્રાઈમ-ન્યૂસ) વધુ ગમે છે. તેથી તેમણે એ દિશા પરના નાના લેખો અને સમાચારો દ્વારા લોકોની જાસૂસી દષ્ટિને કેળવવાનું આરંભ્યું. ગામડાંના લોકોને મુંબાઈના ખબર કરતાં પોતાના ગામના ખબર વધુ પ્રિય હોય છે. સમાજના વિધવિધ કોયડાઓ માત્ર શહેરમાં જ ઊભા થાય છે એવું નથી. આથી તેમણે પોતાના ખબરપત્રીઓને ગામડાંઓમાં પણ મોકલ્યા (જે ત્યારના પત્રકારોને હાસ્યાસ્પદ લાગેલું), અને ત્યાં વધુ અગત્યના બનાવ બનવાની શકયતા હોય તો ખાસ પ્રતિનિધિઓ મોકલવાની પણ વ્યવસ્થા કરી. વળી સમાચાર રજૂ કરવાની નવી જ પદ્ધતિ તેમણે અમલમાં મૂકી. સાધારણ વાચકને છાપું ઝીણવટપૂર્વક વાંચવામાં રસ હોતો નથી. તેથી તેમણે સમાચારનાં શીર્ષક અને ઉપશીર્ષક રૂપે એવી પંક્તિઓ મૂકવા માંડી કે જેમાં સમાચારનું હાર્દ આવી જતું હોય, અને છતાં વાચકની તેના પર નજર પડે એટલે તે વિષે વધુ જાણ્યા વિના તેની કુતૂહલવૃત્તિને ચેન ન પડે!

આ ઉપરાંત વાચકોની રુચિને પોષીને તથા કેળવીને તેને સંસ્કારવાનો પણ પત્રકારનો ધર્મ છે. આ માટે ડૉ. પરુળેકરે 'સકાળ'માં અનેક વિભાગો શરૂ કર્યા, જે દ્વારા તેમણે વાચકો સાથે પહેલી વાર સૌથી બહોળો ને જીવતો સંપર્ક સાધ્યો. મહારાષ્ટ્રીય જગતમાં ખાસ અંક કાઢવાની પહેલ પણ 'સકાળે' કરી. જેમ દરેક વ્યક્તિનું તેમ દરેક પત્રનું સ્વતંત્ર સ્વત્વ હોય છે. 'સકાળ'નું સ્વત્વ એ તેની તાજી અને બહોળી માહિતી-સામગ્રી તથા તેનું વિશિષ્ટ વ્યક્તિત્વ એ તેની નિયમિતતા છે. ભારેમાં ભારે કામગીરીઓ વચ્ચે સદૈવ રોકાએલું રહેતું હોવા છતાં 'સકાળ'નો કોઈ વિભાગ બંધ રહેવા ન પામે તેની ડૉ. પરુળેકર ખાસ જાગરુક તકેદારી રાખે છે. 'સકાળ'ના પ્રકટ થયા પહેલાં તો પૂનાનાં બધાં છાપાં સાંજને વખતે બીજા દિવસનો અંક છાપી નાખતા. આમ, તેમાં તાજા સમાચારને અવકાશ રહેતો જ નહિ. 'સકાળે' એ આખી પદ્ધતિ જ બદલી નાખી, અને તાજામાં તાજા સમાચાર વહેલામાં વહેલી તકે પ્રસિદ્ધ કરવાની પ્રણાલી અખત્યાર કરી. છાપાના કૉલમમાં એક જ બાબત નિષ્કારણ લંબાવ્યા કરતાં, તેટલી જગ્યામાં વધુમાં વધુ બાબતો આપવાની પ્રણાલી પણ 'સકાળે' શરૂ કરી. વાચકો સાથે 'સકાળ'ના જીવતા સંપર્ક માટે એક વધુ ઉદાહરણ બસ થશે. કરિયાણાના અને બીજી કીમતી માલના ભાવ જેમ 'સકાળ'માં તેઓ છાપતા તેમ શાકભાજી સુદ્ધાંના પણ વિગતવાર ભાવ આપવાનું તેમણે શરૂ કર્યું.

ડૉ. પરુળેકરની સફળ કારકિર્દીનું રહસ્ય તેમની ચકોર ને શુદ્ધ વ્યવસાયદષ્ટિમાં પણ સમાએલું છે. જેમજેમ 'સકાળ' નફો કરતું ગયું તેમતેમ થતી આવકનો ઉપયોગ તેમણે 'સકાળ'ને વિકસાવવામાં જ કર્યો. 'અરધી લોકસેવા અને અરધો ધંધો' એવી ખતરનાક વ્યવસાયનીતિ તેમણે ક્યારે યે સ્વીકારી નથી. લોકસેવા જેટલી શુદ્ધ છે એટલો વ્યવસાય પણ શા માટે શુદ્ધ ન હોઈ શકે?-એ આગ્રહ તેમણે હમેશાં પોતાના ધંધા આગળ ધર્યો છે. આદર્શોની લાંબીલાંબી (અનુસંધાન પૃ. ૯૯મે)

ટૂંકી વાર્તા • અમૃતકુમાર મેર

રાયના રતનનું રંકે કરેલું જતન

સટાક' દઇને વાંસામાં ચમચમાટી બોલાવી દેતો કોરડો પડ્યો ને વૃદ્ધના સિત્તેર વરસનો ઘસારો ખાઈ ચૂકેલા વાંસામાં એનો લાંબો લોહિયાળ પટ્ટો છપાઈ ગયો. 'બોલ! બોલી દે!'

વૃદ્ધના કરચલીવાળા ચહેરાની આછાં ધોળાં પડળ જમાવી ગએલી આંખો નીચી ઢળેલી હતી. જવાબ દેવો ન હતો.

મારનાર સિપાહી અટકી ગયો હતો. અમલદારોની નિસરણીમાં સંદેશા ચાલુ થઈ ગયા,—ઠેઠ જનાનખાનામાં રાણી સાહેબની ગેરહાજરીમાં વડારણો સાથે રમત કરતા ઠાકોર સાહેબના કાન સુધી.

'હજૂર, નહિ માને. ડોસો બહુ જ જિદ્દી છે.'

'ગમે તેમ કરો; જહન્નમમાં જાવ.' મોટી વડારણ રંભાએ પણ આંખો નચાવીને 'હા' કહીને કેડે હાથ દઇને લટકો કર્યો. એમાં ધ્વનિ આવો હતો: 'એણે જ મને એક વાર ગોલી કીધી'તી કાં!'

'તો હજૂર, ડોસો મરી જશે પણ માનશે નહિ!'

'માને નહિ કેમ? પગાર મફત ખાવ છો?' આ શબ્દો ઠાકોર સાહેબના નહોતા, પણ પાસે જ લગભગ ચોવીસ કલાક પગચંપીના બહાના તળે હાજર રહેતા હીરજી વાળંદના હતા. ઠાકોર સાહેબે એમાં અનુમતિસૂચક આંખ મેળવી. અમલદાર શૂન્ય નયને છતમાં કાંઈક વાંચતો હોય તેમ ઊભો રહી ગયો હતો. જાણે અસલ ઘડાઉ પાણામાથી કોતરી કાઢેલું કોઇ ફોજદારનું પ્રતીક.

'એને મનાવો, ફોસલાવો, રાજી કરો, મારો, અંધારામાં પૂરી દો, ચાહે તેમ કરો, પણ મનાવો; સમજ્યા?'

ચંપાએ ય છેલ્લા શબ્દો પગ પછાડીને કહી લેવાની છૂટ લીધી, 'પણ મનાવો, સમજ્યા?'

સટ સલામ ઝીંકાઇ ને કટ્ ટક્ ટક્ એના બુટનો કડેડાટ બોલ્યો.

નિસરણીએથી હુકમ પાછો નીચે ઊતર્યો. નીચલા અમલદારને સામા જવાબ દેવા બદલ એક ફોજદારી ચૂસટ સાથે હુકમ મળ્યો: 'ચાહે સો કરો. મારો, કૂટો, રહેંસી નાખો, મનાવો, ફોસલાવો, પટાવો.' હુકમમાં જરૂરી ફેરફારો થતા ચાલ્યા.

આખા કેદખાનામાં આ જ શબ્દો ગુંજી ઊઠ્યા. નીચામાં નીચા અદના સિપાહીએ અદબપૂર્વક અમલદારને અરજ ગુજારી: 'બાઇ, તોબા! હાથ જોડ્યા. આપણાથી આની હત્યા નહિ લેવાય.'

'કેમ? પગાર મફત ખાવ છો?' છાપેલ કાટલા જેવી ઉક્તિ હાજર હતી.

'વૃદ્ધહત્યા, અને એમાં ય અમારો જાતભાઈ! ના સાહેબ, ચાહે સો કરો; એ નહિ થાય.'

ફરીને નિસરણી પર અરજ ચડી તે ઠેઠ ઠાકોર સાહેબના જનાનખાના (કે જનાનખાનાના ઠાકોર સાહેબ) સુધી પહોંચી ગઇ: 'ના બાપુ; ગમે તેમ કરો, કટકા કરી નાખો, આપણાથી એ નહિ થાય.'

સમસ્ત તંત્રના રાજીનામા જેવો આ ઠરાવ ઠાકોર સાહેબની આંખથી વડારણોના સહવાસે મેળવાએલી થોડી 'પોંચ'ના પ્રતાપે સખેદ સ્વીકારાયો ને ફરમાન છૂટ્યું: 'સાલાને ફેંકી દ્યો!' ફરમાનમાં ઠાકોર સાહેબની નિરાશા ભળી ગઈ. ને પાછું ફરમાન સર્રર્ર સટ કરતું આવી પડ્યું ઠેઠ નીચે. ત્યારે એમાં અમલદારશાહીની ચાલાક જીભે આટલા સુધારા કરી નાખ્યા હતા: 'ફેંકી દ્યો ઊકરડામાં. ભલે ગીધડાં ઠોલે. બહુ હેરાન કર્યાં. આપણા તંત્રને કલંક લગાડ્યું.' વચ્ચે એકે તો એમ કહ્યું કે 'છોડતાં પહેલાં એને એક વધારે ચાબખા લગાવી દેજો.'

ફરમાન પ્રમાણે મહેલના ભોંયરા જેવા અંધારિયા, ભૂલભૂલામણીથી ભરપૂર કારાવાસમાં થાંભલે લટકતા શબ જેવા વૃદ્ધ સજ્જનસિંહના શરીરને દોરડાની પકડમાંથી છોડી લેવામાં આવ્યું. પછી એને ઊભું રાખવા થોડો પ્રયત્ન કરાયો, જે નિષ્ફળ ગયો. એટલે એને સુવડાવી દીધું.

વૃદ્ધનો આખો દેહ લગભગ નિશ્ચેતન જેવો જ થઈ ગયો હતો. ફક્ત બે આંખો ટમટમતી હતી. સિપાહી પાણી લાવ્યો ને એના મોઢામાં રેડવા જાય છે ત્યાં ડોસાએ હજુય સાબૂત રહેલા દાંતની દોઢ વાળી દીધી!

'કાં ભઈ!' જેવા આશ્ચર્યભાવો સાથે સિપાહી હાથમાં પાણીનું ગરકુડું લઇને ઠઠ્યો રહ્યો. ડોસાની જિદ જેવા મજબૂત દાંત કેમે કર્યા ઊખડે નહિ. ઊખડે તો પાણીનું ટીપું અંદર જાય ને?

'ભઈ, આ પાણી ય પીતો નથી, લ્યો!' કહીને નિરાશ થતો સિપાહી બીજાને કહેવા દોડ્યો. બધાય મોં વકાસીને હાડપિંજર જેવા આ અંધારિયા ઓરડામાં ચત્તાપાટ પડેલા સજ્જનસિંહની આજુબાજુ ફરી વળ્યા.

'ભઈ, પાણી તો પી.' એટલું મોટેથી કહીને મનમાં બોલ્યા: 'જીવ સદ્‌ગતે જાય.' જવાબમાં ડોસાની આંખો જ ટમટમતી હતી. બાકી બધું નિશ્ચેતન જેવું જ. જેવી રીતે સોટા ખાઇખાઇને એણે જવાબ ન આપ્યો, એમ એણે પાણીનું એક ટીપું ય મોંમાં જવા ન દીધું.

'ગજબનો જિદ્દી છે ભાઈ. હવે આનું કરવું શું?'

લોહીલોહાણ થએલા સજ્જનસિંહના લોચાને માંડ ટીંગાટોળી કરીને અમલદારોની સરતચૂક જાળવીને એને ગામડે ઠેઠ એને ઘેર પહોંચાડ્યો. ઘરમાં સન્નાટો ફેલાઈ ગયો. 'મારીમારીને લોચો કરી નાખ્યો છે, બાઈ!' મંડી વાત ફેલાવા. 'કેવો માર્યો, જોઈ! કેવોક માર્યો છે જોઈ!' એમ કરતી ટોળીઓ મંડી આવવા. ઘરમાં મેળો ભરાઈ ગયો.

સજ્જનસિંહ કોઈ સામે જોતો નથી. અષાઢી મેઘલીમાં વાદળાની આડે ક્યાંક બે તેજસ્વી તારલિયા દેખાય એવી એની આંખો ટમટમતી હતી. બાકી કાંઈ નહિ.

'ભઈ, એને વાહર આવવા દો. આટલો તો માર પડ્યો છે! મારથી

'કુમાર'નું નવલિકા–નાટિકા પારિતોષિક

'કુમાર'માં આખા વર્ષ દરમ્યાન આવેલી મૌલિક વાર્તા-નાટિકાઓ પૈકી શ્રેષ્ઠ નીવડનારને દર વર્ષે અપાતું રૂપિયા ત્રીસનું પારિતોષિક ૧૯૫૬ના વર્ષ માટે તેમની ટૂંકી વાર્તાઓ માટે શ્રી ચન્દ્રકાન્ત બક્ષીને આપવાનું તેના નિર્ણાયક મા. અનંતરાય રાવળે ઠરાવ્યું છે. શ્રી બક્ષીને અમે અભિનંદન આપીએ છીએ અને મા. રાવળનો આભાર માનીએ છીએ.

આ પારિતોષિક આ વર્ષે પણ ચાલુ રહે છે

ધામ કરો મા!' પણ કોઈ ખસે ખરા? લગભગ ચાલીસપચાસ આંખો આખા શરીરના ચિત્રને મનમાં બેસાડવાને મનમાં મનમાં ધાની મીમાંસા કરતી મંડાઈ હતી.

'એ હોઠ હલ્યો, હો.' 'એ થોડીક આંખ્યું ય ફરી હો.'

'બોલવા કરે છે. ભઈ, વાહર આવવા દ્યો.'

'એને કાંઇક બોલવું છે.' 'પણ બોલશે નઈ હો.'

'જો તો ખરા ભઈ. વાહર આવવા દ્યો,' ત્ચ. ત્ચ. ત્ચ. ત્ચ. લાગ્યા ધા કર્યા છે!'

સજ્જનસિંહના હોઠ ફફડયા ને એમાંથી એકજેવુંતેવું વાક્ય બહાર આવ્યું. 'આ સાલાં કાગોલિયાંને બહાર કાઢો. એક અમરસિંહ રહે.'

અમરસિંહ સજ્જનસિંહનો એકનો એક પુત્ર, જેને ઘેર બાલબચ્ચાંનો ઢગલો હતો.

વૃદ્ધે અમરસિંહની છાતીએ આંગળી ચીંધી ને પછી આંખમાં પ્રશ્નાર્થ લાવી મૂકયો: 'છાતી છે તારે?'

અમરસિંહ નીચું જોઈ ગયો. એના હોઠ સિવાઈ ગયા. ગડફ દઇને એણે થૂંક ગળાની નીચે ઉતાર્યું. ખાટલા નીચે પાણીનો કળશ્યો પડયો હતો એ લઇને હાથના ચાપવામાં પાણી ધરીને અમરસિંહ ધીરેથી બાપના મોંમાં રેડવા ગયો. સજ્જનસિંહે દાંત ભીંસી દીધા. પાણી બધું ય બંને હોઠના ખૂણા ઉપરથી દાઢી નીચેલબડી રહેલી ગાળાની ચામડીમાં ગૂંચવાઇ ગયું. એક હાથ ઊંચો કરીને એણે અમરસિંહને ધક્કો દીધો. એના મોં પર 'હટ સાલા નમાલા' જેવા ભાવ હતા.

અમરસિંહ ધરતીમાતાનું ધ્યાન ધરીને બેસી રહ્યો હતો.

ડોસાની આંખમાં ઊનાં ઊનાં—ફળફળતા તેલનાં ટીપાં જેવાં બે આંસુ ડોકાયાં. એણે આંખ મીંચી એટલે એ ડબ ડબ ગાલ ઉપર થઇને નીચે પડી ગયાં. 'તારું કાળું કર'ના જેવો કચવાટ ડોસાના વૃદ્ધ મોં પર સ્પષ્ટ દેખાતો હતો. પણ અમરસિંહ બહાર જાય તે પહેલાં તો બહાર રકઝક સંભળાવા લાગી. 'અરે એમ હોય ભઈ, ધીરો થા. તું તો અથરો ભારે!'

'એનો જાન લઉં; કાપી નાખું; બહારવટું ખેડું; ખબર છે, હું રજપૂત છું!' ધડાક દેતો બારણું ઊઘાડીને બાપદીકરાની સ્તબ્ધતામાં વધારો કરતો વાડીએથી પાછો ફરેલો સત્તર વર્ષનો લવરમૂછિયો, લાલઘૂમ આંખોવાળો પૌત્ર અંદર દાખલ થયો. એના હોઠ ધ્રૂજતા હતા; આંખો લાલ અંગારા જેવી થઈ હતી. એણે બારણાને બારસાખથી લગભગ છૂટું કરી નાખે એવું પછાડેલું.

'બલોયાં પેરવાં છે? રજપૂતી રાંડી ગઇ છે? કોઈ બોલતા નથી તે જીભ સિવાઈ ગઈ છે?' એનો કંપ માતો ન હતો.

અમરસિંહની સામે વૃદ્ધ બાપનો એ જ તિરસ્કારયુક્ત ઇશારો: 'જા હવે જા, બાયલા. બારો નીકળ.' અમરસિંગ નીચા મોંએ ઊઠીને ચાલતો થયો. વૃદ્ધે સત્તર વર્ષના, શૌર્યથી ઊભરાતા આ યુવાન પૌત્રને સંજ્ઞાથી પાસે બોલાવ્યો. પડખાના સોળની જગ્યાએથી નીકળેલા લોહીમાં અંગૂઠો બોળ્યો ને રજપૂતી ને યુવાનીથી ચૂઈ જતા આ યુવાનના કપાળમાં ચાંલ્લો કરી દીધો.

સુભાષિત

किं कुलेन विशालेन शीलमेवात्र कारणम्।
कृमयो नैव जायन्ते कुसुमेषु सुगन्धिषु॥

· અનુવાદ ·

કુળ વિશાળ તેથી શું, શીલ જ માત્ર કારણ.
જીવડાં શું નથી થાતાં સુગન્ધી કુસુમો મહીં?

[વિવરણ: સર્વત્ર શીલ જ એક શ્રેષ્ઠ મૂલક ગુણ છે. કોઈ પણ વ્યક્તિની ગણના તેના શીલની માત્રા મુજબ થાય તે જ ઉચિત છે. કુળ પરથી વ્યક્તિને લગતા કરેલા ખયાલો સર્વદા સાચા પડતા નથી. ખરેખર સંસ્કારસંપન્ન ગણાતા ઘરમાં પણ સાવ નીચ વ્યક્તિ પાકયાના (તેમ જ એથી અવળું પણ બન્યાના) દાખલાની કયારે ય ખોટ નથી પડી. એ વસ્તુને સચોટ બનાવવા કવિએ એક સબળ દૃષ્ટાંત રજૂ કર્યું છે: મઘમઘતાં કુસુમોમાં પણ જીવાત પાકે છે, નથી પાકતી એવું નથી.]

'આંઈ બેસ.' વૃદ્ધની લબડતી જીભ તાળવે ચોંટી ને મંડી ફરવા. વાચા આવી ગઇ: 'મારી પડખે બેસ.' એ પાસે બેઠો: 'ઠાકોરથી માંડીને સિપાઈ સુદ્ધાં નિર્વંશ કરી નાખું. એની ઠકરાત સાફ કરી નાખું!' 'સાફ' એટલે પગથી સાફ કરી નાખવાનો હોય તેમ પગથી જમીનને લસરકો દીધો.

'ના ના, બેટા, ના. એવું નથી. એમ નથી, બેટા.' વૃદ્ધને બોલવામાં અતિ કષ્ટ પડતું હતું. 'તો?' પૌત્રે ડોસાની બે ટમટમતી આંખોમાં પ્રશ્નસૂચક આંખો પરોવી.

વૃદ્ધની આંખમાં બે રૂપેરી આંસુ દેખાયાં. એ અધીરો થઈ ગયો. મોં પર મારી નાખું, કાપી નાખું, ફના થઇ જાઉં, જેવા ભાવો આવી ગયા.

ડોસાએ સંજ્ઞા કરીને ખાટલાની નીચે કશુંક હોય એવું જણાવ્યું.

છોકરાએ ખાટલાની નીચે નજર નાખી. મજાની ધોળી ધૂળ ને લાદના મિશ્રણથી એની માએ લીપેલી ગાર સિવાય તો કાંઇ નજરે પડતું નથી.

'ન્યાં નઈ બેટા, એની નીચે પાંચ હાથ ઊંડે બધો ભેદ ડાટયો છે?'

'શેનો ભેદ, બાપુ?'

'ધનભંડારનો! રાજભંડારનો! ખજાનો છે! કરોડોનો! અબજોનો!'

મૃત્યુને આરે આવી પહોંચેલાં વૃદ્ધનાં બે આંખ-રત્ન થોડી વાર ચમકી ગયાં. યુવાન મોં વકાસીને જોઇ જ રહ્યો. વૃદ્ધે ભાંગેલીતૂટેલી ભાષામાં, હૃદયના ઊંડાણમાંથી સીંચીસીંચીને આટલી વાત ઠાલવી દીધી: 'એનું જતન કરવાનું મને પૃથુસિંહ બાપુએ સોંપ્યું'તું. કે'તા ગ્યા'તા કે સાચવજે સજ્જન. તને વિશ્વાસુ ચોકીદાર ગણીને જાળવવા દઉં છું. છોકરા કુસંગે ચડે, રાજની સંપત્તિ વાપરવા માંડે તૈંયેં એક પાઇએ નથી આપવાની, સમજ્યો? એને જયેં કટોકટી આવી પડે, પરજાને જરૂર પડે, રાજને જરૂર પડે, રાજનું નાક જાતું હોયને તૈંયેં હડફ દઇને કાઢી દેજે. પણ જોજે, બાકી નહિ. આ ઈ સંધો ય ખજાનો બાપુએ કયાં ડાટયો છે એના નકશા બાપુએ મને સોંપ્યા'તા. ઈ આંઈ ભોંમાં ભંડારી રાખ્યા છે, બેટા!'

મોંમાંથી લોહી થૂકતાં થૂકતાં આમ સજ્જનસિંહે વાત પૂરી કરી. શાંત મને ને એકાગ્ર ચિત્તે એનો પૌત્ર અમરસિંહ એની વાત સાંભળી રહ્યો હતો. યુવાન પૌત્રની રગેરગમાં વાતનો ધ્વનિ ઊતરી ગયો હતો.

વળી શ્વાસ લેતાં લેતાં ડોસાએ અમરસિંહને જે સંજ્ઞા કરી હતી એ એની સામે ધરી: છાતી છેને? જોજે પૃથ્વીસિંહ બાપુનું લૂણ હરામ નો થાય. કાંઈ નહિ, છાતી જોઈ છાતી!'

હકાર જેવો ધીરગંભીર ભાવ મોં પર લાવીને છોકરાએ કળશ્યામાંથી ચાપવે ચાપવે પાણી ડોસાના મોંમાં નાખવા માંડયું ને ઘટક ઘટક તરસ્યા ઘટમાં એ મંડયું ઊતરવા.

એક સંતોષની ચમક આવી, ને વૃદ્ધનું ખોડું ઢળી ગયું.



પ્રગતિશીલ ઘાનાની અદ્યતન રાજધાની અક્રાનું એક દૃશ્ય



જગતનાં મુક્ત રાષ્ટ્રોમાં ઉમેરાએલું એક નવું રાજ્ય ઘાના
અને એના મુક્તિદાતા રાષ્ટ્રવીર ડૉ. ક્વામે નક્રુમા


ગઈ ૬ઠ્ઠી માર્ચે પશ્ચિમ આફ્રિકાના ગોલ્ડ કોસ્ટે 'ઘાના'ના નવા નામે બ્રિટિશ રાષ્ટ્રસમૂહના સમાન દરજ્જાના નવા સભ્ય તરીકે સ્વાતંત્ર્ય મેળવ્યું છે. આફ્રિકામાંની બ્રિટિશ વસાહતોમાંથી સૌ પ્રથમ સ્વતંત્ર થનાર આ રાષ્ટ્ર છે.

જે મૂળ પ્રાચીન રાજ્યમાંથી અહીંના વતનીઓ ઊતરી આવ્યા હોવાનું મનાય છે તેના નામ પરથી તેનું આ નવું નામ 'ઘાના' રખાયું છે. શુમારે ઈ. ૩૦૦ના અરસામાં સ્થપાએલું 'ઘાના' અગર 'ઘાનાટા'નું એ પ્રાચીન રાજ્ય પશ્ચિમ અને દક્ષિણ સહરાના પ્રદેશમાં વિસ્તરેલું હતું અને ઈ. ૧૧૦૦ સુધી તે ચાલ્યું, જે સાલમાં આરબોએ તેનો લૂંટીને નાશ કર્યો. 'ગાયાના' શબ્દ પણ એ મૂળ 'ઘાના' ઉપરથી જ ઊતરી આવેલો છે. તેનું આજનું નામ 'ગોલ્ડકોસ્ટ' એ તો અહીંના ગુલામોના વ્યાપારના વખતમાં પડેલું નામ છે ને અહીંની નદીઓમાં સોનાના કણ મિશ્રિત રેતી જણાઈ હોવાથી અંગ્રેજોએ એ નામ પાડેલું. સ્વાતંત્ર્ય આપવા માટે ૬ઠ્ઠી માર્ચ પણ એટલા માટે પસંદ કરાઈ કે ઈ. ૧૮૪૪માં એ જ તારીખે બ્રિટને અહીંના મૂળ સ્થાનિક સત્તાધારીઓ સાથે સૌ પ્રથમ કરારો કરી અહીંના વહીવટ પર પોતાની મેખ મારી હતી.


સોનું તથા હાથીદાંત મેળવવા આવેલા બ્રિટિશ વેપારીઓએ સૌ પ્રથમ ઈ. ૧૬૨૦માં (જે સાલમાં 'મે ફ્લાવર' જહાજમાં બેસી પિલ્ગ્રિમ ફાધર્સ અમેરિકાની નવી દુનિયા વસાવવા નીકળ્યા એ જ વર્ષમાં) અહીંના કંઠાળ પ્રદેશમાં કૉમેન્ટાઈન ખાતે એક નાનકડી વસાહત સ્થાપેલી. તે પછી કેટલાક દાયકાઓ બાદ ગુલામોના વેપારે આ બંને દેશોના ઈતિહાસ પર કાળો ડાઘ પાડ્યો. પણ ૧૮૨૧માં ગુલામોનો વેપાર બંધ કરાવી એ નિમિત્તે બ્રિટને ગોલ્ડ કોસ્ટમાં પોતાની વગ એટલી બધી વધારી મૂકી કે ૧૮૭૦માં તો અંદરના વિસ્તારોનો વહીવટ પણ તેણે હાથ કર્યો, અને ૧૯૦૧ સુધીમાં તો રફતેરફતે તેણે સમગ્ર દેશ પોતાને કબજે કરી લીધો.

ત્યાર સુધીનું ગોલ્ડ કોસ્ટનું ચિત્ર તદ્દન પ્રાકૃત સ્વરૂપનું હતું. ચાર જુદીજુદી ભાષાઓ બોલતી અહીંની જાતિઓ, પોતાના આગવા ઇતિહાસ, પ્રણાલીઓ તથા સામાજિક વ્યવસ્થા ધરાવવા ઉપરાંત સામાજિક વિકાસની બાબતમાં પણ તદ્દન જુદીજુદી કક્ષાએ હતી. પરંતુ છેલ્લાં ૫૬ વર્ષના ગાળામાં તે ઠીક ઠીક વિકાસ પામીને આખરે સ્વાતંત્ર્ય મેળવવા જેટલી સિદ્ધિએ પહોંચી ગઈ છે. આ ઉપરાંત, ૪,૩૨,૦૦૦ જેટલી વસતિવાળી ટોગોલૅન્ડની પટ્ટી પણ 'ઘાણા' સાથે ભળી ગઈ છે. ૧૯૧૯ પહેલાં તે જર્મન કબજામાં હતી. તે પછી ભૂતપૂર્વ રાષ્ટ્રસંઘ 'લીગ ઑવ નેશન્સ'ના આદેશાનુસાર ૧૯૨૨થી એ નાનકડો પ્રદેશ બ્રિટનના વહીવટ હેઠળ આવ્યો અને ઈ. ૧૯૫૬માં હાલના રાષ્ટ્રસંઘના આશ્રયે ત્યાં લોકમત લેવાતાં બહુમતીથી 'ઘાના' સાથે તે જોડાઈ ગયું.

નીચે : ઘાનાનું સ્થાન દર્શાવતો આફ્રિકાનો નકશો







ઉપર સ્વાતંત્ર્ય માટે લડનારાઓના માનમાં લાલ, વચ્ચે પોતાની ખનિજ સમૃદ્ધિ સોના માટે સોનેરી પીળો અને નીચે પોતાની વનસ્પતિ દર્શાવતો ઘેરા લીલા રંગના પટ્ટાવાળો ઘાનાનો ત્રિરંગી રાષ્ટ્રધ્વજ. વચ્ચેનો કાળો તારક એ આફ્રિકન સ્વાતંત્ર્યના ધ્રુવતારક છે. ઉપર ઘાનાનું રાજ્યચિહ્ન. 'સ્વાતંત્ર્ય ને ન્યાય'ના સિદ્ધાંતવાળા આ ચિહ્નમાં આંતરિક રાજ્યતંત્ર પ્રકટેલી હાલમાં, સ્થાનિક વહીવટ, રાષ્ટ્રીય સરકાર ને દેશની સમૃદ્ધિનાં પ્રતીકો છે.

'ઘાના'ના આ નવા રાજ્યમાં ત્યાંના મૂળ હબસીઓની બે ભાષાઓ ચાલે છે. એકનું નામ 'લી વાત્વી' અને બીજીનું નામ 'ચી'. એ ઉપરાંત 'આકન' અને 'ફાન્તી' નામની બે ઉપભાષાઓ કે બોલીઓ પણ ચાલે છે. એની વસતિના સેંકડે ૬૦ ટકા લોકો મૂર્તિપૂજક છે, ૩૦ ટકા ખ્રિસ્તીધર્મી છે અને ૧૦ ટકા ઇસ્લામ પાળે છે. શિક્ષણનો પણ અહીં પુષ્કળ પ્રચાર થયો છે. ૧૯૫૪માં યુનિવર્સિટી કૉલેજ સિવાય પણ કલાગહાવિદ્યાલય, ૨૭ અધ્યાપન મંદિરો, ૩૧ હાઈસ્કૂલો અને ૨૭૩૦ સ્વીકૃત શાળાઓ હતી. આ પ્રદેશને સ્વાતંત્ર્ય આપવાનું જ્યારે જાહેર થયું ત્યારે આપણા જાણીતા વિદ્વાન ડૉ. સુનીતિકુમાર ચૅટરજી ત્યાં હતા. ઘાનાના સંખ્યાબંધ લોકો યુરોપ-અમેરિકામાં શિક્ષણ મેળવીને ડૉક્ટરો, બૅરિસ્ટરો, એન્જિનીઅરો વૈજ્ઞાનિકો અને પ્રોફેસરો બની આવ્યા છે, અને વિદ્વાનોની તો અહીં ખોટ નથી.

'ઘાના'ના આ સ્વાતંત્ર્યના ખરા લડવૈયા, તેના વડા પ્રધાન બનેલા ડૉ. ક્વામ નક્રુમાહ છે. તેમનો જન્મ ઈ. ૧૯૦૯ની ૨૧મી સપ્ટેમ્બરે ફ્રેંચ આઈવરી કોસ્ટ પાસેના આકિસમ જિલ્લાના નક્રોફુલ નામે નાનકડા ગામમાં સોની કુટુંબમાં થયો હતો. કૅથલિક મિશન સ્કૂલમાં પ્રાથમિક શિક્ષણ લીધા પછી તે ગોલ્ડ કોસ્ટની વિખ્યાત આકિમોટા કૉલેજના વિદ્યાર્થી બન્યા. ત્યાં શાળાના શિક્ષક તરીકેની તાલીમ પૂરી કર્યા પછી આગળ અભ્યાસ માટે અમેરિકા ગયા અને પેન્સિલ્વાનિયાની લિંકન વિદ્યાપીઠમાં અર્થશાસ્ત્રના વિષયો સાથે ઉપાધિ મેળવી. તરુણ વયથી જ પોતાની માભોમની મુક્તિની તમન્ના તેમનામાં એટલી તીવ્ર હતી કે અમેરિકાથી એક મિત્રને તેમણે લખેલું કે 'જો હું ગોલ્ડ કોસ્ટમાં સ્વાતંત્ર્ય સ્થાપવામાં નિષ્ફળ નીવડું તો મને જીવતો દાટી દેજો!' ત્યાર પછી ધર્મશાસ્ત્ર તથા શિક્ષણશાસ્ત્રનો અભ્યાસ કરીને એમ.એ. તથા એમ. એસસી. ની પણ ઉપાધિઓ પ્રાપ્ત કરીને બીજા વિશ્વયુદ્ધના છેલ્લા વર્ષ દરમિયાન તેમણે અમેરિકાથી ઇંગ્લંડ જઇને લંડનમાં યુનિવર્સિટી કૉલેજમાં સંશોધન પ્રવૃત્તિની સાથેસાથે ગ્રેઝ ઈનમાં કાયદાનો અભ્યાસ શરૂ કર્યો. પરંતુ ત્યાંથી તેઓ પ્રત્યક્ષ રાજકારી પ્રવૃત્તિમાં ખેંચાઇ ગયા અને લંડનમાં કેટલી યે પશ્ચિમ આફ્રિકન સંસ્થાઓમાં મુખ્ય ભાગ ભજવ્યો. ઉપરાંત તેના મુખપત્રના તંત્રી પણ બન્યા. પાછળથી ૧૯૪૫માં માન્ચેસ્ટરમાં યોજાએલી બૃહદ્ આફ્રિકન પરિષદના પરિણામે અસ્તિત્વમાં આવેલા પશ્ચિમ આફ્રિકન રાષ્ટ્રીય સેક્રેટરીએટના તે મહામંત્રી નિમાયા.

તેમની નેતા તરીકેની આ પ્રતિષ્ઠા ગોલ્ડ કોસ્ટ સુધી પ્રસરી જતાં 'યુનાઇટેડ ગોલ્ડ કોસ્ટ કન્વેન્શન'ના મહામંત્રી થવાનું તેમને આમંત્રણ મળ્યું ને ત્યારથી તે ગોલ્ડ કોસ્ટમાં વધુ ને વધુ મહત્ત્વની વ્યક્તિ બનતા ચાલ્યા. ખૂબ જ આકર્ષક વ્યક્તિત્વ ઉપરાંત તેમને વક્તૃત્વશક્તિની ઈશ્વરદત્ત બક્ષિસ મળી હોવાથી તેઓ એક અત્યંત પ્રભાવશાળી વક્તા છે.

૧૯૪૯માં યુનાઇટેડ ગોલ્ડ કોસ્ટ કન્વેન્શનમાં ફાટફૂટ પડતાં ડૉ. નક્રુમાહે તેમાંથી છૂટા પડીને 'કન્વેન્શન પીપલ્સ પાર્ટી' નામે નવા પક્ષની સ્થાપના કરી અને તેમના આ પક્ષે એટલી હદ સુધી લોકમત સર કરી લીધો કે ૧૯૫૧ની સામાન્ય ચૂંટણીઓમાં તેણે કુલ ૩૮માંથી ૩૫ બેઠકો જીતી લઇને ધારાસભામાં પોતાનું વર્ચસ્વ સ્થાપી દીધું. એ વેળા ડૉ. નક્રુમાહ તેમની પ્રવૃત્તિઓને કારણે સત્તાવાળાઓ સાથે સંઘર્ષમાં આવતાં કારાવાસ ભોગવતા હતા. તરત જ તેમને મુક્ત કરવામાં આવ્યા અને નવી સરકારના વડા તરીકેનું પદ તેમણે ગ્રહણ કર્યું. આ પછીનાં વર્ષોમાં એમણે ઉદ્યોગ, જળસિંચાઈ, સદેશવ્યવહાર અને કૃષિક્ષેત્રમાં દૂરગામી વિકાસયોજનાઓ આદરી છે. ઈ. ૧૯૫૧માં લિંકન વિદ્યાપીઠે ઘાનાના આ પ્રથમ આફ્રિકન વડા પ્રધાનને માનદ ડૉક્ટરેટની પદવીથી પણ વિભૂષિત કર્યા હતા.

આજ ૪૮ વર્ષની વયે પણ અવિવાહિત રહેલા ડૉ. નક્રુમાહ કોઈ ખાસ પ્રસંગે ક્વચિત પીવા પડેલા શૅમ્પેઈનને બાદ કરતાં દારૂ અને ધૂમ્રપાનથી સદા દૂર રહ્યા છે, એટલું જ નહિ પણ તેઓ માંસાહાર પણ નથી કરતા. રમતગમતો અને મનોરંજનમાં પણ એમને ખાસ રસ નથી. એમને શૉખ છે માત્ર સંગીતનો. પાશ્ચાત્ય શાસ્ત્રીય સંગીત ઉપરાંત પોતાના દેશના નૃત્ય-સંગીતમાં પણ તેઓ ઊંડો રસ ધરાવે છે. એમની રીતભાત ઉચ્ચ સંસ્કારે મંડિત અને મધુર છે.

'ઘાના'નું આ નવું રાષ્ટ્ર ૯૧,૮૪૩ ચોરસ માઇલનું (એટલે કે લગભગ યુનાઇટેડ કિંગ્ડમના જેટલા વિસ્તારનું) એક સમૃદ્ધ રાષ્ટ્ર છે. તેની વસતિ માત્ર ૪૬,૨૦,૦૦૦ની જ છે અને તે યે જુદીજુદી જાતિઓની, જેમાંના અર્ધા ભાગના લોકો તો કંઠાળ વિસ્તારમાં વસે છે. ઉપરાંત પ્રાચીન આફ્રિકન સમાજવ્યવસ્થા અને આધુનિક યુગની વચ્ચેના સમન્વય જેવા 'અશાન્ટી' વિભાગમાં દસેક લાખ વસે છે.


આ દેશની આબોહવા ઉષ્ણ કટિબંધમાંના પ્રદેશો જેવી છે. અહીં કોઈ ઊંચા પર્વતો નથી, પણ નદીઓ અને ઝરણાં મબલખ છે. લાંબામાં લાંબી નદી વૉલ્ટા છે, જેના પર બંધ બાંધવાની એક યોજના પણ તૈયાર થઈ રહી છે. દેશનો વચલો ભાગ તો જંગલોથી એટલો સમૃદ્ધ છે કે હમણાં છેલ્લાં યુદ્ધ પછીનાં વર્ષોમાં જ ત્યાંથી ૨૦ કરતાં વધુ વખત લાકડાં પરદેશ મોકલાયાં છે. પણ ખાસ પેદાશ તો અહીં કોકોની છે. દુનિયામાં સૌથી વધુ કોકો એ પેદા કરે છે. દર વર્ષે લગભગ ૨,૩૦,૦૦૦ ટનની, એટલે કે દુનિયાની કોકોની પેદાશનો ૩૦ ટકા હિસ્સો તો એકલું તે જ પરદેશ ચડાવે છે. આ સિવાય મૅંગેનીઝ ત્યાં પુષ્કળ નીકળે છે અને તેની નિકાસમાં ભારત પછી તેનો નંબર બીજો આવે છે. ઉપરાંત જેની પેદાશ પરથી આ દેશનું જૂનું નામ (ગોલ્ડ કોસ્ટ) પડેલું તે સોનું અને હીરા તથા બૉકસાઈટ (એલ્યુમિનિયમની કાચી ધાતુ) પણ અહીં સારા પ્રમાણમાં પેદા થાય છે. અલબત્ત, આ બધાંની ખાણોનો વહીવટ બ્રિટિશ કંપનીઓ જ કરે છે. ખેતીની બીજી પેદાશમાં ચોખા, કેળાં, નાળિયેર, મકા ને કસાવા નામના સાબુદાણા થાય છે. (અનુ. પૃ. ૧૧૦)

એકલેમ્પશિયા અને પ્રદર

સ્ત્રીઓમાં બહુ વ્યાપક બે રોગો

[માંદગીનાં મૂળ · હપતો–૨૬]

લેખક · ડૉ. શિવપ્રસાદ ત્રિવેદી



પ્રદરના કારણરૂપ ટ્રિકોનોમા વેજિનાલિસ નામના જીવાણુઓ છે. જે અહીં અતિશય મોટા કદમાં દર્શાવ્યા છે.

રોગનું નામ નવું લાગે છે. વૈદક વિજ્ઞાનના વિકાસને લીધે આ રોગથી થતા મરણના રહસ્યનો અને અજ્ઞાનનો પડદો હવે હટ્યો છે. બાકી આ તો જમાનાજૂનો રોગ છે. સગર્ભા સ્ત્રીઓના મરણના કારણરૂપ મોટા રોગો ત્રણ છે: એક્લેમ્પશિયા, ચેપ અને રક્તક્ષય. અસરકારક દવાઓની શોધના પ્રતાપે છેલ્લા બે રોગો તો હવે ગૌણ બન્યા છે, જ્યારે દવાખાનાંની અદ્યતન સગવડ અને સગર્ભાઓની સંભાળ રાખનારા પ્રગતિકારક દેશોમાં પણ એક્લેમ્પશિયાથી થતું સ્ત્રીઓનું મરણ દસથી પંદર ટકા અને ગર્ભસ્થ બાળકનું મરણપ્રમાણ વીસથી ત્રીસ ટકા જેટલું છે.

સગર્ભાવસ્થામાં કેટલાંક કારણોસર શરીરમાં ઝેરી અસરો પેદા થાય છે. આ કહેવાય છે સગર્ભાવસ્થાની વિષમયતા (toxoemia of pregnancy). આને લીધે કેટલાક રોગો થઈ આવે છે. આ થવાનાં કારણોમાં માતાના લોહીમાં પ્રવેશતાં ઈજા પામેલી ઓરનાં ઝેર, ગર્ભાશયની માંસપેશીઓની વધારે ખેંચને લીધે ઊભાં થએલાં વિષદ્રવ્યો, કે ગુરદાના રોગને લીધે લોહીની નળીઓના સંકોચ વગેરે અનુમાનવામાં આવે છે. શરીરમાં ઝેરી અસરોને લીધે સગર્ભાવસ્થા, પ્રસૂતિ અને પ્રસૂતિ પછીના દોઢ માસમાં સ્ત્રીઓને પ્રાણઘાતક માંદગી આવી પડે છે. આમાંની એક રોગાવસ્થા તે આ એક્લેમ્પશિયા (Eclampsia) છે. એ થવાનું કારણ ક્યાં છે તે હો પણ એમાં લોહીની નળીઓના અસાધારણ સંકોચ અને શરીરમાં પાણીના ભરાવાને લીધે રોગનાં ચિહ્નો ખડાં થાય છે.

એક્લેમ્પશિયામાં સગર્ભાવસ્થાના છેલ્લા ત્રણ માસમાં, સુવાવડ દરમિયાન કે સુવાવડ પછીના પાંચ દિવસમાં આંકડી કે તાણ આવે છે. આંકડી એકથી દોઢ મિનિટ સુધી ચાલુ રહે છે પછી થોડી મિનિટની બેભાનાવસ્થા આવે છે. ઉગ્ર રૂપમાં ક્રમિક વધતી બેભાનાવસ્થા થાય છે. ઉપરાઉપરી આંકડી આવે કે એકબે આવીને બંધ રહ્યા બાદ ફરીથી આવે. આંકડી વખતે જીભ કચરાય અને ઝાડોપેશાબ થઈ જાય છે. તદ્દન તંદુરસ્ત સ્ત્રીમાં કાં તો ઓચિંતી આંકડી થઇ આવે છે અગર તો આંકડી આવતા અગાઉ મોટે ભાગે સગર્ભાવસ્થાની વિષમયતાનાં ચિહ્નો થએલાં હોય છે. આ ચિહ્નો આ પ્રમાણે છે: વજનમાં અસાધારણ વધારો, લોહીનું ઊંચું દબાણ, શરીરમાં પાણી ભરાવું અને પેશાબમાં આલ્બ્યુમિન (albumin) જવું.

રોગ કાંઈ એકદમ નથી દેખા દેતો. એ થતાં અગાઉ શરૂઆતમાં મામુલી ચિહ્નો થઈ આવે છે. પણ આપણે તંદુરસ્તીની દિશામાં એટલી બધી બેદરકારી—અજ્ઞાન દશાંવીએ છીએ કે ના પૂછો વાત! રોગ પૂરો જામીને દેખા દે ત્યારે આપણે ગભરાઇને મટાડવા માટે દોડધામ કરીએ છીએ, અગર તો કેટલીક વાર રોગનાં ચિહ્નો મામૂલી સમજી તેના પ્રતિ દુર્લક્ષ સેવીએ છીએ. પરિણામે કેટલાક રોગોમાં મૃત્યુનો દંડ સહન કરવો પડે છે.

એક્લેમ્પશિયા આવો રોગ છે. એનું શરૂઆતનું ચિહ્ન વજનનો અસાધારણ વધારો કે શરીરમાં પાણીનો ભરાવો છે. સગર્ભાવસ્થામાં વજન તો વધે પણ એનો ઘણો વધારો અગર તો કોક મહિનામાં ઝડપી વધારો ચોંકાવનારો છે. મુશ્કેલી એ છે કે સગર્ભાવસ્થામાં વજન કરાવવાની જરૂરિયાત આપણે સ્વીકારી જ નથી. બાકી વૈદકશાસ્ત્ર તો કહે છે કે દર અઠવાડિયે અરધાથી એક રતલ વજન અને સગર્ભાવસ્થામાં કુલ્લે વીસ રતલથી વધારે વજન વધવું ન જોઇએ. પણ આ દરમિયાન કોક ગાળામાં ઝડપી અને ઓચિંતું વજન વધે એ એક્લેમ્પશિયા રોગની ચેતવણી રૂપ છે.

સગર્ભાવસ્થામાં પગમાં પાણી ભરાવું સામાન્ય લેખવામાં આવે છે. અશક્તિના કારણરૂપ લેખી એની અવગણના કરવામાં આવે છે. પણ ધ્યાનમાં રાખવાનું છે કે આ સોજા સગર્ભાવસ્થાની ઝેરી અસરોનું દેખીતું ચિહ્ન પણ હોઈ શકે. શરૂઆતમાં દિવસના છેડે પગે સોજા દેખાય છે. પછી તે ફેલાવો પામી હાથપગ, મોં, પેટ અને યોનિ પર આવે છે. આ વખતે દાક્તરી તપાસ કરાવવામાં આવતાં પેશાબમાં આલ્બ્યુમિન દેખાય છે, જે આ રોગની સૂચક નિશાની છે.

કોઈ વાર લોહીના ઊંચા દબાણનાં ચિહ્નો થઈ આવે છે. માથું ભારે રહે, માથાનો દુખાવો, ચક્કર, ઊબકાઊલટી, ગભરામણ, હૃદયના ધડકારા, અનિદ્રા, અશક્તિ વગેરે એનાં ચિહ્નો છે.

શરીરનું વજન ઝડપથી વધવું કે શરીરમાં પાણી ભરાઈ સોજા ચડી આવે કે લોહીના ઊંચા દબાણનાં કોઇ ચિહ્નો દેખા દે કે તરત દાક્તરી તપાસ કરાવવી જોઇએ.

ખોરાક અને રોગને સંબંધ હોવાનું જાણવામાં આવ્યું છે. પહેલા વિશ્વયુદ્ધ વખતે જર્મનીમાં સગર્ભા સ્ત્રીઓના ખોરાકમાંથી પ્રોટિન (માંસ) અને ચરબીતત્ત્વવાળા ખોરાકનો થોડો ઘટાડો થવાથી એક્લેમ્પશિયાના પ્રમાણમાં ૫૦ ટકાનો ઘટાડો થયો હતો. માંસની અછતને લીધે પ્રજા વધારે પ્રમાણમાં શાકાહાર લેતી થયેલી. આ આહારમાં વિટામિન બીનું પ્રમાણ વધારે આવતું હોવાથી રોગનું પ્રમાણ ઘટ્યું હતું. બીજા વિશ્વયુદ્ધ વખતે ઇંગ્લંડમાં આ રોગનું પ્રમાણ ઘટેલું, કારણ કે પ્રજાને ખોરાક ઘણો ઓછો કરવો પડેલો. પણ રાજ્ય તરફથી સગર્ભાઓને યુક્તાહાર આપવાની યોજના હતી. યુક્તાહારના અભાવે આ રોગ આવી પડવા સંભવ છે. મદ્રાસની સ્ટેનલી મેડિકલ કૉલેજના પ્રો. ડૉ. પી. માધવન લખે છે: 'હિંદમાં એક્લેમ્પશિયાનું પ્રમાણ વધારે હોવું એ આશ્ચર્યજનક નથી, કારણ કે ૨૦ લાખ રાતા કણો (તંદુરસ્તીમાં એનું પ્રમાણ ૪૫ લાખનું છે) અને ૪૦ થી ૫૦ ટકા હિમોગ્લોબિન-(તંદુરસ્તીમાં એનું પ્રમાણ ૮૦ થી ૧૦૦ ટકાનું છે)ની દેહશક્તિ ધરાવતી આપણી સ્ત્રીઓ છે.' ગર્ભાવસ્થા પહેલાં વિટામિનો અને ક્ષારોની ઊણપવાળી સ્ત્રીઓને આવો રોગ થાય એમાં નવાઈ પણ શું?

સગર્ભાવસ્થામાં માતાના શરીરમાં નવા જીવની રચના થાય છે. એ નવા રચાતા શરીરના બંધારણ માટે આવશ્યક દ્રવ્યો માતાના લોહીમાંથી પ્રાપ્ત થાય છે. ગર્ભાવસ્થાના છેલ્લા ત્રણ માસમાં બાળક

ના કુલ વજનના ૭૦ ટકા, ૨/૩ ભાગનું કૅલ્શિયમ, ૪/૫ ભાગનું લોહ અને ૭ ટકા ચરબી એકઠાં થાય છે. લોહ અને કૅલ્શિયમ માટે ગર્ભસ્થ બાળકની ખાસ માગ હોય છે. ઉપરાંત માતાના ખોરાકમાંથી એમાઈનો, એસિડો અને વિટામિનો મેળવે છે. ગર્ભના બંધારણનાં બધાં દ્રવ્યો માતામાં લોહીમાંથી પ્રાપ્ત થાય છે. આહારમાં આની ઊણપ હોય તો માતાના શરીરમાંથી તે ખેંચાય છે. માતાના શરીરમાંથી લોહનું પ્રમાણ ઘટતાં રક્તક્ષયની સ્થિતિ આવી પડે છે. માતાના આહારમાં પૂરતા પ્રમાણમાં પોષણદ્રવ્યો ન હોવાથી સગર્ભાવસ્થાના છેલ્લા ત્રણ માસમાં માતા અને બાળક બંને ગંભીર માંદગીના ભોગ બને છે. એક મત એવો છે કે માતાના આહારમાં પૂરતા પ્રમાણમાં વિટામિન બી૧ ન હોવાથી તે એકલેમ્પશિયાનો ભોગ બને છે.

આ સ્થિતિ નિવારવા માટે સ્ત્રીઓએ સગર્ભાવસ્થામાં રોજ સવા શેર દૂધ, આઠ અધોળ લીલોતરી શાકભાજી, ફળો અને વિટામિન એ ને ડી મેળવવા માટે ઘી લેવાં જોઇએ. ફળો અને શાકમાંથી લોહ તો દૂધમાંથી કૅલ્શિયમ મળે છે. આવો યુક્તાહાર હોય તો જ સ્ત્રીના શરીરને હાનિ પહોંચ્યા વિના ગર્ભસ્થ બાળકનો સારો વિકાસ થાય છે.

બીજી જરૂરિયાત સેલ્યુલોઝવાળા ખોરાકની છે: ભીંડા અને કૉબિજના શાકમાં ચાવ્યા પછી જે કૂચા રહે છે એ સેલ્યુલોઝ છે. ખૂબ ચાળ્યા વગરના ઘઉંના લોટમાં અને શાક માત્રના આહારમાં છેવટે કૂચા (fibre) તો રહે છે. જેમના ખોરાકમાં આવા કૂચા ઓછા રહે છે તેમને બીજાં કરતાં ઉગ્ર એકલેમ્પશિયા થઈ આવે છે. દક્ષિણ હિંદમાં એકલેમ્પશિયા વધારે છે કારણ કે ત્યાં મિલછડનાં ચોખા અને મેંદાના લોટનો આહાર છે. ઇન્ડોનેશિયામાં સગર્ભાવસ્થાની વિષમયતા નજીવી છે કેમકે ત્યાંનો ખોરાક હાથછડના ચોખા, કંદમૂળ, મકાઈ અને લીલોતરી શાકભાજીનો, સેલ્યુલોઝથી ભરપૂર છે. બીજા વિશ્વયુદ્ધ વખતે હૉલન્ડ અને બેલ્જિયમમાં રેશન ઓછું અને કંદમૂળનું હતું ત્યારે ત્યાં એકલેમ્પશિયાનું પ્રમાણ ઘટેલું હતું. ખોરાકની છૂટ થતાં કાર્બોહાઇડ્રેટ (લોટ, ચોખા, ખાંડ) પદાર્થોનું પ્રમાણ વધવાથી ફરી આ રોગનું પ્રમાણ વધી પડ્યું છે.

સગર્ભા સ્ત્રીઓ માટે યુક્તાહાર નીચે મુજબનો છે :

લોટ ૩ નવટાંક	દૂધ ૮ નવટાંક	ફળો ૨ નવટાંક
હાથછડના ચોખા ૩ નવ.	તેલ અધોળ	
તુવેર કે મગની દાળ ૧ નવ.	ઘી દોઢ અધોળ	
માંસ-મચ્છી ૧ નવટાંક	બટાટાં, કંદમૂળો, શીંગો વગેરે ૪ નવટાંક	
	લીલોતરી શાકભાજી ૪ નવટાંક	

હિંદમાં દર વરસે સુવાવડમાં બે લાખ સ્ત્રીઓ મરણ પામે છે. અને દર હજાર બાળકોમાંથી ૪૫૧ બાળકો પ્રથમ વર્ષમાં જ મરણ પામે છે. આ હકીકત આપણી આંખ ઉઘાડવા માટે પૂરતી છે. આ પરિસ્થિતિ પાછળ સ્ત્રીઓની શારીરિક ને માનસિક તંદુરસ્તીની ઊણપ કારણભૂત છે.

એકલેમ્પશિયા પ્રથમવારની સગર્ભાવસ્થા વખતે થાય છે. રોગનો ઊથલો ખાતો નથી પણ બીજી સગર્ભાવસ્થા વખતે ૬૦ ટકા રોગીઓને સગર્ભાવસ્થાની વિષમયતાનાં ચિહ્નો થઈ આવે છે. તાણો દરમિયાન કે પછી પ્રસૂતિની પીડા શરૂ થાય છે. જો પ્રસૂતિ શરૂ ન થાય તો ગર્ભાવસ્થાનો અંત આણવા પગલાં લેવાં પડે છે. વખતસર અને યોગ્ય સારવારથી રોગ કાબૂમાં આવી જાય છે. નીચે જણાવેલાં કારણોમાંથી કોઈ પણ બે કારણો સાથે હોય તો રોગની ઉગ્રતા જાણવી : (૧) દસથી વધારે તાણ કે આંકડી, (૨) બે આંકડી વચ્ચે ભાન ન આવવું, (૩) ૧૦૦ અંશ ઉપરાંતની શરીરની ગરમી, (૪) શરીર પર સોજા ન હોવા અને (૫) પેશાબ ન થવો.

ઉપરાછપરી તાણો યોગ્ય સારવારથી કાબૂમાં આવે છે ને મૃત્યુનો ભય નિવારી શકાય છે. તાણો કાબૂમાં ન આવતાં હૃદય થાકવાથી રોગી મૃત્યુ પામે છે.

ઘેનનાં ઇન્જેક્ષન, ઑક્સિજન, નસમાંથી લોહી કાઢવું, ગ્લુકોઝનાં ઇન્જેક્ષન વગેરે સારવારની રીતો છે. સારવાર લખવાનું આ સ્થાન નથી. રોગ થવાનાં કારણો અને રોગોની પ્રાથમિક માહિતી વાંચી, વાચકોને રોગો નિવારવા માટે સજાગ બનાવવાની આ લેખમાળાની નેમ છે. કેટલાયે ઉગ્ર રોગોનાં શરૂઆતનાં ચિહ્નો એવાં તો મામુલી પણ સૂચક હોય છે કે જો એનો ખયાલ રાખવામાં ન આવે તો એની ભયાનકતા અને પ્રાણઘાતકના પંજામાં ઝડપાઈ જવાય છે. જો આ સમયે આગમચેતીનાં પગલાં લેવાય તો રોગનો ભય સહજમાં દૂર થાય છે. તંદુરસ્તીની સાવચેતીનાં પગલાંને વહેમ ગણી હસી કાઢવાની અજ્ઞાન વૃત્તિનાં ઠેર ઠેર દર્શન થાય છે, પણ જ્યારે આગમચેતીના કારણે રોગની ભયાનક યાતનામાંથી ઊગરી જવાય છે ત્યારે જ્ઞાનનો મહિમા ઘણો વધી જાય છે.

પ્રદર

સ્ત્રીઓમાં બીજો વધુ વ્યાપક રોગ તે પ્રદર. જોકે હકીકતે પ્રદર એ રોગ નથી પણ ઘણા રોગોનું ચિહ્ન છે. પ્રદર (Leucorrhœa) એટલે સામાન્યરીતે થતા યોનિસ્રાવનો વધારો. જમાનાજૂની સ્ત્રીઓની આ રોજિંદી ફરિયાદ દસ વર્ષની કન્યાથી માંડીને તે પાંસઠ વર્ષની વૃદ્ધાને સ્થાનિક પીડા અને માનસિક ત્રાસ આપનારી છે.

યોનિ (vagina) અને ગર્ભાશયમુખ(cervix)માંથી સામાન્યરીતે સ્રાવ થયા કરે છે. યોનિની દીવાલોને ભીની રાખવા પૂરતો થતો આ ચીકણો સ્રાવ, નથી યોનિની બહાર આવતો કે નથી કોઈ પ્રકારનો દાહ(irritation) ઉપજાવતો. એ થતો અટકે છે તાવ કે એવી માંદગીમાં એનો રંગ ધોળો કે રાખોડિયા ધોળો હોય છે. એ થોડો આમ્લિક (acidic) હોય છે, જેથી જીવાણુઓના ચેપ સામે કુદરતી રક્ષણ મળે છે.છતાં બાળપણમાં ને અડકાવ બંધ થયા પછી યોનિની પાતળી આંતરત્વચા ચેપનો ભોગ થઈ પડે છે. અડકાવ, પ્રસૂતિ અને કસુવાવડ પછી યોનિસ્રાવની અમ્લતા ઘટવાથી જીવાણુઓનો ચેપ જલદી લાગુ પડે છે.

બારથી ચૌદ વર્ષે શરૂ થતા યૌવનારંભે યોનિસ્રાવ વધે છે. ચડ્ડી કે ચણિયા ઉપર ડાઘા પડે છે. આવી રીતે અડકાવ પહેલાં અને સગર્ભાવસ્થા વખતે પણ યોનિસ્રાવ વધે છે. લાંબી માંદગી, કંટાળા ભરેલી મુસાફરી કે સગાની લાંબી માંદગીની શુશ્રૂષા વખતે આવી પડેલા બંધકોષને લીધે પણ સ્રાવ વધે છે. પણ દેહની ક્રિયાઓ અંગે આ સ્વાભાવિક હોઇ એનાથી ગભરાવાની કે એની દવાની કોઈ જરૂરત નથી.

અશક્તિ, રક્તક્ષય, અપૂરતું પોષણ વગેરે કારણોને લીધે પ્રદર થાય છે. આ રોગ થવાનું બીજું કારણ ચેપ છે. પરમિયાના ચેપને લીધે પણ પ્રદર થાય છે. મોટી વયની સ્ત્રીઓમાં ટ્રિકોનોમા (Trichonoma) જીવાણુઓના ચેપને લીધે પ્રદરનો સ્રાવ વધી પડે છે. આ પ્રકારનો પ્રદર અતિ સામાન્ય છે. સ્રાવ પાણી કે પરુ જેવો ને ફીણ ભરેલો હોય છે અને પુષ્કળ દાહ ઉપજાવે છે. ખજવાળને લીધે રોગીની રાતની ઊંઘમાં પણ ખલેલ પડે છે. સગર્ભા કે મધુપ્રમેહના રોગવાળી સ્ત્રીઓને મૉનીલિયા (Monilia) ફૂગનો ચેપ લાગવાથી પ્રદર થઈ આવે છે. આ વખતે વધેલા સ્રાવની અસરને લીધે પુષ્કળ ખજવાળ ઊપડે છે. ગર્ભાશયને સીધું રાખવા માટે પેસરી વાપરતાં ઊપજેલાં દાહને લીધે યોનિમાં ઘારાં અને પ્રદર થાય છે. આ સ્રાવ દુર્ગંધ મારતો હોય છે. કદીક અડકાવ વખતે વાપરેલું ટૅમ્પુન (પૂમડું) અંદર રહી જવાથી યે પણ પ્રદર થઈ આવે છે; આ માટે વપરાતાં ગંદાં [અનુ. પૃ. ૧૧૦મે]

તોલમાપમાં દશાંશ પદ્ધતિ

આજથી બે હજાર વર્ષ પહેલાં દસ કરતાં મોટી રકમના આંકડા સાથે કામ પાડવું એ એક કોયડો હતો. I, V, X, L, C, વગેરે રોમન આંકડાઓના સરવાળા-ગુણાકાર કરવામાં ઘણી જ અગવડ પડતી. મિસરમાં ૨૮ નો આંકડો 333333 (છત્રગડા) લખીને દર્શાવાતો!

પણ ઇસ્વી સનના પહેલા સૈકામાં ભારતીય ગણિતજ્ઞોએ દસ જુદા જુદા પ્રતીકો (આંકડા) દ્વારા તમામ પ્રકારની સંખ્યા દર્શાવવાની એક નવી જ પદ્ધતિ શોધી કાઢી, જે આજે સંખ્યા લખવા-ગણવા માટે વિશ્વવ્યાપી બની ગઇ છે. આ જ પદ્ધતિ તોલ અને માપના ક્ષેત્ર સુધી વિસ્તરીને એમાંથી 'મૅટ્રિક'-દશાંશ પદ્ધતી નીપજી ને આજે દુનિયાના લગભગ પોણા ભાગમાં પ્રચલિત થઈ ગઈ છે.

પણ આ મૅટ્રિક પદ્ધતિ અમલમાં આવી તે દરમિયાનમાં દુનિયાનાં રાષ્ટ્રોમાં તોલમાપ ને ચલણમાં કેટલા યે પ્રકારો વિકસી ચૂકેલા જેમાંના કેટલાકનો તો ઇતિહાસ પણ રસિક છે.

ચૌદમા સૈકામાં ઇંગ્લન્ડના રાજા હેન્રી પહેલાએ પોતાના નાકના ટેરવાથી હાથના અંગૂઠાના છેડા સુધીના માપને યાર્ડ-વારની સત્તાવાર લંબાઇ ઠેરવી. એકાદ સૈકા પછી રાણી ઇલિઝાબેથે અમુક રવિવારને દિવસે દેવળમાંથી બહાર નીકળેલા માણસોમાંથી ૧૬ માણસોને એક બીજાની પાછળ, સૌના ડાબા પગ પોતાની પાછળના માણસના ડાબા પગને અડે એ રીતે ઊભા રાખી એ ડાબા પગોની લંબાઇને 'રોડ'નું સત્તાવાર માપ ઠેરવ્યું અને એના સોળમા ભાગને 'ફૂટ.'

અને આપણે પણ વધુમાં વધુ જ્યાં સુધી માણસની બૂમનો અવાજ પહોંચે ત્યા સુધીના અંતરને 'કોશ' તથા ઘોડા બદલ્યા વિના જ એક રથ જેટલે સુધી જઈ શકે તેટલા અંતરને 'યોજન' તરીકે ઠેરવેલા! જવના ત્રણ દાણાને હારબંધ ગોઠવતાં થતી લંબાઇને રોમનોએ ઇંચ ઠેરવેલો. અને આમ, શરીરનાં અંગો, અનાજના કણ વગેરે ઉપરથી માણસોએ ફૂટ, હાથ, બલિષ્ટ, આંગળ, કૅરેટ, ચેઈન વગેરે માપ નક્કી કરેલાં પણ આ બધાંને આધારભૂત કઈ રીતે ગણી શકાય? ચલણમાં પણ પાઉન્ડ, શિલિંગ, પેન્સ અને રૂપિયા, આના, પાઈના દાખલા ગણવામાં કેટલી માથાફૂટો પડે છે એનો તો સૌને અનુભવ છે જ આજે અનેક ક્ષેત્રે આગળ વધેલી દુનિયામાં તો આવી અસમાનતાને લીધે અનેક ગણી અડચણો ઊભી થાય છે. આ માટે તોલ માપનાં ધોરણો એકસરખાં કરવાના ફાયદા વિચારીને અને રાષ્ટ્રીય એકતા સાધવામાં તેમની ઉપયોગિતાનો ખયાલ કરીને જગતના ઘણા દેશોની પેઠે આપણી સરકારે પણ દશાંશ પદ્ધતિ અપનાવવાનો વિચાર કર્યો છે, અને તેના જ પ્રથમ પગલા તરીકે આવતા એપ્રિલથી આપણે ત્યાં દશાંશ ચલણ શરૂ થવાનું છે એ સૌ કોઈ જાણે છે.

તોલ-માપની દશાંશ પદ્ધતિનો સૌ પ્રથમ અમલ ફ્રાંસમાં થએલો. એ દેશની મહાન રાજકીય ક્રાંતિ વખતે લંબાઈ અને વજનનાં એકમો રાજાશાહીની કોઈ પણ પરંપરા વિનાનાં તથા તદ્દન સ્વતંત્ર અને સરળ કરવા માટે ત્યાંના વૈજ્ઞાનિકોએ નવો રસ્તો કાઢ્યો. જેમાં કોઈ પણ જાતના ફેરફારને અવકાશ ન હોય તેવું લંબાઈનું પ્રાકૃતિક માપ નક્કી કરવા માટે તેમણે પૃથ્વીને જ મૂળ માપ તરીકે નક્કી કરી અને પૃથ્વીના અક્ષાંશગત પરીઘના ચાર ભાગ કરી, એક ચોથા ભાગના કરોડમાં ભાગનો 'મીટર' નામનો એક એકમ તૈયાર કર્યો. અને એ મીટરનો દસમો ભાગ એટલે ડેસીમીટર, સોમો ભાગ તે સેન્ટીમીટર અને હજારમો ભાગ તે મીલીમીટર એમ ઠરાવ્યું. આ મીટર શબ્દ સૌ પ્રથમ ત્યાંની 'નૅશનલ ઍકેડેમી'ની એક સમિતિના હેવાલમાં ૧૭૯૯માં વપરાયો. ફ્રાંસમાં તેનો વપરાશ શરૂ થયા પછી યુરોપના દેશોમાં પ્રસરી ને જતે દહાડે એ માપ લગભગ આંતરરાષ્ટ્રીય દરજ્જે પહોંચી ગયું.

જીવનના ત્રણ પ્રકારના વ્યવહારમાં ગણત્રીની જરૂર પડે છે. વજન, કદ અને લંબાઇ એ ત્રણે વચ્ચે એકવાક્યતા રાખવા માટે 'મીટર'ના આધાર ઉપર જ બાકીનાં બેના ધોરણ નક્કી કરવામાં આવ્યાં. એક-એક ડેસી મીટરવાળી બધી બાજુઓ ધરાવતો એક ઘન (ક્યુબ) જેટલું પ્રવાહી સમાવી શકે એ સમાવેશ શક્તિ (કૅપૅસિટી) એટલે એક 'લીટર' એવો માપનો એકમ નક્કી કરવામાં આવ્યો. અને એ માપમાં જેટલું પાણી સમાયું તેટલા પાણીને જોખીને એ વજનના એકમને કીલોગ્રામ એવું નામ આપ્યું. એ અસલ (સ્ટૅન્ડર્ડ) કીલોગ્રામનું કાટલું તે પ્લૅટિનમ ધાતુનો એક નળાકાર સિલિન્ડર છે. એની ઊંચાઈ અને વ્યાસ એક જ સરખાં માપનાં એટલે કે ૩૯ મીલીમીટર છે. તે 'કિલોગ્રામ દ આર્શિવ' ને નામે ઓળખાય છે અને તે વજન માટેનું આંતરરાષ્ટ્રીય ધોરણ ગણાય છે. એ મૂળ 'કિલોગ્રામ દ આર્શિવ' તથા મૂળ 'મીટર' એ બન્ને માપિયાંને તોલમાપ વિષયક આંતરરાષ્ટ્રીય સંસ્થા 'ઇન્ટર નેશનલ બ્યુરો ઑવ વેઇટ્સ ઍન્ડ મેઝર્સ'ના પારિસના સંગ્રહાલયમાં જાળવી રાખવામાં આવ્યાં છે. ૧૭ દેશોએ જેમાં સહી કરી છે એવા એક કરાર વડે આ સંસ્થા અમલમાં આવી છે. એ 'મીટર' અને 'કિલોગ્રામ'ને સૌ પ્રથમ ૧૦મી ડિસેમ્બર ૧૭૯૯ ના દિને કાયદાની મંજુરી મળીને મૅટ્રિક પદ્ધતિનો જન્મ થયો. આ પદ્ધતિના નિર્માતાઓની ક્રાંતદર્શિતાને અંજલિ આપવી ઘટે છે. કારણ કે તેમણે પોતાના કાર્યને એક એવા કાર્ય તરીકે વર્ણવ્યું હતું કે જેના લાભો કોઈક દિવસે આખી દુનિયાને પ્રાપ્ત થાય. દુનિયાએ તેમણે ધાર્યા કરતાં પણ વહેલો પ્રત્યુત્તર વાળ્યો છે. સો વર્ષમાં જ ૪૩ જેટલા દેશોએ પોતપોતાની તોલમાપ-માપની પદ્ધતિઓને બદલે મૅટ્રિક પદ્ધતિ દાખલ કરી છે. અને હજી બીજા વધુ દેશો આમાં જોડાતાં જાય છે.

આપણે પણ ચલણ અને તોલમાપમાં એકવિધતા લાવવા ધીમે ધીમે સમગ્ર દેશમાં એક સરખી રીતે એ મેટ્રિક પદ્ધતિ જ દાખલ કરવાનું વિચાર્યું છે. કેમકે આજ તો (એવો અંદાજ કઢાયો છે કે) વજન લંબાઈ, કે કદ માપવા માટે આપણે ત્યાં જુદીજુદી લગભગ ૧૫૦ જેટલી પદ્ધતિઓ પ્રચલિત છે. વજનના તોલ અંગેની અરાજકતાનો અનુભવ તો સર્વસામાન્ય છે. મુંબઇમાં જુઓ તો ૨૮ રતલનો મણ (ક્વાર્ટર) અને લગભગ ૮૨ રતલનો બંગાળી મણ એકસાથે રાજ કરે છે. ગુજરાતમાં કેટલેક ઠેકાણે મણ એટલે ૪૦ શેર સમજવાના, જ્યારે ઉત્તર હિંદમાં મણ એટલે બંગાળી મણ. આવી જ રીતે વળી શેરનાં તોલાં ઠેકઠેકાણે જુદાંજુદાં છે. એક અંદાજ પ્રમાણે તો ૮ થી ૧૬૦ તોલા સુધીનાં જુદા જુદા શેર દેશમાં અમલમાં હોવાનું જણાવાય છે! તોલમાપની આ વિચિત્ર વિવિધતાથી મોટા ભાગની જનતાને ઘણા પ્રકારની અગવડો ભોગવવી છે.

લંબાઈના માપ અંગે પણ જુદા જુદા વિભાગોમાં જુદી જુદી પદ્ધતિઓ છે. જમીનની માપણી અંગેની વિવિધતા તો સર્વવિદીત છે. વાસ્તવમાં તો લંબાઈના માપ અંગેની વિવિધતા તો તોલની વિવિધતાં કરતાં પણ વધુ મુશ્કેલી ઊભી કરે છે.

તોલ-માપના ક્ષેત્રે પ્રવર્તતી આ અસમાનતા ને વિવિધતા નાબૂદ કરવાની જરૂરીઆત આજે વર્ષોથી કબૂલાતી રહી છે અને હવે ભારત

૧૦ મીલીમીટર	=૧ સેન્ટીમીટર
૧૦ સેન્ટી ,,	=૧ ડેસી ,,
૧૦ ડેસી ,,	=૧ મીટર
૧૦ મીટર	=૧ ડેકામીટર
૧૦ ડેકમીટર	=૧ હેક્ટો ,,
૧૦ હેક્ટો ,,	=૧ કિલો ,,

૧૦ મીલીલીટર	=૧ સેન્ટીલીટર
૧૦ સેન્ટી ,,	=૧ ડેસી ,,
૧૦ ડેસી ,,	=૧ લીટર
૧૦ લીટર	=૧ ડેકાલીટર
૧૦ ડેકાલીટર	=૧ હેક્ટો ,,
૧૦ હેક્ટો ,,	=૧ કિલો ,,

૧૦ મીલીગ્રામ	=૧ સેન્ટીગ્રામ
૧૦ સેન્ટી ,,	=૧ ડેસી ,,
૧૦ ડેસી ,,	=૧ ગ્રામ
૧૦ ગ્રામ	=૧ ડેકાગ્રામ
૧૦ ડેકાગ્રામ	=૧ હેક્ટો ,,
૧૦ હેક્ટો ,,	=૧ કિલો

આ કોષ્ટકોનો સબંધ આપણા ચાલુ માપ સાથે સમજવા માટે એ યાદ રાખીએ કે ૧ મીટર એટલે લગભગ એક વાર, ૧ કીલોગ્રામ એટલે લગભગ એક શેર ને એક લીટર એટલે લગભગ એક પ્રવાહી શેર. હવે દસ ઘટકની આ પદ્ધતિ સાથે આજની પદ્ધતિ જરા સરખાવો :

૫ તોલા	=૧ છટાંક(નવટાંક)
૧૬ છટાંક	=૧ શેર
૪૦ શેર	=૧ મણ
૮૨ શેર	=૧ મણ

૩ તોલા	=૧ પાલમ
૮ પાલમ	=૧ શેર
૫ શેર	=૧ વીસ
૮ વીસ	=૧ મણ

૧૬ ઔંસ	=૧ પાઉન્ડ
૨૮ પાઉન્ડ	=૧ ક્વાર્ટર
૪ ક્વાર્ટર	=૧ હન્ડ્રેવેટ
૨૦ હન્ડ્રેવેટ	=૧ ટન

સરકારે આ દિશામાં સક્રિય પગલાં ભરવા માંડયાં છે. હાલની યોજના પ્રમાણે આ અતિ જરૂરી પગલું ૧૯૫૮ના એપ્રિલની પહેલીથી શરૂ થઈ જશે. અને વધુમાં વધુ દસ વર્ષમાં સમસ્ત દેશમાં એક જ નવી પદ્ધતિ મેટ્રિક પદ્ધતિ પ્રમાણે વ્યવહાર ચાલતો થઈ ગયો હશે.

ઉપર જણાવ્યું તેમ લંબાઈના એકમ (ઘટક) 'મીટર' ઉપરથી તેનું નામ 'મૅટ્રિક પદ્ધતિ' પડયું છે, અને તેમાં લંબાઈ માટે મીટર, પ્રવાહી માપ માટે 'લીટર' ને વજન માટે 'કીલોગ્રામ' એ ત્રણ મુખ્ય એકમો છે. તેની ગણતરીનું માળખું દસના સહેલા અંક પર રચાયું છે. એટલે કે ચઢતા તોલ માટે દસ વડે ગુણતાં જવાનું અને ઊતરતા તોલ માટે દસ વડે ભાગતાં જવાનું. તેમાં નાના એટલેકે ઊતરતા માપ માટે લાટીન ભાષાના ઉપસર્ગો લગાડેલા છે, જેમકે ડેસી (દસ), સેન્ટી (સો) અને મીલી (હજાર). એટલે કે ડેસીમીટર એટલે એક મીટરનો દસમો ભાગ, સેન્ટીમીટર એટલે મીટરનો સોમો ભાગ અને મીલીમીટર એટલે મીટરનો હજારમો ભાગ.

આ જ રીતે ચડતા માપ માટે ગ્રીક ઉપસર્ગો નક્કી કરેલા છે : ડેકા (દસ), હેક્ટો (સો) અને કિલો (હજાર). એટલે એમાં દસ મીટરને ડેકામીટર, સો મીટરને હેક્ટોમીટર અને હજાર મીટરને કિલોમીટર કહે છે, અને આ જ ઉપસર્ગો તોલ તથા માપને માટે પણ વપરાય છે. એક કીલોગ્રામ એટલે એક હજાર ગ્રામ; અને સેન્ટીગ્રામ એટલે એક ગ્રામનો સોમો ભાગ. એ જ રીતે ડેકાલીટર એટલે દસ લીટર, કીલો-લીટર એટલે હજાર લીટર, સેન્ટીલીટર એટલે લીટરનો સોમો ભાગ, અને મીલીલીટર એટલે લીટરનો હજારમો ભાગ. વધુ સ્પષ્ટતા માટે આ ગણતરીએ એ ત્રણેનાં કોષ્ટક જુદાં આપ્યાં છે.

આમાં સૌથી આગળ તરી આવતી વાત તે, એ કે ચડતા ઊતરતા માપ માટે એક બીજા સાથે કશો સંબંધ નહિ ધરાવતાં, ૫, ૧૬ અને ૪૦ તથા ૩, ૮, ૫, ૮ અને ૧૬, ૨૮, ૪, ૨૦ વગેરે આંકડા છે અને એનાં કોષ્ટક ગોખીને યાદ રાખવા પડે છે! જ્યારે નવી મૅટ્રિક પદ્ધતિ તમામ કોષ્ટક, પછી તે પૈસાનાં હોય, લંબાઇનાં હોય, કદનાં હોય કે વજનનાં હોય, ૧૦ના આંકડા પર એકસરખી રીતે રચાએલાં છે. રૂપિયો=૧૦૦ નયા પૈસા. ૧ મીટર=૧૦ ડેસીમીટર=૧૦૦ સેન્ટી-મીટર=૧૦૦૦ મીલીમીટર. ૧ લીટર=૧૦ ડેસીલીટર=૧૦૦ સેન્ટી-લીટર=૧૦૦૦ મીલીલીટર. ૧ કિલોગ્રામ=૧૦ હેક્ટોગ્રામ=૧૦૦ ડેકા-ગ્રામ=૧૦૦૦ગ્રામ વગેરે. વળી તેમાંના દશાંશનાં ધોરણને કારણે આપણે અપૂર્ણાંકને ટાળી શકીએ છીએ અને નીચલા માપોમાં કોઇ પણ જથ્થો સંપૂર્ણ એકમોમાં વ્યક્ત કરી શકીએ. એ ઉપરાંત આ દશાંશ ગણતરીનો મોટામાં મોટો ફાયદો તથા સરળતા તો તેના સરવાળા ગણવામાં થશે. ગમે તેટલી લાંબી રકમનો સરવાળો કરીને ડાબી બાજુથી ચિહ્ન મૂકી દીધું કે સરવાળો તૈયાર. દાખલા તરીકે નીચેના બે સરવાળા જુઓ :

૧૨૩-૧૩-૯	૨૫·૦૦
૪-૦-૬	૧·૯૮
૦-૧૧-૦	૦·૦૫
૦-૦-૩	૭૫·૬૧
૧૨૮-૯-૬	૧૦૨·૬૪

જોયું! પહેલા સરવાળામાં પાઈના સરવાળાને બારે ભાગી આના કરવા પડયા અને એ આના ઉમેરી આનાનો સરવાળો કરી તેના રૂપિયા કાઢવા ફરી સોળે ભાગ્યા. આવેલા રૂપિયા રૂપિયાના સરવાળામાં ઊમેર્યા ત્યારે સરવાળો પૂરો થયો. ત્યારે બાજુના બીજા સરવાળામાં જુઓ. રૂપિયા, પછી દશાંશચિહ્ન અને પછી નયા પૈસા. દશાંશચિહ્ન બરાબર એક બીજાની નીચે આવે એ જ જોવાનું. હવે કરો સરવાળો. જેમ સાદી રકમોનો કરીએ તેમ જ. અને આવેલા જવાબમાં જમણી બાજુથી બે આંકડા ગણી દશાંશચિહ્નનું ટપકું મૂકી દો. એટલે હિસાબ પૂરો. ફક્ત સરવાળા બાદબાકી કરી શકનાર પણ સહેલાઈથી ગણી શકે એવું સરળ છે.

આમ, તોલ-માપની આ નવી મૅટ્રિક પદ્ધતિ ઘણી જ સુગમ છે. ઉપરાંત બીજી અનુકૂળતા એ છે કે આજે બે તૃતીયાંશ કરતાં પણ વધુ ભાગની દુનિયાએ-૫૮ દેશોએ તે અજમાવી છે (જેમાં ચીન, જાપાન, ઇંડોનેશિયા, ઈરાન, રશિયા વગેરેનો સમાવેશ થાય છે). તેથી પરદેશો સાથેના નાણાંકીય સંબંધોમાં નવી અનુકૂળતા થશે.

ઈજનેરો અને વિજ્ઞાનના વિદ્યાર્થીઓ તો આજે પણ મૅટ્રિક પદ્ધતિનો જ ઉપયોગ કરે છે. આપણામાંના ઘણા એક કે બીજી રીતે એ પદ્ધતિથી પરિચિત પણ છીએ. આપણે રેડિયો પર કોઈ સ્ટેશન મીટર પર પકડીએ છીએ. ફોટોગ્રાફીમાં ૬×૬ સેન્ટીમીટરની કે ૬×૯ સેન્ટી-મીટરની લંબાઈની તસ્વીરો આપણે ખેંચીએ છીએ. રમતગમતની હરી-ફાઇઓ પણ મૅટ્રિક પદ્ધતિ મુજબ જ યોજાય છે. (દા.ત. ૧૦૦ મીટરની દોડ). આ પદ્ધતિ વિષે બોલતાં આપણા વડા પ્રધાને કહેલું કે 'એકંદરે આપણો દેશ રૂઢિચુસ્ત હોઈ તેનાં જૂના સ્થાપિત રિવાજો બદલવાનું કામ સહેલું નથી. પરન્તુ મને ખાતરી છે કે આ પદ્ધતિ અપનાવવાનો અમારો નિર્ણય દરેક દૃષ્ટિએ સાચો છે. વિજ્ઞાનીઓ, ટેકનીશિયનો અને અંકશાસ્ત્રીઓ માટે તો એ જ એકમાત્ર પદ્ધતિ છે. પરન્તુ સામાન્ય પ્રજાને પણ એ પદ્ધતિથી ઘણી રાહત અને સગવડ થશે.'

નવું દશાંશી ચલણ

આજ પદ્ધતિએ ચલણમાં પણ જેમાં એક સિક્કો બીજા સિક્કાથી ૧૦, ૧૦૦, કે ૧૦૦૦ ગણો મોટો કે નાનો હોય તે ચલણ પદ્ધતિ શુદ્ધ દશાંશ ચલણ પદ્ધતિ કહે છે. વ્યવહારની સરળતા ખાતર તેમાં વચ્ચેની કિંમતોના કેટલાક સિક્કાઓ પણ રાખી શકાય છે. આપણે પણ વચ્ચે ૨, ૫, ૨૫, અને ૫૦ પૈસાના સિક્કા રાખીને તેમ જ કરવાના છીએ અને આપણે સૌ જાણીએ છીએ તે મુજબ આવતી પહેલી એપ્રિલ (૧૯૫૭)થી દેશમાં એ નવા દશાંશી સિક્કા દાખલ થવાના છે. એમાં અત્યારના પાવલી અડધો અને રૂપિયાના સિક્કા (નવી પદ્ધતિ તેમ જ અત્યારની પદ્ધતિ બંને તળે) છે તેમ ને તેમ જ ચાલુ રહેશે.

આ દશાંશ પદ્ધતિ એટલી બધી સરળ છે કે પોતાનું ચલણ ધરાવનાર જગતના ૧૪૦ દેશોમાંથી ૧૦૫ દેશોએ તે અપનાવી છે. તેની સરળતા સમજવા માટે એકબે દાખલા લઇએ. ધારો કે એક રૂપિયાના જૂના પૈસા કેટલા એમ કોઈ પૂછે તો તરત કહી શકો કે ૬૪; પણ ૮૭ રૂપિયાના જૂના પૈસા કેટલા તે કહેવું હોય તો ૮૭×૬૪નો હિસાબ ગણ્યા વિના પત્તો ખાય નહિ: જ્યારે દશાંશ પદ્ધતિમાં તો એક રૂપિયા બરાબર ૧૦૦ નયા પૈસા લેખે તરત જ કહી શકાય કે ૮૭ રૂપિયાના ૮૭૦૦ નયા પૈસા. એ જ રીતે કમિશન અને દલાલીના હિસાબોમાં ૯ ટકા લેખે ૧ રૂપિયા પર કમિશન નવ નયા પૈસા અને પાંચ ટકા લેખે ૫ નયા પૈસા થાય તે તરત જ કહી શકાય. વ્યાજ, નફાતોટા અને ડિસ્કાઉન્ટના હિસાબોમાં પણ આ રીતે પારાવાર સરળતા આવી જાય છે. એટલે જ રિઝર્વબેન્ક, આયોજનપંચ, વ્યાપારી મંડળો, વગેરેની સલાહ લઇને સરકારે એપ્રિલથી દશાંશ ચલણ દાખલ કરી દેવાનો નિર્ણય કર્યો છે.

પરંતુ શરૂઆતમાં આ બધા જ નવા સિક્કાઓ ચલણમાં મુકાશે નહિ. માત્ર ૧, ૨, ૫, અને ૧૦ નયા પૈસાના સિક્કા જ પ્રથમ ચાલુ કરવામાં આવશે. ૨૫ અને ૫૦ નયા પૈસાના તથા ૧૦૦ નયા પૈસાનો રૂપિયો, એ ત્રણ પાછળથી મુકાશે. વળી નયા સિક્કાઓની કિંમતથી લોકો બરાબર ટેવાઈ જાય એટલા માટે ત્રણ વર્ષ સુધી હાલનું ચલણ પણ સાથે ચાલુ રાખવામાં આવશે. એટલે ૧લી એપ્રિલ પછી હાલના ચલણને કાઢી નાખવાની દોડધામમાં પડવાની કોઈ જરૂર નથી. ત્રણ વર્ષ પછી જૂનું ચલણ ધીમેધીમે પાછું ખેંચી લેવામાં આવશે, જેમાં બેઆના તથા તેથી ઓછી કિંમતના સિક્કા પહેલા પાછા ખેંચાશે. પછી રફતેરફતે જ્યારે ચલણમાં ફક્ત રૂપિયા અને નયા પૈસા જ રહેશે, ત્યારે નયા પૈસા ફક્ત 'પૈસા' તરીકે ઓળખાશે.

નવું ચલણ દાખલ થયા પછી હાલની કેઈપણ ચલણી નોટો, તેમ જ હાલના રૂપિયા, અર્ધા રૂપિયા કે પા રૂપિયાની કિંમતમાં બિલકુલ તફાવત પાડવાનો નથી. વળી પા રૂપિયાથી નીચેની કિંમતના હાલનાં સિક્કાઓ- (એટલે કે ૨ આના, ૧ આનો, ઢબુ, પૈસા, અને પાઇ)ની કાયદેસરની કિંમતમાં પણ કોઈ ફેરફાર કરવામાં આવ્યો નથી. માત્ર આનાની કિંમતના સિક્કાઓની નયા પૈસા સામે ફેરબદલી કરતી વેળા સહેજસાજ તફાવત પડશે. અમારા ૧ રૂપિયાના દોકડાને હિસાબે આપણે ત્યાં જે દોકડાઓ ચાલતા તે અને નયા પૈસા કિંમતમાં તદ્દન બરાબર છે. તે હિસાબે એક આનાના ૬ા નયા પૈસા, બે આનાના ૧૨ા નયા પૈસા અને ત્રણ આનાના ૧૮ાા નયા પૈસા થાય. ા, ાા કે ાાા નયા પૈસાના સિક્કા તો છપાવાના નથી, એટલે લેવડદેવડની સરળતા ખાતર એમ ઠરાવ્યું છે, કે જ્યારે નાણાની ખરેખરી આપ-લે કરવાની હોય ત્યારે હિસાબમાં ાા નયા પૈસાની અથવા તેથી ઓછી રકમ થતી હોય તો તે જતી કરવી પરંતુ ાા નયા પૈસાથી સહેજ પણ વધુ રકમ થતી હોય તો તે ૧ આખો નયો પૈસો ગણી લેવો. આ નિયમ મુજબ ૩ આનાની ૧૮ાા ને બદલે ૧૯ નયા પૈસા, ૨ આનાના ૧૨ા ને બદલે ૧૨ નયા પૈસા ને ૧ આનાના ૬ા ને બદલે ૬ નયા પૈસા ચૂકવવા. પણ ૪ આનાથી મોટી રકમને દશાંશ ચલણમાં ફેરવવી હોય ત્યારે તેમાંથી ૪ આના જેવડા ભાગોને પ્રથમ નયા પૈસામાં ફેરવી લેવા જોઇએ. ૬ આનાના નયા પૈસા કેટલા એ કહેવું હોય તો ૧ આનાના ૬ નયા પેસા માટે ૬ આનાના ૩૬ ગણવા નહિ, પરંતુ ૬ આનામાંથી પ્રથમ ૪ આનાના ૨૫ નયા પૈસા ગણી, તેમાં બાકીના બે આના બરાબર ૧૨ નયા પૈસા ઉમેરી ૩૭ નયા પૈસા ગણવા જોઇએ. આ મુજબનું 'રૂપાંતર-કોષ્ટક' આ સાથે આપ્યું છે.

નામું લખતી વેળા એક ખાસ બાબત લક્ષમાં રાખવાની રહેશે. ૧ નયો પૈસો, એ ૧ રૂપિયાના ૧૦૦મો ભાગ છે. એટલે ધારો કે એક રૂપિયો અને ૨ નયા પૈસાની રકમને હિસાબમાં લખવી હોય તો ૧ રૂપિયાના આંકડા પછી દશાંશ ચિહ્ન મૂક્યા બાદ એક મીંડુ લખીને પછી જ બેનો આંકડો લખવો જોઇએ આમ: ૧.૦૨. મતલબ કે નયા પૈસાની રકમ ૧૦ કરતાં ઓછી હોય તો તેની ડાબી બાજુએ દશાંશ ચિહ્ન મૂકતી વેળા, દશાંશ ચિહ્ન અને પૈસાના અંક વચ્ચે એક મીંડુ મૂકવાનું ભૂલવું



ઉપરના નવા અને હાલના ચાલુ એમ બન્ને સિક્કાઓ ચાલશે.

અડધા નયા પૈસા કે એથી ઓછી રકમ થતી હોય તો જતી કરવી. અડધા નયા પૈસાથી સહેજ પણ વધુ રકમ થાય તો બીજો આખો નયો પૈસો ઉમેરવો.

દાખલા તરીકે ૧ રૂપિયાના ૧૦૦ નયા પૈસાને હિસાબે ૧ આનાના ૬ા પૈસા થાય તેને બદલે ૬ ગણવા; ૨ આનાના ૧૨ા ને બદલે પણ ૧૨ ગણવા. પણ ૩ આનાના ૧૮ાા થાય એટલે ૧૯ નયા પૈસા ગણવા. જૂના આનાને હિસાબે નવા સિક્કાઓનું આવું રૂપાંતર કેમ કરવું તેની ગણતરીનો સંપૂર્ણ કોઠો આ નીચે આપ્યો છે

આના	પાઈ	નયા પૈસા	આના	પાઈ	ન.પૈ.	આના	પાઈ	ન.પૈ.	આના	પાઈ	ન.પૈ.
૦	૩	૨	૪	૩	૨૭	૮	૩	૫૨	૧૨	૩	૭૭
૦	૬	૩	૪	૬	૨૮	૮	૬	૫૩	૧૨	૬	૭૮
૦	૯	૫	૪	૯	૩૦	૮	૯	૫૫	૧૨	૯	૮૦
૧ આના		૬	૫ આના		૩૧	૯ આના		૫૬	૧૩ આના		૮૧
૧	૩	૮	૫	૩	૩૩	૯	૩	૫૮	૧૩	૩	૮૩
૧	૬	૯	૫	૬	૩૪	૯	૬	૫૯	૧૩	૬	૮૪
૧	૯	૧૧	૫	૯	૩૬	૯	૯	૬૧	૧૩	૯	૮૬
૨ આના		૧૨	૬ આના		૩૭	૧૦ આના		૬૨	૧૪ આના		૮૭
૨	૩	૧૪	૬	૩	૩૯	૧૦	૩	૬૪	૧૪	૩	૮૯
૨	૬	૧૬	૬	૬	૪૧	૧૦	૬	૬૬	૧૪	૬	૯૧
૨	૯	૧૭	૬	૯	૪૨	૧૦	૯	૬૭	૧૪	૯	૯૨
૩ આના		૧૯	૭ આના		૪૪	૧૧ આના		૬૯	૧૫ આના		૯૪
૩	૩	૨૦	૭	૩	૪૫	૧૧	૩	૭૦	૧૫	૩	૯૫
૩	૬	૨૨	૭	૬	૪૭	૧૧	૬	૭૨	૧૫	૬	૯૭
૩	૯	૨૩	૭	૯	૪૮	૧૧	૯	૭૩	૧૫	૯	૯૮
૪ આના		૨૫	૮ આના		૫૦	૧૨ આના		૭૫	૧૬ આના		૧૦૦

આવતી તા.૧ એપ્રિલથી નવા સિક્કાઓ ચલણમાં આવતા હોવા છતાં જૂના સિક્કા પણ ચાલુ રહેવાના છે. તેથી ઘણીવાર જૂના ચલણનું નવા ચલણમાં રૂપાંતર કરવાની જરૂર ઊભી થવાની. તેને માટે ગણતરીનો સંપૂર્ણ કોઠો અહીં આપ્યો છે. તેમાં પહેલા ખાનામાં જૂના ચલણની રકમ અને તેની સામેના નાના ખાનામાં તેના કેટલા નયા પૈસા ગણવા તે દર્શાવ્યું છે. સંપૂર્ણ આનાની રકમો કાળા પટ્ટામાં દર્શાવી છે; જેથી તરત ધ્યાન ખેંચે. ખિસ્સા ડાયરી કે પાકિટમાં રાખી શકાય તેવા આ નાનો સરખો રૂપાંતરકોઠો મજબૂત કાર્ડ ઉપર છાપીને અમે તૈયાર કર્યો છે અને તે ૭ આને ડઝન લેખે મંગાવી શકાશે. બે આનાથી ઓછી કિંમતના આપી નહિ શકાય. બહારગામથી મંગાવનારે પોસ્ટેજનો ૧ આનો વધુ મોકલવાનો રહેશે.

નહિ નહિ તો પૈસાની કિંમત ૧૦ ગણી વધી જશે!

કેટલાક લોકો જૂના સિક્કા એકઠા કરી રહ્યાનું સંભળાય છે પણ તેમને તેનાથી કશો લાભ થવાનો નથી. કોઈ ચબરાક ભેજું ૬૪ વખત એકેક જૂનો પૈસો (અર્થાત્ એક રૂપિયો) આપીને તેની બદલીમાં ૧૨૮ નયા પૈસા ન લઈ જાય તે માટે એમ ઠરાવવામાં આવ્યું છે કે બૅન્કો ચાર આના અથવા તો ગુણાંકોની બદલીમાં જ નયા સિક્કા આપશે કે જેથી કોઈ પક્ષને બિલકુલ નફો-નુકસાન નહિ. વળી સિક્કા ભેગા કરનારાઓની ઇચ્છા જો તેને ધાતુ તરીકે વેચવાની હોય તો કહેવું જોઇએ કે તેથી તેમને બેવડું નુકસાન જશે, કારણ કે બજારમાં તાંબાનો ભાવ નીચો છે. અને વળી એમ કરવું ગેરકાયદેસર છે.

છેલ્લે એક વાત. સોનું, ચાંદી વગેરેનું વજન કરવામાં આપણે ત્યાં રૂપિયાના સિક્કા વપરાય છે. માટે સૌને ચેતવણી આપવાની જરૂર છે કે નયા પૈસા, તેમની બરોબરીના જૂના સિક્કા કરતાં વજનમાં ઓછા હશે. દાખલા તરીકે: અત્યારના રૂપિયાનું વજન ૧૮૦ ગ્રેઈન છે, પણ નયા રૂપિયાનું વજન ૧૫૪·૩૨ ગ્રેઈન હશે. પહેલી એપ્રિલ પછી ટપાલખાતા તરફથી નયા પૈસામાં દર જણાવેલા હોય તેવા ટિકિટ, પત્તાં વગેરે પણ પ્રસિદ્ધ થશે. નવા ચલણમાં તેમના દરો આ પ્રમાણે ઠરાવવામાં આવ્યા છે: સીંગલ પોસ્ટકાર્ડ—૫ નયા પૈસા; રિપ્લાય પોસ્ટકાર્ડ—૧૦ નયા પૈસા; કવર—૧ તોલા સુધી ૧૩ નયા પૈસા, વધારાના તોલા દીઠ ૬ નયા પૈસા; બુકપોસ્ટના—પ્રથમ પાંચ તોલાના ૬ નયા પૈસા અને વધારાના ૨॥ તોલા દીઠ ૩ નયા પૈસા; પારસલ—૪૦ તોલા દીઠ ૫૦ નયા પૈસા (૦॥ રૂપિયો).

નવા સિક્કાઓની ઉપરની બાજુએ અશોક સ્તંભના સિંહનું ચિહ્ન હશે અને હિંદીમાં 'ભારત' અને અંગ્રેજીમાં 'ઇંડિયા' એવા શબ્દો કંડારાયા હશે. અને તેની ઊલટી બાજુ પર બહાર પાડયાની સાલ અને નયા પૈસામાં એ સિક્કાની કિંમત આંતરરાષ્ટ્રીય અંકમાં આપી હશે.

સો નયા પૈસા, ૫૦ નયા પૈસા અને ૨૫ નયા પૈસા શુદ્ધ નિકલની ધાતુના, ૧૦ નયા પૈસા, ૫ નયા પૈસા અને ૨ નયા પૈસા તાંબા-નિકલની મિશ્ર ધાતુના (૭૫ ટકા તાંબુ અને ૨૫ ટકા નિકલ) અને ૧ નયા પૈસાના સિક્કા કાંસા(બ્રૉન્ઝ)ની ધાતુના બનેલા હશે.

નવા સિક્કાઓ ૧લી એપ્રિલથી રિઝર્વ બૅન્ક, સ્ટેટ બૅન્ક, સરકારી તિજોરીઓ વગેરે પાસેથી પૂરતા પ્રમાણમાં મળી રહેશે કારણ કે દેશની ત્રણે ટંકશાળો છેલ્લા કેટલાક સમયથી માસિક આઠ કરોડને હિસાબે નયા સિક્કા છાપી રહેલ છે, છતાં અકસ્માત નયા સિક્કાના પુરવઠામાં અંતરાય પડે તો ઉહાપોહ કરવાની જરૂર નથી, કારણ કે જૂના સિક્કા પણ ત્રણ વર્ષ સુધી ચાલુ જ રહેવાના છે.

ભારત સરકારની સાંસ્કૃતિક શિષ્યવૃત્તિઓ

અઢાર વર્ષથી ઓછી ને ૩૫થી વધારે ઉમર ન હોય તેવા અને પોતાના ક્ષેત્રમાં પૂરતું સામાન્ય જ્ઞાન ધરાવતા આશાસ્પદ ભારતીય નાગરિકો માટેની આ શિષ્યવૃત્તિઓ છે, અને તે સાહિત્ય સિવાયનાં બીજાં સાંસ્કૃતિક ક્ષેત્રો-લલિતકલાઓ વગેરે માટે અપાશે. ઉમેદવારોની પસંદગી શિક્ષણપ્રધાન-કચેરી દ્વારા કરાશે. પસંદ થયેલા ઉમેદવારે ભારત-સરકારે માન્ય કરેલા ક્ષેત્રમાંના માન્ય નિષ્ણાતની હેઠળ કામ કરવું પડશે.

પ્રત્યેક શિષ્યવૃત્તિ માસિક રૂા. ૨૫૦ની હશે અને તે બે વર્ષ સુધી ચાલશે. આમાં અપવાદરૂપ બીજા એક વર્ષનો વધારો પણ કરી શકાશે.

અરજીપત્રકો નવી દિલ્હીમાં ભારત સરકારની શિક્ષણ-પ્રધાનકચેરી (સ્કૉલરશિપ્સ ડિવિઝન એસ-૬ સેકશન) ખાતેથી મળી શકશે. પત્રકો ભરીને પાછાં આ સ્થળે જ પહોંચાડવાનાં છે. અરજીઓ પહોંચવાની છેવટની તા. ૧૫મી એપ્રિલ, ૧૯૫૭ છે.

ડૉ. નાનાસાહેબ પરુળેકર (અનુ. પૃ. ૮૯થી) વાતો કરતાં અનેક સમાચારપત્રો જ્યારે શબ્દરચનાના હરીફાઈની જાહેરખબરો લેવા પાછળ ગાંડાં બન્યાં હતાં ત્યારે લોકોને ગેરરસ્તે દોરવી જતી એ સ્વાર્થનીતિને તેમણે શુદ્ધ ને નમ્ર ભાવપૂર્વક પોતાના પત્રને સ્પર્શવા દીધી ન હતી. આમ વ્યવસાયશુદ્ધિને તેમણે લોકસેવા સાથે સુવર્ણગ્રાંઠે બાંધવાનો પ્રયત્ન કર્યો. અને તેમ કરીને તાજા સમાચારની બહુફલક રુચિ પોતાના સતત જાગરૂક પ્રયત્નો દ્વારા મહારાષ્ટ્રીય વાચકોમાં ઉત્પન્ન કરી, એ ડૉ. પરુળેકરની યશસ્વી પત્ર-કારકિર્દીના ફલશ્રુતિ છે.

જોકે 'સકાળ'નો અમુક દિશાઓમાં વિરોધ પણ ઓછો નથી થયો. તેનાં ઉદાર અને નિષ્પક્ષ વલણે સંકુચિત વર્તુળોમાં હમેશાં ઊહાપોહ જગાવ્યો છે. 'સકાળ'ની ઑફિસ બાળી મૂકવા સુધીની ધમકીઓ તેમને અપાઈ છે. ઘણા વળી 'સકાળ'ને 'ટાંગાવાળાનું છાપું' કહીને તેના તરફ મોં પણ મચકોડે છે; પરંતુ તેમનું આ કથન વસ્તુતઃ તો 'સકાળ'ની લોકપ્રિયતાને જ સિદ્ધ કરી આપે છે.

મહારાષ્ટ્રીય લોકોની સમાચાર અને જીવન માટેની રુચિ તથા દૃષ્ટિ કેળવવા ઉપરાંત હસ્તલિખિત સ્પર્ધા, નાટયવાચન સ્પર્ધા વગેરે અનેક હરીફાઇઓ યોજીને એ રુચિનેસવિશેષવિકસાવવાનુંશ્રેયપણ'સકાળ'ને ફાળે જાય છે. વળી બંગાળના દુકાળ વખતે પૈસાનું ભંડોળ એકઠું કરીને તેમણે પોતાના સ્વયંસેવકોને તત્કાળ મદદ માટે બંગાળ મોકલેલા. 'સકાળ' પ્રથમથી જ નિષ્પક્ષ અને તેથી નીડર અને સત્યવક્તા પત્ર રહ્યું છે, તેનાં બીજ ડૉ. પરુળેકરના તટસ્થ અને સત્યાન્વેષી વિચારવલણમાં પડેલાં છે. માત્ર મહારાષ્ટ્રીય પત્ર-જગતમાં જ નહિ પરંતુ ભારતીય વૃત્તપત્ર-વ્યવસાયના વિષયમાં પણ તેમણે વિધાયક કામ કર્યું છે. ઈ. ૧૯૫૨ના અરસામાં ભારતની પ્રમુખ સમાચાર-સંસ્થા 'પ્રેસ ટ્રસ્ટ ઑવ ઇન્ડિયા'ના તેઓ અધ્યક્ષ હતા.

ડૉ. પરુળેકરનાં પત્ની શ્રીમતી શાન્તાબાઈ જન્મે ફ્રેન્ચ છે. ઈ. ૧૯૩૦-માં અમેરિકાથી ફ્રાન્સ થઇને ભારત આવતાં, ફ્રેન્ચ ભાષા શીખવા માટે તેઓ પારીસ પાસેના બાવરે ગામમાં કેટલાક દિવસ રોકાએલા. ત્યાં તેમની પાસે સંસ્કૃત શીખવા આવતાં મિસ જિનિવી પામરે સાથે તેમને પરિચય થયો, જે અંતે પ્રેમમાં પરિણમ્યો. ઈ. ૧૯૩૪માં તે ભારત આવ્યાં અને હિંદુ ધર્મની દીક્ષા લઇને શાંતાબાઇ નામ ધારણ કરી ડૉ. પરુળેકર સાથે લગ્નગ્રંથિથી જોડાયાં. જન્મે ફ્રેન્ચ હોવા છતાં તેમની સાદાઈ, કરકસર, ગૃહકર્તવ્યપરાયણતા અને પતિભક્તિ અનન્ય છે. બે વર્ષે ડૉ. પરુળેકર એકાએક હૃદયવિકારનો ભોગ થઇ પડેલા એ વખતે એમણે ચોવીસે કલાક તેમની પથારી પાસે ખડે પગે રહીને તેમની શુશ્રૂષા કરેલી. તેમની ૧૯ વર્ષની પુત્રી લીલા પૂનાની વાડિયા કૉલેજમાં અભ્યાસ કરે છે. તે અંગ્રેજી શીખે છે પિતા પાસે અને ફ્રેન્ચ માતા પાસે.

સંસ્કૃત વાઙ્મય તરફ ડૉ. પરુળેકરને સવિશેષ રુચિ છે. એ ભાષા પરનું તેમનું પ્રભુત્વ જોઈ ખુદ શાસ્ત્રી-પંડિતો પણ તેમની પ્રશંસા કર્યા વિના રહી શકતા નથી. ભગવદ્ગીતા અને પાતંજલ યોગદર્શન એ તેમના પ્રિય ગ્રંથો છે. એક વાર કોઇ પ્રસંગે તેમણે જણાવેલું: 'હું પત્રકાર ન થયો હોત તો સંભવ છે કે સંસ્કૃતનો પંડિત બન્યો હોત.' સંસ્કૃતથી બીજો તેમનો પ્રિય વિષય તે તત્ત્વજ્ઞાન. તેમની સદૈવ નિરાડંબર ચિંતનમગ્ન મુખાકૃતિ પરથી હરકોઈ કલ્પના કરી શકે, કે ડોળડમાક કે આડંબર જેવી બાહ્ય આળપંપાળોથી આ વ્યક્તિ સર્વાંશે પર છે. સ્વ-પ્રદર્શન અને ભાષણો જેવા દેખાવોમાં તેમને રસ નથી. તેમની ગંભીર અને વિચારભારે મુખમુદ્રા જોનારને તેમના અદમ્ય ઉત્સાહની કલ્પના યે ન આવી શકે; પરંતુ 'સકાળ'નાં જ્ઞાન, રસ ને રસિકતાથી તરવરતાં પૃષ્ઠો જ માત્ર ફેરવી જનારને તેમના આ ઉત્સાહની ઝાંખી થવી દુર્લભ નથી.

શૌર્ય અને સાહસ તથા પ્રેમ અને માનવતાની સાગરકથા



સાગરસાવજ દેવો ધાધલ



લેખક 'સુકાની'

ભાગ ચોથો

ખંડ ૧૩: સરખેલ ચેવિન ગિન

એક દહાડો ફુંગતાઉમાં સખત વાયકા પ્રસરી રહી કે સરખેલ ચેવિન ગિન ટાપુ તરફ પાછો ફરી રહ્યો છે. આ ખબર કેમ આવ્યા કે કોણ લાવ્યું, એની કશી ચોક્કસ બાતમી ન હતી; પણ બે ચાર દિવસમાં આવવા જોઇએ એવી વાત ઘેરઘેર બોલાવા માંડી.

બીજે જ દહાડે અજયપાળને ફરી કારાવાસમાં પૂરી દેવામાં આવ્યો. તન્ગમ ફફડી ગઈ. એણે રાણી તાઉ ચ્વાંગ લો પાસે અજયપાળ માટે આજીજી કરી. આમ તો તાઉ ચ્વાંગ લો તન્ગમને પ્રેમથી રાખતી હતી, પણ એની આ વિનતિ સ્વીકારવાને એ તૈયાર ન હતી.

સરખેલ ચેવિન ગિનના સ્વાગત માટેની તૈયારી પણ જરા વિચિત્ર લાગતી હતી. દુર્ગપાલ અને બીજા અધિકારીઓ એકદમ ચિંતાતુર બની ગયા હતા. દિવસમાં ત્રણચાર વાર રાણીની મુલાકાતે ત્રણ દુર્ગપાલો આવી જતા હતા. દરેક મુલાકાત પછી રાણી પણ વધારે ચિંતાતુર લાગતી હતી. રાણી તાઉ ચ્વાંગ લો જાતે બાલી હતી. એના મહેલમાં વિષ્ણુનું નાનું આરસપહાણનું મંદિર હતું. વારંવાર એ મંદિરમાં જઈ ભગવાન પાસે આર્તવચન બોલવા લાગી. આંસુઓથી એની આંખો સૂજી ગઈ હતી. તન્ગમને પણ તાઉ ચ્વાંગ લો પર ભાવ બંધાઈ ગયો હતો. રાણીની વ્યાકુળતાથી એ પણ વ્યાકુળ બની ગઈ હતી. પણ રાણીની ચિંતાનું કારણ શું છે એ એ સમજી શકતી ન હતી.

વિશેષમાં એ પોતે અજયપાળને ફરી કારાવાસમાં સડતો કલ્પી દુઃખી બની ગઈ હતી. એક વાર કારાવાસનાં જબ્બર કમાડો અજયપાળ ઉપર બંધ થયાં, પછી એના ખબર મેળવવાનો પણ એકે ય ઉપાય ન હતો. પણ એ હિંમત હારે એવી ન હતી. એણે ઉપાય શોધવાનું ચાલુ રાખ્યું. થેરો સુમંગલ એક જ એના આશ્વાસનનું સ્થાન બની રહ્યો હતો.

દરમ્યાન, ત્રણે ગઢમાં જાણે ઘેરો પડવાનો હોય એવી તૈયારીઓ થવા માંડી. તોપચીઓએ તોપો સંભાળી; બારૂદ ગોળાના ઢગ થઈ ગયા અને બારૂદખાનામાં હલચલ મચી રહી. સરખેલના સામૈયામાં ધજા-પતાકા અને વાજંગાજાંને બદલે આવી તૈયારી થતી જોઇ તન્ગમને અનેક કલ્પનાઓ આવવા લાગી, પણ કોઈ કલ્પનાને કંઈ આધાર મળતો ન હોતો.

પાંચમા દહાડાનું ભળભાંખળું થવા આવ્યું હતું. ત્યાં ત્રણે ગઢમાં રણશીંગાં (હાઉ તુંગ) ફૂંકાયાં: 'હો દ્વે, હો દ્વે, હો દ્વે' (જમા થાઓ, જમા થાઓ, જમા થાઓ)! તોપચીઓએ તોપો ઠાંસવા માંડી. સરખેલનો કાફલો દેખાઇ રહ્યો હતો.

મહેલની અગાશી ઉપર રાણી તાઉ ચ્વાંગ લો મોટી દૂરબીનમાંથી નજદીક આવતા કાફલા સામે જોઇ રહી હતી. કાફલા ઉપર ફુંગ તાઉનો ઝંડો ઊડતો જોઇ એનું હૈયું ધડકધડક થવા લાગ્યું. અશુભ શંકાઓ ખોટી પડતી લાગી. એણે એ ઝંડો જોવાની આશા નહોતી રાખી.

ખંડ: ૧૪ મેઘસુવર્ણોની વિષ્ટિ

'અલખનાથ', 'આપી', 'અગબન' અને 'રંગદા' સફર કરતાં ઠેક મકસારની ખાડીમાં હતરાહાં આવી પહોંચ્યાં હતાં. પૂરવમાં ક્ષિતિજ પાસે ચલત્રપી (સે'લબીસ)ની કંહાર આછાં વાદળ જેવી દેખાઈ રહી હતી. ત્યાં કાકુલે કાફલાના નાખોદાઓની મંત્રણા માટે વાવટો ચડાવ્યો. સરનાખવા તરીકે એવી મંત્રણા કેવળ ધાધલ જ બોલાવી શકે; પણ બહુ ગંભીર કારણ સિવાય કાકુલ એવો વાવટો ન જ ચડાવે એમ માની ધાધલે બધા નાખવાઓને 'અગબન' ઉપર આવવાનો સંકેત આપ્યો.

મંત્રણા શરૂ કરતાં કાકુલે કહ્યું કે એનો કેદી મેઘસુવર્ણો, પરમેશ્વરીની આજ્ઞા હોય તો, કેટલીક રજૂઆત કરવા ઇચ્છે છે. ધાધલની સંમતિ લઈ પરમેશ્વરીએ અનુજ્ઞા આપી. મેઘસુવર્ણો આવાસમાં હાજર થયો.

એ કેદખાનામાં જરાક લેવાઈ ગયો હતો, પણ એના મુખનો પ્રભાવ જરા ય ઓછો નહોતો થયો. આ બધા નાખવાઓને એ જાણે કશી બિસાતમાં ન ગણતો હોય તેમ એણે માત્ર પરમેશ્વરીને જ સહજ નમન કર્યું, અને ટટ્ટાર ઊભો રહ્યો. બીજા કોઇની સામે નજર સરખી ન કરતાં એણે પોતાની રજૂઆત કરવા માંડી: 'અલકનંદા! અમારાં પ્રારબ્ધ અમે ભોગવીએ છીએ, ને ભોગવી લઇશું. અમારે એ વિષે કંઇ કહેવું નથી. પણ અમારે આ મૂર્ખ મોહીમ વિષે કંઈક તમારા હિતનું કહેવું છે।

ચીની સરખેલનો ટાપુ ક્યાં છે, એની તાકાત કેટલી છે, એ સરખેલ પોતે કોણ છે વગેરે કંઇ પણ જાણ્યા વગર આ કાફલો સફરે ઊપડ્યો છે. આ કાફલાનો સરનાખવો ગમે એટલો બહાદુર કે સાહસી હોય, (મેઘસુવર્ણોએ ધાધલ તરફ નજર ફેરવતાં કહ્યું) પણ ચીનીઓનો બેટ અજેય છે. એનો એકેક ગઢ આવા તો દસ કાફલાના ફુરજા ઉડાડી દે એવો તાકાતવાન છે. અને એવા એ ટાપુ ઉપર ત્રણ ગઢ છે.

ટાપુનો સરખેલ ચેવિન ગિન ચાંચિયો નથી. એ તો રાજા છે. ધાધલ આ પાણીનો ભોમિયો નથી. પણ નંદા! તમે અને આ બીજા નાખવાઓ એની કીર્તિથી અજાણ્યાં નથી. એ ટાપુનું નામ ફુંગ તાઉ છે અને એનો ધણી તે હાઈ જન જુંગ જ્યાંગ (સરખેલ) ચેવિન ગિન છે.

ચેવિન ગિન અમારો પરમ મિત્ર છે. આજે તમને અમારી આખરી સલાહ છે કે આ કાફલો કાં તો અહીંથી પાછો વળે, કાં તો મિત્રભાવે ફુંગ તાઉ તરફ આગળ વધે. જો મિત્રભાવે જશો, તો હું ખાતરી આપું છું, કે આજ સુધી જો એણે કંઇ પણ સુલગ્બો સામે અત્યાચાર કર્યો હશે તો તેનો એ બદલો ભરપાઈ કરી દેશે. પણ યાદ રાખજો કે દુશ્મનભાવે આવનાર એકે કાફલો ફુંગ તાઉની ખાડીમાંથી હજુ સુધી સલામત બહાર પડ્યો નથી!'

મેઘસુવર્ણોએ બોલવાનું બંધ કરી અલકનંદા સામે જોયું. અલકનંદાએ ધાધલનો ભાવ સમજવા એની સામે જોયું. ધાધલે મેઘસુવર્ણોને પ્રશ્ન પૂછ્યો: 'મેઘસુવર્ણો! આજ સુધી જાસૂસાં તારા કામા જોયા પછી, તું સાચું બોલ તો ય તારો ભરોંસો કેમ કરાય?'

'ખરું છે, ઓરાંગ હિન્દ! અમે ક્ષત્રિય છીએ; તમે પણ રાજપૂત છો. તો સાંભળો.' કહી એણે અલકનંદા સામે પડેલું કિરિસ ઉપાડી લીધું અને આંખને અડાડ્યું, અને અલકનંદાનો વાળ પણ વાંકો ન થવા

દેવાના એણે એવા આકરા શપથ લીધા કે ધાખલ પણ ધ્રૂજી ઊઠયો! કોઈ પણ ક્ષત્રિય આવા શપથ તોડે એ માનવાને ધાખલ તૈયાર ન હતો!

મેઘસુવર્ણોએ કિરિસ પાછું બાજઠ પર મૂકી દીધું. આ સૌ વચ્ચે હવે અલકનંદા જ સ્વસ્થ દેખાતી હતી. એણે મેઘસુવર્ણોને બહાર તૂતક પર મોકલાવ્યો અને ધીમેધીમે નાખવાઓને પોતાનો મત કહેવા માંડયો.

આ યુવાન સ્ત્રીની કુનેહ, મુત્સદ્દીગીરી અને વ્યૂહ રચવાની શક્તિથી ધાખલ આભો બની ગયો. આવા મુત્સદ્દી દરિયાસારંગો એણે બલીમાં જ જોયા. અલકનંદા ગજમદોને તોલે આવે એવી લાગી. મેઘસુવર્ણોએ જે કહ્યું હતું, અને જે નહોતું કહ્યું, તેનું એણે એવું પૃથક્કરણ કર્યું અને ભાવિ બનાવોની એવી આગાહી આપી, અને એ ભાવિને પહોંચીવળવા એવો વ્યૂહ સૂચવ્યો કે એક નાખવાને એમાં તલભાર પણ ફરક દેખાડવાનું ન સૂઝ્યું!

મેઘસુવર્ણોને છૂટો કરવામાં આવ્યો. એની સૂચના મુજબ યેવિન્ ગિન્નો મિત્રવાવટો 'ગજવિમોચન'ના કાફલાએ ચારે ડોલ પર ચડાવ્યો.

તે રાત્રે અલખનાથને પડખેથી એક નાવડી બલી તરફ રવાના થઈ ગઇ; અને એક નાવડી 'અમ્બન્' ઉપરથી કુંગ તાઉ તરફ પણ રવાના થઈ.

ધાખલે બલીમાં ભદ્રશીલોને સંદેશો મોકલ્યો હતો. મેઘસુવર્ણોએ કુંગ તાઉમાં સંદેશો મોકલ્યો હતો.

ધાખલ અને મેઘસુવર્ણો, બે ય જણ, આખરી દાવ ખેલી રહ્યા હતા.

ખંડ ૧૫: બાજી ઊંધી વળે છે

ભળભાંખળુ થતાં સામે કુંગ તાઉ દેખાઈ રહ્યો. સૌથી આગળ 'અમ્બન્' ચાલતું હતું; એની પાછળ 'આપી'. 'અમ્બન્'ના તૂતક ઉપર મેઘસુવર્ણો ઊભો હતો. ટાપુના સન્નિધાનમાં એ કાફલને ખડક અને ધડા દેખાડયે જતો હતો. 'આપી' ઉપરથી અલકનંદા અને ચમ્પકમ્ દૂરબીનો માંડી ટાપુને જોઇ રહ્યાં હતાં. પછવાડે દૂર દૂર 'અલખનાથ' આવતું હતું. એની આડે 'રંગદા' દેખાતું ન હતું.

આસ્તે આસ્તે 'અમ્બન્' અને 'આપી' લંગરગાહમાં પહોંચ્યાં. બંને વહાણોએ પોતાના આવવાની ખબર આપવા તોપનો એકેક બાર કર્યો, અને ડાબા પડખાના ગઢે સલામીનો જવાબ આપ્યો.

હવે 'અલખનાથ' ઢૂકડાવા લાગ્યું. એનાં ઊંડાં પઠાણ નીચે વધારે પાણી જોઇતાં હતાં, એટલે એ બે ગઢ વચ્ચે આવી થંભી ગયું. એના સથા ઉપરથી પણ સલામીનો બાર થયો. જવાબમાં બે ય બાજુની તોપોએ જવાબ આપ્યા. જવાબમાં ખાલી બાર ન હતા. બે ધગધગતા ગોળા એના સથા ઉપર પડયા; અને બંદરના દરેક પિરાહુએ 'અમ્બન્' 'આપી' અને 'અલખનાથ' ઉપર તોપો નોંધી દીધી! સાથે સાથે કિનારા પાસે પડેલાં સંપાનો ઊપડયાં: દરેક સંપાનમાં સશસ્ત્ર ચીનાઓ ખડકાયા હતા. જોતજોતાંમાં સંપાનોએ સુલગ્બોના કાફલાને ઘેરી લીધો!

'અમ્બન્'ના તૂતક ઉપર મેઘસુવર્ણો વિજેતા જેવો ઊભો હતો. ગઇ કાલનો કેદી આજે મુક્તિમાં મહાલતો હતો. 'આપી' ઉપરથી મછવો ઉતારી અલકનંદા 'અમ્બન' ઉપર આવી. એણે જોયું કે કાફલ નાખવો મુશ્કેટાટ તૂતક ઉપર પડયો હતો. ગુસ્સાથી પગ ઠોકતાં અલકનંદાએ આનો અર્થ પૂછયો. સ્વસ્થતાથી મેઘસુવર્ણોએ જવાબ દીધો: 'અલક, તું ગમે તેવી તો ય અમારી દીકરી છો. અમે તારો ગુનો કર્યો હશે તો એ વાત હવે ભૂલી જા. તારો વાળ વાંકો નહિ થાય. અહીં કુંગ તાઉમાં તું રાણી તારૂ સ્વાંગ લો સાથે આનંદથી રહે એવી અમારી ઈચ્છા છે.'

'હું અહીં ધરાર નહિ રહું; અને રહીશ તો કુંગ તાઉની વિજેતા પરમેશ્વરી બનીને.' અલકનંદાએ ક્રોધથી કહ્યું.

'કુંગ તાઉની નહિ, અમારી પણ પરમેશ્વરી; પણ પુત્રીરૂપે, વિજેતા રૂપે નહિ અને શાસિકા રૂપે પણ નહિ!'

'મને પુત્રી કહેવાનો તમને હવે શો અધિકાર છે?'

'અમને નહિ, તો ય તાઉ સ્વાંગ લોને તો છે. એણે તો તારું કશું નથી બગાડયું.'

'હું એને ઓળખતી પણ નથી, તો શું બગાડવાની હતી?'

'તું એને ઓળખે છે, અલક! તારી એના ઉપર અપાર પ્રીતિ છે. તને એણે નાનેથી મોટી કરી છે!' મેઘસુવર્ણો હસતો હતો!

'અર્થાત્?' અલકનંદાએ પૂછ્યું.

'અર્થાત્, એ "તારૂ સ્વાંગ" એટલે ઝળઝળયમાન પ્રતિભા! એ તો ચીની પર્યાય નામ છે.'

'કોણ? કાકીબા મેધાવતી?'

'બીજું કોણ?'

'અને, તમે—તમે?'

'યેવિન્ ગિન: ચીની શબ્દમાં મેઘસુવર્ણો!'

અલકનંદાએ દાંતથી હોઠ કરડયો. મેધાવતી કાકી ઉપર ખરેખર એની પ્રીતિ હતી. એ ઘડીભર મહાત્ થઈ ગઈ!

ખંડ ૧૬: હવે ધાખલ ગુમ થાય છે

અલકનંદાને દરબારગઢમાં મોકલીને મેઘસુવર્ણોએ ધાખલની ખબર લેવા ધાર્યું. એને હતું કે બબ્બે ગઢ અને પાંચપાંચ પિરાહુની તોપો સામે પણ ધાખલ એકલો લડવાને ઊદકશે જ; અને ગઢપાલો એનો અને એના 'અલખનાથ'નો ઘડીપળમાં ફેંસલો કરી દેશે. પણ એની મોટી અજાયબી વચ્ચે એણે જોયું કે 'અલખનાથે' શરણે થવાનો વાવટો લફાવ્યો હતો. ઘડીભર તો એને લાગ્યું કે એની આંખ દગો દે છે! એણે ફરી નજર માંડી: એ જ વાવટો, વળગણીએ નાખેલા લૂગડા જેવો, ડોલ ઉપર મુડદાલ લટકતો હતો!

મેઘસુવર્ણો અલખનાથ પાસે પહોંચ્યો. સુકાની તૂતક ઉપરના બલી જરૂમુદી(સુકાની)એ કહ્યું કે મધરાત પછી ધાખલને કોઇએ જોયો નથી; અને આખા 'અલખનાથ'ને ખોળી વળ્યા પણ એનો પત્તો નથી!

મેઘસુવર્ણોને હવે યાદ આવ્યું કે 'રંગદા' હજુ કુંગ તાઉ પહોંચ્યું ન હતું. એની ખાતરી થઈ કે 'રંગદા'ને લઈ ધાખલ નાસી છૂટયો છે! 'રંગદા' જેવું તેજ, શસ્ત્રસજ્જિત પિરાહુ ને ધાખલ જેવો શેતાન; એ બે છૂટાં હોય, તો કેટલી 'ત્રાહિમામ' પોકરાવે એ વિષે કોઈ સંદેહ ન હતો.

હાઈજન જુંગ જ્યાંગ યેવિન્ ગિન્—અન્યથા મેઘસુવર્ણો, આ પૂર્ણ વિજયની પળે પણ સઘળું હારી બેઠો હોય એવો ઉદાસ બની ગયો.

ખંડ ૧૭: પ્રેતલોકનાં પાણી

કુંગ તાઉ પહોંચવાની આગલી રાતે, મધરાત પછી, 'રંગદા' 'અલખનાથ'ની નજદીક આવી પહોંચ્યું હતું ને દેવા ધાખલને લઈ એણે સીધો પૂરવમાં મોરો ફેરવ્યો હતો. અલકનન્દાએ ગોઠવેલો વ્યૂહ આમ શરૂ થયો હતો અને એ રીતે ધાખલ કુંગ તાઉના પંજામાંથી છટકી ગયો હતો. કુંગ તાઉ તરફ બલી અરમાર મોકલવાનો સન્દેશો, ભદ્રશીલોને; ક્યારનો ય રવાના થઈ ગયો હતો. એ જ હરકારા સાથે અલકનન્દાએ બલી મહારાજાને સ્વેચ્છાએ શરણે થવાનો લેખ પણ મોકલાવ્યો હતો. સુલગ્બોનું બહારવટું પૂરું થયું હતું. સુલગ્બોના મહામાત્યને નામે મેઘસુવર્ણોએ કરેલી પ્રતારણાની કથા પણ બલી પહોંચાડવામાં આવી હતી. એ સંદેશાનો જવાબ શ્લવેપીની પશ્ચિમ કહારે મચૂટયો બંદરે એક માસમાં મંગાવ્યો હતો.

ભદ્રશીલોનો જવાબ અને મદદ આવતાં ચારપાંચ અઠવાડિયાં તો સહેજે નીકળી જાય એમ હતું. એ દરમ્યાન 'રંગદા'એ છુપાવાની જરૂર હતી. આસપાસનાં પાણીમાં કુંગ તાઉની જે જાસૂસી જાળ પાથરી

પડી હતી તેને 'રંગદા'ના પત્તો મેળવવો એ રમત વાત હતી; અને એક વાર એ પત્તો મળે કે એનો નાશ કરવો એ પણ એટલું જ આસાન હતું.

એવું એક જ સ્થળ આ દરિયામાં હતું, જ્યાં કુંગ તાઉના જાસૂસ ઓરાંગ લાઉત્ કદી ન ફરકતા, અને એ સ્થળ 'રંગદા'ના નાખવા સુમંત્રીને અકસ્માતે જાણમાં આવ્યું હતું.

'રંગદા' એ સ્થળ તરફ સડસડાટ વધવા માંડ્યું. જ્યારે કાફલો કુંગ તાઉમાં દાખલ થતો હતો ત્યારે 'રંગદા'એ શૂલવેપીનાં કંઢારી જંગલની દીવાલ વચ્ચે ઊઘડતી એક સાંકડી પણ ઊંડી પાણીવાટમાં પ્રવેશ કર્યો. જ્યારે મેઘસુવર્ણોએ ધાવલના ગુમ થવાની વાત શોધી કાઢી ત્યારે 'રંગદા' એક બંધિયાર ખાડીમાં આવી પહોંચ્યું હતું. આ ખાડીની એક પાસ પૂરવમાં જબ્બર પહાડ હતો, જેની કરાડમાંની એ પાણી-પંથાર નકસ્સારમાંથી વહી આવી હતી. ત્રણ બાજુ ગીચ જંગલ હતાં. ખાડી પાંચેક કોશના વિસ્તારમાં પથરાઇ પડી હતી. એમાંથી નીકળી મકસ્સારના દરિયામાં પહોંચવાનો એક જ માર્ગ હતો, જે વાટે 'રંગદા' અંદર આવ્યું હતું. 'રંગદા'એ લંગર નાખ્યું ને એની કડેડાટીએ જંગલમાં પડઘા જગાવ્યા. હજારો પંખીઓના કલબલાટ અને વાંદરાઓની કૂદાકૂદીથી જંગલની દીવાલો જીવતી થઈ ગઈ.

ખાડી ચીંધતાં સુમંત્રીએ કહ્યું: 'આ શાચ્ય કોળમ્, આ પ્રેતલોકનાં પાણી. ઓરાંગ લાઉત મરે ત્યારે એના શરીરને વાંસના તરાપા ઉપર બાંધી વહેતું મૂકી દે છે. એ બધી નનામીઓ આ ખાડીમાં આવે છે. અહીં ઓરાંગ લાઉતનો પ્રેતલોક છે. અહીં રાત કાઢવી એ ભલભલાને માટે અસંભવિત છે. મારે અકસ્માતે અહીં થોડીક રાતો ફરજિયાત કાઢવી પડેલી. ચંડીનો જાપ કરતાં માંડમાંડ હું જીવતો રહ્યો હતો.

આ દિયાક્કુનાં જંગલ છે. આ ક્ષણે આપણી તરફ આ જંગલ સેંકડો આંખોએ તાકી રહ્યું છે. અહીં દિયાક્કુઓનો ભાઈ બનવા—'બંગ' બનવા–હું નસીબદાર બન્યો હતો. એ 'બંગો'ની રક્ષા માગવા હું હમણાં જ જાઉં છું, નહિ તો આપણા એકેયનો જાન સલામત નથી.'

સુમંત્રી ધાવલને આ બધું કહેતો જતો હતો અને અંગ ઉપરનાં કપડાં ઉતારતો જતો હતો. આખરે એ લંગોટભર થઈ ગયો. ગળામાં એણે એક કાળું સૂત્ર નાખ્યું. સૂત્રની વચમાં નાનો, ચોરસ, આસમાની રંગનો લીસો પથ્થર હતો. એના ઉપર તાવીજ પેઠે કોતરણી દેખાતી હતી. ધાવલને 'હુશિયાર' રહેવાનું કહી સુમંત્રી પિરાહુની નાની હોડીમાં ઊતર્યો અને જંગલની ઉત્તર તરફની પાર બાજુ હલેસાં મારતો નીકળી ગયો.

ઠેઠ સાંજના એ પાછો ફર્યો ત્યારે સાથે એના દિયાક્કુ બંગોનો બીજો મછવો પણ હતો. એમાં ખૂબ સોગાદો ભરી હતી. અનેક જાતનાં, જાણીતાં અને અજાણ્યાં, પશુપંખી, ગરોળી, સાપ, ઉંદર વગેરેના ઢગ આવ્યા હતા. દિયાક્કુઓના મુખીએ જ્યાફત મોકલાવી હતી! એણે પોતાના બંગના પિરાહુને અપનાવી લીધું હતું. રાત પડે તે પહેલાં દિયાક્કુઓ જંગલવાસ તરફ ચાલ્યા ગયા. રાત કારમી પડી ગઈ. અંધારાં ઊતર્યાં કે તુરત જ, ખાડી ઉપર આસમાની રંગના ભડકાઓ ઊઠવા લાગ્યા! એ ભડકાઓ એકબીજા પાછળ દોડતા હતા! કેટલાક તો ઠેઠ 'રંગદા'ને પડખે દોડતા હતા!

એકેએક બલી ભંડકમાં પેસી ગયો ને સુમંત્રીના બતાવ્યા મુજબ ચંડીનું નામ જપવા લાગ્યો. આ પ્રેતલોકનાં પાણી ઉપર પડાણ મૂકવાનો પ્રસંગ આવશે એ ધાવલ નહોતો જાણતો. એણે બજરંગ બલીનો જાપ જપવા માંડયો. પહેલી રાતે 'રંગદા' ઉપર કોઈએ સૂવાનો વિચાર સુદ્ધાં ન કર્યો.

ખંડ ૧૮ : બંગ ધાવલ

ગમે તેવી અવસ્થા હોય, અતિ સુખની કે અતિ દુઃખની, ચિર સહવાસ એ સુખ અને દુઃખને સામાન્ય બનાવી દે છે. દુઃખનું ઓસડ દહાડા લેખાય છે તેમ સુખનું ઓસડ પણ દહાડા જ છે.

ગમે તેવો દારૂણ ભય હોય, પણ જો એ ભય અનિવાર્ય અને ચિરસ્થાયી હોય તો એ ભયની પણ અવજ્ઞા થાય છે. શાચ્ય કોળમની ભડકાતી ભૂતાવળથી 'રંગદા'ના નાવિકો એકબે દહાડામાં જ ટેવાઇ ગયા.

અહીં ખરો ભય તો રાક્ષસોનો હતો, પણ એ દિયાક્કુઓએ 'રંગદા'ને અપનાવી લીધું હતું. હજુ કોઇ દિયાક્કુ આ બાજુ ફરકયો ન હતો, પણ 'રંગદા'ના માણસોને સથા છોડવાનો સખત પ્રતિબંધ હતો; કારણ ચોપાસનાં જંગલમાં સેંકડો દિયાક્કુઓ ચોકી કરતા હતા એની સુમંત્રીએ ખાતરી આપી હતી. સાતેક દહાડા પછી મછવો ભરી સુમંત્રીએ વળતી સોગાદો તૈયાર કરી.

દિયાક્કુના જગતમાં 'કાળતત્ત્વ' ન હતું. દરેક કામ ખૂબ અવકાશ હોય એવી રીતે થતું. 'કાલોહ્યયં નિરવધિઃ' એમ કહેનાર ભવભૂતિએ દિયાક્કુઓ જોયા ન હતા, પણ દિયાક્કુની ખયાલાતનો જ એ પડઘો પાડતો હતો. સુમંત્રીએ મછવામાં અનેક જાતનાં ખાનપાન ભર્યાં, અને ધાવલને લઈ દિયાક્કુના સદરને મળવા ચાલ્યો.

ખાડીને ઉત્તર કાંઠે ઊંડા જંગલમાં સદરનો વાસ હતો. સદરનો વાસ એટલે જાણે આખું ગામડું જ હતું. સાઠેક હાથ લાંબું, દસેક હાથ પહોળું અને જમીનથી ચારેક હાથ ઊંચે થાંભાઓ ઉપર બાંધેલું એક મહાકુટીર. લાકડાં અને વંજીનાં માળખાં, અને રંગબેરંગી નકશીદાર ચટ્ટાઇઓની ભીંતો. ઉપર જબરદસ્ત શંકુ આકારની જાવળીની છત. કુટીરની નીચે ડુક્કરો અને રાની મરઘા સાથે આખો દહાડો છોકરાં રમે. આખું ગામ આ એક જ કુટીરમાં રહે! વચલો આવાસ તે સદરનો.

મુખીએ ધાવલને સત્કાર્યો. ચાર દહાડા અરસપરસના કુશળ પૂછવામાં ગયા; સાત દહાડા ખાનપાનમાં ગયા.

અહીં ધાવલે તાજા માનવમાથાંને કેળવાતાં જોયાં. વનસ્પતિના રસમાં લાંબો વખત બોળી માથાંઓ પહેલાં મુલાયમ બનાવાતાં હતાં. છીપરાંઓના ભારથી મુલાયમ માથાં નાનાં બનાવાતાં હતાં ને પછી નાનકડા પથ્થરોના ધીમાધીમા ઘાથી ખોપરીના બંધ ને સાંધા તોડવામાં આવતા હતા, અને આખી ખોપરી અરધા કદની બની જતી હતી. ફરી અતિ કસેલા રસમાં માથાં બોળવામાં આવતાં હતાં અને ચામડી પોતાની મેળે તંગ થઈ જતી હતી. આમ અસલ માથું માત્ર નાના નાળિયેર જેવડું થઈ જતું હતું. આને સાતેક દહાડા બંધ કુટીરમાં ધૂંવાડવામાં આવતું હતું. હવે એ તૈયાર હતું. આંખ, વાળ વગેરે અસલ જેવાં જ રહેતાં, મુખીના ઓરડામાં ચારે દીવાલ ઉપર આવાં કેળવેલાં માથાંના હારડા લટકાવ્યા હતા! આ એકેએક માથું એની પરશુએ વાઢ્યું હતું. આટલાં માથાં વાઢ્યાં હતાં માટે તો એ મુખી હતો.

મુખીને અને ધાવલને બહુ ફાવી ગયું. એણે ધાવલની પરોણાગતમાં નાચરંગ રેલાવી દીધા. અહીં જ રોકાઈ જાય તો ધાવલને નવા આવાસ અને ચાર છ ઘરસંસાર મંડાવી દેવાની લાલચ પણ એણે આપી! ધાવલે બહુ આદરથી એ પરોણાગત આગળ ઉપર ઠેલી. મુખીએ એને 'બંગ' બનાવ્યો. એના ગળામાં, દિયાક્કુ મુખીઓ જ પહેરી શકે એ સૂત્ર પહેરાવ્યું. એ સૂત્ર માણસના વાળમાંથી ગૂંથ્યું હતું; વચમાં સુમંત્રી જેવું જ તાવીજ લટકતું હતું.

દિયાક્કુઓને વાસેથી પાછા આવ્યા બાદ ધાવલ ફરી વ્યસ્ત બની ગયો. બલીથી જવાબ આવવાને હજુ વખત હતો. એણે કુંગ તાઉ જવાનો ઈરાદો જાહેર કર્યો. સુમંત્રીએ એને બહુ વાર્યો પણ ધાવલનો

ઈરાદો એટલે, અંતરિયાળ બન્નવણીની વસ્તુ જ.

બે દિયાકુકુને ભોમિયા તરીકે લઈ એ પશ્ચિમ તરફનો પહાડ ચડવા લાગ્યો. સુમંત્રી મમુચ્યો જઈ, બલીથી કંઈ ખબર આવ્યા હોય તો જાણવા એ તરફ ઊપડ્યો.

ખંડ ૧૯: ત્રણ માથાંનો ખવીસ

જંગલ અભેદ્ય હતું. પ્રચંડ પુરાણાં વૃક્ષો ડાળીઓ બથાવી આકાશને આવરી રહ્યાં હતાં. થડ થડ વચ્ચે જાડા વેલાઓએ દુર્ગમ ગઢ બનાવી દીધો હતો. હાથ હાથ ઊંડી ઘટ્ટ લીલોતરીથી જમીન છાઈ ગઈ હતી. અહીં વાઘ, સૂવર, જંગલી મહિષ, પજહથ્થા સાપ અને બારહથ્થા અજગર વસતા હતા.

દિયાકુકુઓ ફરસીથી રસ્તો કાપતા હતા. માત્ર વીસ કોશ ઉપર મકસ્સરની ખાડી હતી; પણ એ વીસ એટલે દસ ચડવાના અને દસ ઊતરવાના હતા. તે પણ પગલું પગલું જંગલ કાપીને! સાતમે દહાડે પાણીની ધાર આવી ગઈ. દિયાકુકુઓએ જોતજોતાંમાં તરાપો બનાવ્યો અને અંધારું થતાં સામે આવેલા ફુંગ તાઉ તરફ તરાપો વહેતો કર્યો.

પણ અહીં બેચાર ઓરાંગ લાઉતની નાવડીઓ ફરતી જ હતી. એ ફુંગ તાઉનું રક્ષણ કરતી હતી. નાવડીઓએ તરાપો જોયો, કે આગળ આવી. તરાપા ઉપર એક દિયાકુકુ ઊભો થઈ ગયો. અંધારામાં પણ એ ઓરાંગ લાઉતને દેખાયો. એના ગળામાં ખોપરી લટકતી હતી. રીડિયા દેતા ઓરાંગ લાઉત અંધારામાં અદશ્ય થઈ ગયા!

શાઅ કોળમમાં સદ્ગતિ પામેલા ઓરાંગ લાઉત કોઈવાર પોતાનો જ પુરાણો સંસાર જોવા દરિયામાં નીકળી પડતા હતા ને દિયાકુકુ જેવા દેખાતા હતા. આમે દિયાકુકુ એટલે રાક્ષસ, ને શાઅ કોળમના દિયાકુકુ એટલે તો પ્રેતલોકના રાક્ષસ! એની સામે કોઈ નજર પણ ન ફેરવે! ધાબલને વિચાર સૂઝ્યો. કિનારે ઊતરી એણે બે માથાંની માગણી કરી. ધાબલને મળ્યાં. એણે ફુંગ તાઉના કિનારા પર ઊતરી ટાપુમાં પ્રવેશ કર્યો.

આ પૂરવ ખીણ. અહીં માછીમારો રહેતા હતા. ઝૂંપડાં અને વસતિને ટાળતો ધાબલ ખીણમાં ફરવા લાગ્યો. ખીણને ઠેઠ છેડે થોડાં પાકાં મકાન આવ્યાં. અહીં જરા થાડી વસ્તી હતી. કૂતરાં ભસવા લાગ્યાં. ધાબલ ઝાડીમાં ઊંડો ઉતરી ગયો, પણ કૂતરાંઓએ ખૂબ શોર મચાવ્યો. માણસો જાગી પડ્યાં. બેચાર મકાનમાંથી જુવાનો બહાર પડ્યા. દરેકના હાથમાં દાઓ (ધારિયાં) હતાં. જંગલની મુસાફરીએ ધાબલને વનેચરવિદ્યામાં પારંગત બનાવી દીધો હતો. એણે શિયાળ બોલાવ્યું. માણસો હવે કૂતરાંઓને ધુત્કારવા માંડ્યાં: 'માળાં શેરીમાં ઊભાં રહીને સીમનાં શિયાળવાંને ભસે છે, ને સૂવા નથી દેતાં!' પણ એક જણ બહાદુરીથી ઝાડી શોધવા લાગ્યો. ધાબલ ડાળી ઝાલી એક ઘટાદાર વૃક્ષ ઉપર ચડી ગયો. બહાદુરીયાએ ઝાડ પર સળવળાટ સાંભળ્યો. એ દાઓ લઈ નીચે ઊભો રહ્યો અને તીણી નજરથી અંધારી ઘટા ખોળવા લાગ્યો. ઓચિંતી બે ખોપરીઓ ઝાડ ઉપરથી ધીરેધીરે નીચી ઊતરવા માંડી. બહાદુરના ડોળા ફાટી ગયા! એ પાછળ હઠતો ભાગ્યો. શેરી વચ્ચે જઈ ચીનીમાં એ ઘણું બધું બોલી ગયો બધા દરવાજાઓ ધડાધડ બંધ થઈ ગયા. ધાબલ હવે બેધડક ઘરોની પછીત પછવાડે ચાલવા માંડ્યો. કૂતરાંઓએ કોલાહલ મચાવી મૂક્યો. ગામવાસીઓ થીજી ગયા. ગામમાં બે માથાંનો ખવીસ ફરતો હતો!

ઘરઘરમાંથી આર્તનાદ ઊઠ્યો. ઓચિંતો ધાબલને કાને બલીમાં ઊઠતો આર્તનાદ સંભળાયો. એ પછીત ઉપર ચડ્યો. ચોકમાં ચાર બલીઓ એક બીજાને આશ્વાસન દેતા ધ્રૂજતા બેઠા હતા. એણે આસ્તેથી પણ સ્પષ્ટ અવાજે કહ્યું: 'યાંગ બોદો ત-માહુ બલાજાર.' (જે મૂર્ખ હોય છે તે કંઈ પણ શીખવા નથી ચાહતા).



ઓરાંગ લાઉતનું પ્રેતલોક ગણાતું દિયાકુકુઓનું નિવાસસ્થાન. ફ્લોરેસ(સેલિબીસ)ના પહાડી વન પર પથરાએલાં ભયાનક જંગલો.

બલીઓએ અવાજ ઓળખ્યો અને ક્ષણ પછી ધાબલ ચોકમાં ઊતર્યો. બલીઓ જરીમુદ્દી સુપર્વોને બોલાવી લાવ્યા.

ખંડ ૨૦: માઠા ખબર

સુપર્વોના ખબર સારા ન હતા. મેઘસુવર્ણોએ પોતાના તક્ષક પિરાહુઓને દરિયા ઉપરથી પાછાં બોલાવ્યાં હતાં. દક્ષિણની ખીણ ચીની નાવિકોથી ઊભરાઈ રહી હતી. નાવિકો ઉદ્ધડ હતા અને શરાબ, જુગાર તથા ઝગડાથી રાતનો દિવસ બનાવી રહ્યા હતા.

બલીઓને પહેલાં તો કેદી જેવા રાખ્યા હતા, પણ ચીની નાવિકોનો ઉધમાત, વસતિને રંજાડવા લાગ્યો એટલે બલીઓને માત્ર આડહથિયાર આપી, નાવિકોને કાબૂમાં રાખવા છૂટા કર્યા હતા.

પિરાહુઓનો કાફલો તૈયાર થતો હતો. એ કાફલો સુલમ્બો સર કરવા જવાનો હતો. ચૌદમે દહાડે કાફલો ઊપડવાનો હતો. સુલમ્બોમાં પાછળ મૂકેલાં કુટુંબોની બલીઓને અત્યંત ચિંતા થઈ પડી હતી.

'પરમેશ્વરીને ફુંગ તાઉમાં ફરવાની છૂટ છે, પણ કાકુલ કારાવાસમાં છે.' સુપર્વોએ કહ્યું અને ખબર આપ્યા કે અજયપાળ પણ ત્યાં જ છે.

'પરમેશ્વરી બલીઓમાં છૂટથી ફરે છે અને બધાંને આશ્વાસન આપે છે. સુલમ્બો જતાં કાફલાને હુકમ થયો છે કે બને એટલા કેદીઓને જીવતા પકડી લાવવા અને જો 'રંગદા' પિરાહુ અને દેવો ધાબલ ત્યાં સુધીમાં ન પકડાય તો કાકુલ, અજયપાળ અને દરેક બલી અધિકારીને એક પછી એક શૂળીએ ચડાવવાનો હુકમ થશે એમ મેઘસુવર્ણો કહે છે. 'રંગદા'ની શોધ માટે સો ઓરાંગ લાઉત નાવડીઓ બહાર પડી છે.'

'ફુંગ તાઉની તાકાત કેટલી?' ધાબલે પૂછ્યું.

'તાકાત બિશિયાર તુવાં! ત્રણ ગઢ છે. એનું બારૂદખાનું એવું ભરપૂર છે કે છ મહિના સુધી લડે તો ય ન ખૂટે!'

'બેહ (બેશ)!' ધાબલે કહ્યું અને જવા ઊઠ્યો.

'તુવાં!' સુપર્વોએ પૂછ્યું, 'એકલા ક્યાં જશો?'

'જ્યાંથી એકલો આવ્યો ત્યાં!' નાખવાએ જવાબ ઉડાવ્યો. (ચાલુ)



કુલપતિ કઝિન્સ

ઈલુરનું કૈલાસમંદિર · ફરી પરદેશગમન

ભારતની સ્વાતંત્ર્યલડત

[હપતો ૧૧મો]

અજંતાથી ૭૫ માઈલના અંતરે ઇલુરનું કૈલાસમંદિર ભારતની કલાસિદ્ધિનું વળી વધુ ઊંચું શિખર, બીજાં બૌદ્ધ જૈન પાષાણમંદિરોની વચ્ચે વિસ્મયમુગ્ધ કરી દેતું તેમણે નિહાળ્યું. એમાંનું એક મંદિર વિશ્વના સ્થાપત્યશિલ્પમાં એ સ્થાનને પ્રસિદ્ધપૂર્ણ બનાવી શકે એવું છે. બીજાં મંદિરો ખડકના પેટાળમાં કોતરેલાં છે, પણ કૈલાસ તો અંદરબહાર સર્વાંગે ઉત્કીર્ણ શિલ્પશૃંગારભર્યું ખુલ્લા આકાશ નીચે સ્થિત છે. વિશ્વનાં દૈવી તત્ત્વોને સંકેતપૂર્ણ પાત્રોમાં અભિવ્યક્ત કરવાની ભારતીય પ્રતિભા ત્યાં પૂર્ણ સ્ફુરાયમાન બની છે. ચિત્તના સંકલ્પથી નિર્માણ કરવાની શક્તિ ને મનના આદેશ પ્રમાણે કાર્યમાં ઉતારનારી નેત્રો અને હાથની શક્તિએ સાચા પહાડમાંથી કલાસૃષ્ટિ નિપજાવીને આશ્ચર્ય ઉત્પન્ન કર્યું છે. સફેદ ચૂનાના આલેપનથી એ સમગ્ર વિરાટ શિલ્પ એક વખત તેના ભક્તોના હૃદયમાં હિમાચ્છાદિત શિવધામની પવિત્રતા પ્રેરી અંતરમાં ઉજ્જ્વળતા પ્રસારતું હશે.

ઉત્તર ભારતના પ્રવાસમાં અનેક વ્યક્તિઓને વટાવતાં એ કૈલાસદર્શનની સમતુલા આપનાર માનવસ્વરૂપોનો પણ મેળાપ થયો. અતુલ ચિત્રસૌન્દર્યના સ્વામી અવનીન્દ્રનાથ બીમાર હતા. લકવાથી ઝલાયા હતા. કલકત્તાના કૉલેજ સ્ક્વૅરમાં મારા ખંડ પર આવનાર નિમ્ન કોટીના બીજા કલાકારો પ્રમોદ ચૅટરજી, એ. બૅનરજી, એમ. ગુહા અને પ્રસિદ્ધ કલાપંડિત શ્રી અર્ધેન્દ્ર ગાંગુલી હતા. બીજે દિવસે શાન્તિનિકેતન ગયો ત્યારે કૈલાસના ઉત્તુંગ શિખર સમા શ્રી રવીન્દ્રનાથનાં દર્શન અને નિરવધિ પ્રેમાદરનો પાત્ર બન્યો. ૭૦ વર્ષની વયે તાલવૃક્ષ જેવા ટટ્ટાર, શ્વેત કેશાવલિ ને દાઢીથી વધુ પ્રતાપી લાગતા. એમના સપાટો પહેરી મોટા રાજવી ઝભ્ભા સાથે સતત જાગૃત સમૃદ્ધ માનસનો પરિચય આપતા વાટિકામાં વિહરતા સમી સાંજની શીતળ હવા માણતા. પાછા ફરતાં તેમની સાથે તેમના સુંદર ભવનમાં સાથે જ ભોજન થતું. કેટલાક અનુભવોએ તેમને અગોચર આધ્યાત્મિક અનુભવોની ઝાંખી થઇ હતી અને તે સામેનો તેમનો સંદેહ ઓગળી ગયો હતો.

પણ ૧૯૩૦ના એપ્રિલની ૨૭મીએ આગળના પ્રવાસની પુનરાવૃત્તિ કરવાનું અમેરિકાનું ફરી આમંત્રણ મળ્યું. ભારતમાં રાષ્ટ્રીય ચળવળ જોરથી ઊપડી હતી. અને શ્રીમતી કઝિન્સને તેની વચ્ચે રાખીને તેમણે મદ્રાસ છોડ્યું. કારણ કે ભારતમાં પરદેશી રાજ્યની મૂર્ખતાના પ્રસંગોથી એ વર્ષ યાદગાર બની ગયું. એમણે લખ્યું કે 'અવલોકન કરી સત્ય કહેનારા એમના જેવા માણસોની પણ જરૂર હતી તેથી આમ અલગ થવાનો પ્રસંગ યોગ્ય જ હતો.'

૧૯૩૦ના મેની ૯ઠ્ઠીએ તે હજુ અરબી સમુદ્રમાં હતા. તે વખતે જ ખબર મળ્યા કે ૧૮૨૭ના એક વટહુકમ પ્રમાણે ગાંધીજીને સૂરત પાસેથી પકડ્યા હતા. જિનેવામાં ખબર મળ્યા કે સરોજિની નાયડુને પણ ગાંધીજીનો સાથ કરવા બદલ ૯ માસની કેદ મળી હતી. એકેએક દિવસ પત્રોમાં તેમની છબી મુખ્ય બનાવ તરીકે અગ્રભાગે છપાઇ. આવે વખતે ગ્રેટા તેમના યુદ્ધતત્પર સ્વભાવને કેમ રોકી શકે ?

તેમણે સાથે લીધેલાં નવાં ભારતીય ચિત્રોનું પ્રદર્શન શ્રેષ્ઠ રીતે જિનેવાની લી એથેનીએ ૧૬ દિવસ રાખ્યું. એ વખતે 'લીગ ઑાવ નેશન્સ' ચાલુ હતી. તેને અંગે આવેલા ૫૦ જેટલા પત્રકારો માટે પ્રદર્શન અને મુલાકાતો ગોઠવાઈ. પ્રશ્નોત્તરો, નાસ્તા-પાણી અને આનંદોદ્ગારોથી એ પ્રસંગ સભર બન્યો. એક ડચ પત્રકારે 'બ્રિટિશ ભારત'માં તળપદી કળા કેવા પ્રકારની છે તે હૉલન્ડમાં બતાવવા ખૂબ જ આગ્રહ કર્યો. એક બીજા પત્રકારે પ્રદર્શન માટે સરસ જગ્યા અને પ્રચારનું માથે લીધું અને હૉલન્ડના એકેએક પત્રના પ્રતિનિધિ તેનું અવલોકન લખે એવી ગોઠવણ કરી. ન્યૂ યૉર્ક જતાં પહેલાં તેમણે એક અઠવાડિયું હૉલન્ડના હેગ શહેરમાં ગુજાર્યું.

'મારા યજમાને વચન પ્રમાણે બધું કર્યું. હૉલન્ડના પાટનગરના મુખ્ય કલાકેન્દ્રમાં પ્રદર્શનની ગોઠવણ રાખી હતી. બીજે દિવસે પ્રેસ કૉન્ફરન્સમાં પ્રશ્નોત્તરોની ઝડી વરસી. બ્રિટિશ ભારતનાં ચિત્રોનું આવું પ્રદર્શન હૉલન્ડમાં પ્રથમવારનું જ હતું એટલે તે કળાજગતનો શિરટોચ (topranking) બનાવ ગણાયું.' તે પછી તે ન્યૂ યૉર્ક વિદાય થયા. આ પ્રવાસ દરમિયાન તેમણે ઘણી નવી કાવ્યપંક્તિઓ રચી, નવા કાવ્યપ્રસંગો નિર્મ્યા.

ફિલાડેલ્ફિયાની નજીકમાં બ્રિસ્ટોલની રૉટરી ક્લબમાં તેમણે 'સામાજિક અને સાંસ્કારિક ભારત' (India cultural and social) એ વિષય પર મૌલિક વ્યાખ્યાન આપ્યું. તે વખતે પ્રશ્ન પૂછાયા તેમાં એક જણે વિનયથી પૂછ્યું, 'ડૉ. કઝિન્સ, છેવટે એમ તો લાગે છે ને કે રાજકીય હેતુ માટે મીઠું પકવવાનો ગાંધીનો તરીકો નજીવો પ્રયોગ છે ?' એને તરત જવાબ મળ્યો, 'નજીવો કહો કે સૂચક કહો પણ બૉસ્ટનના બંદરમાં ચા ઠાલવી દીધી તેવો જ'. ખૂબ જ હસાહસ થઈ ગઈ. એ પ્રશ્ન પૂછનાર પણ ખુશ થઈ ગયો.

વૉશિંગ્ટનમાં યુનિવર્સિટી ઑાવ મૅન્સ ક્લબના આશ્રયે એક સભા થઈ ત્યાં ક્લબના સેંકડો સભ્યો પાસે 'ભારતના નામાંકિત નરો' (Eminent Indians) ઉપર બોલવાનું આવ્યું એટલે કોઈ પ્રેરણાથી તેમણે ગાંધી, બોઝ ને ટાગોરને પસંદ કર્યા ને તેમને સંત, વિજ્ઞાની ને ઉદ્ગાતા (saint, scientist and singer) એવાં અભિધાનો આપ્યાં ને છેવટે જનગણમનની એકબે બંગાળી લીટીઓ પોતાની રીતે બોલી કવિએ કરેલો આખો અંગ્રેજી અનુવાદ સંભળાવ્યો. એ વખતે ખયાલ પણ ન હતો કે કાવ્યમાં છે તે, હજારોએ કરેલો સંકલ્પ સત્ય બનશે.

વાયદા પ્રમાણે તેમણે આયોવા યુનિવર્સિટીમાં કાવ્યપ્રયોગો ઉપર વ્યાખ્યાનમાળા આપી. એમનું ચોથું વ્યાખ્યાન 'કાવ્ય:અંતર્નાદનું પુરાણશાસ્ત્ર' (Poetry as intuitive scripture) એ વિષય પર થઈ ગયું ત્યાર પછી પ્રો. શામબોધ (Shambaugh) જે વ્યાખ્યાનવિભાગના મુખ્ય હતા તેમણે ડૉ. કઝિન્સને એકાન્તમાં બોલાવી જાતવિનમ્રતા (modesty) પર નાનું સંભાષણ આપ્યું.

'તમે યુનિવર્સિટી આગળ સાહિત્યપ્રકાશનો પ્રવાહ રેલાવ્યો છે. તમે કાવ્યનાં અંતરબાહ્યાંગ સમજાવ્યાં છે અને કેટલીયે જાણીતી કાવ્યપંક્તિઓને નવા સંદર્ભમાં મૂકી તેમાં નવીનતા બતાવી છે. પણ તમે એક આયરિશ કવિ કઝિન્સને વીસરી ગયા છો. હવેના વ્યાખ્યાનમાં બીજાઓને પડતા મૂકજો અને તમારો ભંડાર ખુલ્લો કરજો.'

સાયન્સ થીએટરની વ્યાસપીઠ પર ચડતાં મને મિલ્ટનની પંક્તિ યાદ આવી: where more is meant than meets the Ear.

'કાનોમાં પહોંચે તે કરતાં વધુ અર્થપૂર્ણ.'

મારી જ કાવ્યપંક્તિઓના નમૂના લઈ કવિતાનો ઉદ્ભવ, સ્વરૂપ અને સંકેત સમજાવતાં મને પણ કેટલીયે સ્મૃતિઓમાંથી આનંદસર્જન મળ્યું. બધાંને લાગ્યું, હું રંગમાં આવી ગયો. હું છેલ્લા શબ્દો બોલી રહ્યો કે તુરત અસાધારણ ધન્યોદ્ગાર થયા. પ્રો. શામબોધે કહ્યું, 'તમે તો કામણ કર્યું. તેઓ કોઈ ઊઠવા ઈચ્છતા નથી અને હું પણ. આનું નામ ખરું સંભાષણ.' હું પૂરું સાંભળી શક્યો નહિ એટલે જવાબ આપી શક્યો નહિ.

એક ચર્ચમાં ભાષણ આપ્યા પછી રાત્રે ૧૦ વાગે સ્ત્રીસભાગૃહમાં 'ભારતની નારી' વિષે કંઇ કહેવા ખેંચી ગયા. રસ્તાના અંધારા ભાગોમાં મેં યુવકયુવતીઓને ગાઢ આલિંગનમાં જોયાં. પ્રૌઢ અવસ્થા પર ન્યૂ ટેસ્ટામેન્ટની કેટલે સુધી અસર પડે છે તે જોઈ લીધું.

લીંકન ખાતે નેબ્રાસ્કા યુનિવર્સિટી (કૉલેજ ઑવ ફાઈન આર્ટ્સ-કલાવિદ્યાલય)માં મારી કામગીરીની દૃષ્ટિએ સૌથી સંતોષકારક અનુભવ થયો. કળાના ઐતિહાસિક અને સૈદ્ધાંતિક વિભાગો સાથે જ કૌશલપ્રાવીણ્યના વિભાગને સમતુલામાં રાખતી સંસ્થા જોઇ. તો પણ હજી પૃથ્વી ઉપર કેળવણીને સાચું સ્વરૂપ આપનાર પ્રથમ પગથિયારૂપે કળાને અભ્યાસક્રમમાં ઓતપ્રોત કરનારી સંસ્થા મારે શોધવી રહી.

અહીં ભારતીય ચિત્રોને બહુ ઉમળકાભર્યો, સમજણભર્યો આવકાર મળ્યો. ચિત્રવીથીમાં કળાના વિદ્યાર્થીઓ અને અધ્યાપકોનાં મુશ્કેલ ટોળાંઓની સાથે વાર્તાલાપમાં મારો સમય પૂરો થઇ જતો. ઘણા પ્રશ્નોના જવાબો આપ્યા પછી તેઓમાં ઘણી સુંદર સમજણ પ્રકટતી. એક ઠેકાણે તો મારે ઊંચી જગ્યા પર ઊભા રહીને બધી કલામેદની સાથે હાથ મિલાવવા પડ્યા. સંખ્યા તો શેની યાદ રહે ?'

ડેનવર યુનિવર્સિટીના કોલારાડોની કૉલેજ, નેવેગ, રેનો અને લૉસ ઍન્જેલિસમાં બીજી વારના પ્રસંગો બધા પ્રેમભર્યા સહચાર અને સંભાષણોથી પૂર્ણ હતા. છેવટના નવ દિવસો સાન્ટા બાર્બારાના ઈમીમ કુટુંબ સાથેના શોકમય બની ગયા. હેત્રીનાં પત્ની સાનફ્રાન્સિસ્કોની હસ્પિતાલમાં ગુજરી ગયાં. એમની પોતાની તબિયત પણ લથડી હતી. વેન્ચુરાના એક ડૉક્ટરની દવા લેવા માંડી. એ ડૉક્ટર નાસ્તિક ગણાતો. એણે તબિયત તપાસી કહ્યું, 'તમને કશું નથી થયું. માત્ર ખાનપાનની અનિયમિતતા અને કામનું દબાણ અસર કરી ગયાં છે.' એના કહેવા પ્રમાણે આરામ અને શાન્તિ લીધાથી તબિયત સુધરી ગઈ ત્યારે તેની પાસે દવાનું બિલ માગ્યું. 'બિલ! બિલ શાનું? તમે ક્રોટોનાના તમારા ભાષણથી મને તો કળા અને બુદ્ધિનો ઉપચાર કર્યો છે તેનું બિલ મારે આપવાનું હોય તો મારે તો દેવાળું કાઢવું પડે.' આખરે મેં તેના મુલાકાતખંડ માટે મારાં કેટલાંક પુસ્તકો ભેટ કર્યા, જેથી અમેરિકાના પદાર્થવાદ પર કંઈ અસર થાય.

પાછળથી ભારતમાં સ્વાતંત્ર્યસંગ્રામને અંગે જે બનાવો બન્યા તેમાં શ્રીમતી માર્ગરેટ ઘણામાં સંડોવાતાં ગયાં. મદ્રાસના રેતાળ કિનારા પર મોટી મેદની આગળ તેમને ભાષણ આપવાનો પ્રસંગ આવ્યો તે જ વખતે પાછળથી કેટલાક મોટરોમાં ફરવા આવેલા યુરોપિયનોની સગવડ ખાતર લોકોને ખસેડવાની પોલીસને સૂચના અપાઈ. આમ કરવાની જરા ય જરૂર નહોતી છતાં બીજે દિવસે છાપામાં તેને અંગે કેટલાક મરી ગયા અને ઘાયલ થવાના સમાચાર પ્રસિદ્ધ થયા. પછી તો જે લોકો અને સંસ્થાઓ અલગ જ રહે એવાં હતાં તેઓ પણ આ સંગ્રામમાં ઝૂકી પડ્યા. શ્રીમતી માર્ગરેટ જેવાને માથે પણ દોષ આવ્યો કે તેમનાં જેવાં તેમાં અગ્રભાગ લે છે માટે જ ઘણા ભારતીઓ રાજકીય ચળવળમાં જોડાય છે અને એ જ કારણે બિનરાજદ્વારી એવા ભારતમહિલાસમાજ તરફથી વાઇસરૉય અને ગવર્નરને વિરોધના તારો થયા તેમાં તેમનું નામ દૂર રાખવામાં આવ્યું હતું. વર્તમાનપત્રો, તારો બધાં ઉપર અંકુશ મુકાઈ ગયા હતા અને ૩૦મી એપ્રિલે એક રાજદ્વારી નેતા શ્રી સી. રાજગોપાલાચારીને કેદ કરવામાં આવ્યા. આ સમાચાર પણ પ્રસિદ્ધ થયા નહોતા, કોઈ રૂબરૂ લઇ આવ્યું હતું.

શ્રી બેસાંટ સત્તાનો દોર તોડવાના પ્રયાસમાં ગાંધીજીની સામે થવાની ધૃષ્ટતા બદલ બહુ અપ્રિય થઈ ગયાં હતાં. આ બાબતમાં તેમનો શો સિદ્ધાંત હતો ને પદ્ધતિની બાબતમાં વિરોધ છતાં તેના આદર્શોમાં સંમત હોવા વિશેના અજ્ઞાનથી લોકોએ તેમનું અપમાન કરી 'મરીન' સાગરતટે જતા રોક્યાં હતાં.

સારાં સ્ત્રીપુરુષો જેલમાં જવા લાગ્યાં. કંઇકના ઉપર જાસૂસી થવા લાગી. એવો એક માણસ અદ્યાર આશ્રમમાં આશ્રય લેવા આવ્યો એટલે તે મકાનને ઘેરો ઘાલી ત્યાં જેટલાં હતાં તેટલાં માણસોને અટકમાં લીધાં અને પછી બીજાં ૩૦ ઘરોની જડતી લીધી. એક વકીલે ભારતના સરકારી મંજૂરી વગરના ભારતીય ધ્વજને વંદન કર્યું તે માટે એ કેદ થયો. કમલાદેવી મુંબાઇની જેલમાં તપાસ અને સજાની રાહ જોતાં હતાં તેમણે શ્રીમતી માર્ગરેટને લખ્યું, 'આજે હું આપની ખરી આધ્યાત્મિક પુત્રી અને શિષ્યા થઇ હોવાનો હક જાહેર કરું છું.' એ વાંચી શ્રીમતી કઝિન્સ હરખાઈ ગયાં.

શ્રી સરોજિની નાયડુ અને ૨૦૦૦ જેટલા સ્વયંસેવકો લાઠીદંડા ખાઇને જેલમાં ગયા. ૧૮૦ જેટલા હસ્પિતાલમાં પડ્યા. આ બધી તવારીખમાં એક પ્રજા બીજી પ્રજાના કૃત્રિમ સ્વામીત્વમાંથી મુક્ત થવા તે કેવાકેવા સંજોગોમાંથી પસાર થતી આવે છે તેના પ્રસંગો ભરપૂર છે. એની વચ્ચે 'સમસ્ત એશિયા મહિલાપરિષદ' (All Asia woman's conference) નિર્માણ પામી. તેના નિયુક્ત પ્રમુખ શ્રી સરોજિની નાયડુ જેલમાં હતાં. તેથી રોજ જુદા જુદા દેશના એક આગેવાન મહિલાએ પ્રમુખસ્થાન લીધું હતું. એકાદ વર્ષ પહેલાં એશિયાની પૂર્વ કંઠારે સેવેલાં સ્વપ્નોની આવી અપૂર્વ અને નિરવધિ સફળતા જોઈ શ્રીમતી માર્ગરેટે એકાંતે હર્ષાશ્રુ પાડ્યાં. એવામાં એમને અમેરિકાથી શ્રી કઝિન્સની નાદુરસ્ત તબિયતના સમાચાર મળ્યા. તેઓ પોતાનાં પર્યટનો અને સતત પ્રવાસોથી થાકી બીમાર થયાં હતાં. તેવામાં ન્યૂ યૉર્કની સીટી કૉલેજ તરફથી એક વર્ષ માટે 'આજની અંગ્રેજી કવિતા' (Modern English poetry) ઉપર અતિથિવ્યાખ્યાતા તરીકે તેઓ નિયુક્ત થયાના ખબર મળ્યા. બંનેનો ખર્ચ નીકળે એટલો દરમાયો પણ હતો. આથી જાહેર જીવનનો ત્રાસ છોડી તેમની સાન્નિધ્યમાં પહોંચી જવાની તાલાવેલી શ્રીમતી કઝિન્સને થઈ આવી. કામકાજની

ભલામણો કરી, ઘરવખરી સમેટીને તેઓ એક કાર્ગો સ્ટીમર—માલ લઈ જનારી આગબોટ સીધી ન્યૂ યૉર્ક જતી હતી તેમાં ઊપડયાં અને જુલાઈની ૩જીએ કઝિન્સદંપતિ ન્યૂ યૉર્કમાં રોરિક મ્યૂઝિયમના બારમે માળે એક ખંડમાં ફરીવાર અમેરિકામાં સાથે વસ્યાં. ત્યાં તેમને સંતોષ મળે એવાં માનવીઓ અને સૃષ્ટિ નજીકનજીકમાં જ હતાં. કવિતા અને વિવેચના તેમ જ આલોચનાભર્યાં વાતાવરણમાં બંનેની લેખનશક્તિ ફરી પાંગરી. શ્રી કઝિન્સની તબિયત સુધરતી ગઇ તેમ કવિતા રચવાનો આવેગ જાગ્યો અને તેમનાં કેટલાંક સુંદર કાવ્યો ત્યાં લખાયાં. એમના ખંડમાં ભારતનાં સ્મરણો જાગૃત કરતા પદાર્થો, સિંધ અને મદ્રાસનાં સાદાં સરસ છાપનાં આચ્છાદનો વગેરેનો ઉપયોગ કરી મિત્રોને એ પૂર્વી વાતાવરણનો આનંદ આપતું કલાત્મક સમાજકેન્દ્ર બનાવ્યું.

ન્યૂ યૉર્ક સીટી કૉલેજની તેમની કામગીરીની વાતો થવા લાગી અને ન્યૂ યૉર્ક યુનિવર્સિટીએ તેમની પાસે કવિતા ઉપર અઠવાડિયામાં એક વાર સવિશેષ વ્યાખ્યાનક્રમની યોજના કરી. 'કવિતાની કળા અને શાસ્ત્ર' (The scence and art of poetry) ૧૫ અઠવાડિયાં ચાલ્યાં. ૩૦ શ્રોતાઓ તે માટે ફી ભરી સાંભળતા હતા. અને લોકો પાસે જે કંઇ કાવ્યભંડાર હતો તેમાંથી કવિતાનાં શબ્દ, રચના, ગેયત્વ, અલંકાર, સંવેદના વગેરે તત્ત્વો(Verbal, structural, musical, figurative and psychological constituents of poetry)ના શાસ્ત્રીય પૃથક્કરણ અને સૌન્દર્યસમન્વયની ભૂમિકા તેમણે સ્થાપી.

દરમિયાન શ્રીમતી કઝિન્સે ન્યૂ યૉર્કની કોલંબિયા યુનિવર્સિટીના હોમ સાયન્સ વિભાગના શિક્ષકવર્ગમાં એક જગ્યા મેળવી. આ જગ્યા માટે પ્રવેશ મેળવવા તેમને એક દિવસે સવારના આઠથી બપોરના ત્રણ સુધી રાહ જોવી પડી, કારણ કે યુનિવર્સિટીના પત્રક પર પ્રવેશસંખ્યા નેવું હજાર પહોંચી હતી. ત્યાં તેમને ન્યૂ યૉર્કના એક કુટુંબનો રોજનો ભોજનખર્ચ કેટલો થાય તેની સરેરાશ મેળવવાનું સોંપાયું. તે જ વખતે તેમણે કહ્યું, 'આ સંશોધનકાર્ય માટે પ્રથમ એવું ધારી લીધું હશે કે માંસખાદ્યો ખોરાકમાં આવશ્યક તત્ત્વો છે. પણ ૨૮ વર્ષ પહેલાં મારા લગ્નદિવસથી કદી એ પદાર્થો મેં ખાધા નથી તેથી નિરામિષ શાકાહાર પર મારું સંશોધન કરવાની મને છૂટ મળવી જોઇએ.'

એમનાં સંશોધનો માટે તેમણે શાકાહારી જનસંખ્યા શોધવા માંડી. તેમણે કુટુંબો, રેસ્ટોરાં અને સંસ્થાઓની મુલાકાતો લીધી અને છેવટે એ મહાન નગરમાં શાકાહાર પર જીવનાર કુટુંબના ખર્ચ વિશે અને પદાર્થો વિશે માહિતી રજૂ કરી. એમાંથી જેઓ ચુસ્ત શાકાહારીઓ હતા તેમનું એક મંડળ બનાવી સભાઓ ભરી. બીજી પણ અનેક સુખદ મુલાકાતો, મૈત્રીઓ અને સંગીતસમારંભો માણ્યાં.

૧૯૩૨ની ૮મી ફેબ્રુઆરીએ ન્યૂ યૉર્કમાં પ્રસિદ્ધ સંગીતાચાર્ય પેદ્રેવ્સ્કીએ એક અવનવો જલસો કર્યો. યુનાઇટેડ સ્ટેટ્સમાં પ્રવાસ કરતાં તેમને ખબર મળ્યા કે સિનેમાના થીએટરોમાં રેકર્ડોનો વપરાશ થતાં વાદ્યવૃન્દના કેટલાય ઉસ્તાદોને કામથી છૂટા કરવામાં આવ્યા હતા. એ બાબત એના મહાનુભાવ હૃદયને આઘાત થયો અને એણે ન્યૂ યૉર્કનું મોટામાં મોટું શ્રવણભવન રોકીને એક જલસો આપ્યો તેની તમામ ઊપજ રખડી પડેલા સંગીતબાજોને મદદ કરવા આપી દીધી. એની બે ટિકિટો મેળવી કઝિન્સદંપતિએ ત્યાં હાજરી આપી હતી. તે દિવસે ૧૬૦૦૦ ડોલર સ્થાનભ્રષ્ટ કલાકારોને મળ્યા. નિકોલસ રોરિકના શાંતિધ્વજના વિચારમાં ડૉ. કઝિન્સે ઘણો ઉમંગ અને ભાગ લીધો હતો. એક વખત યુનિવર્સિટીએ કવિઓના કીર્તિમંદિરમાં ઉત્સવ કર્યો ત્યારે સદ્‌ગત મહાન કવિઓ વિશે બોલવાને એક એક જીવંત કવિને સોંપાયું. ડૉ. કઝિન્સના સદ્‌ભાગ્યે એમર્સન પર બોલવાનું આવ્યું હતું.



દંપતિ કઝિન્સ (આ લેખનું મથાળું) અને શ્રીમતી કઝિન્સ (ઉપર) ન્યૂ યૉર્કમાં હતાં તે સમયની તસ્વીરો

છેલ્લા દિવસોમાં ન્યૂ યૉર્કના શાકાહારપ્રચારમંડળે તેમના વિદાયમાનમાં એક ભવ્ય ભોજનસમારંભ યોજ્યો હતો. તેમાં દેશવિદેશના શાકાહારપ્રિય પ્રસિદ્ધ પુરુષોએ હાજરી આપી હતી. તે પૈકી શ્રી સૈયદ હુસેન જે ભવિષ્યમાં ઈજીપ્તમાં ભારતના પ્રથમ રાજદૂત થવાના હતા તે પણ હાજર હતા. '૩૨ની ૧લી જુલાઇએ તેમણે અમેરિકા છોડયું.

તેમનો નવો ફાલ 'પ્રવાસી વીણા' (A wandering harp) જેમાં તેમની કવિતાઓનો સંગ્રહ છપાયો.

પાછાં ફરતાં એશિયાના બીજા દેશોનાં નારીનેતાઓનો પરિચય મેળવવા શ્રીમતી માર્ગરેટ જેરૂસલેમ, બગદાદ, બૈરૂટ, બસરા વગેરે રણવાટોનો પ્રવાસ ખેડી કરાચી પહોંચ્યાં. ત્યાંથી મુંબાઇ આવ્યાં ત્યારે મહાત્માજી યેરોડા જેલમાં હતા. તેમને મળવા પ્રયત્ન કર્યો. ત્યાં સ્ટેશન પર ગાંધીજીના જમણા હાથ બનેલા શ્રી રાજગોપાલાચારી મળ્યા. એક જ મિનિટની ગુસપુસ કરી તેમણે વાણીસ્વાતંત્ર્યની મનાઇનો હુકમ તોડી જેલનું જોખમ ખેડવા અનુમતિ મેળવી. મહાદેવ દેસાઈ દરવાજા સુધી મૂકવા આવ્યા તેમણે જણાવ્યું કે હવે રાજ્યનું અંતર બદલાય છે તેની નિશાનીરૂપે ગાંધીજીને કોઇની પણ એકાંત મુલાકાત થઇ શકે છે.

અમેરિકા અને યુરોપના તાજેતરના પ્રવાસથી ઉત્તેજિત થએલું તેમનું માનસ બ્રિટિશ જોહુકમીથી વ્યાકુળ બની ગયું અને દરેક પ્રસંગે તે બોલવાની તક લેવા લાગ્યાં. તા. ૭મીએ સાગરના રેતાળ મેદાન પર કેટલાક પ્રમુખજનોએ સભા ભરી. દરેક જણને વાણીસ્વાતંત્ર્ય પ્રમાણે બોલવાનું છે એમ તેમણે જણાવ્યું. એટલે પહેલો જે બોલવા ઊભો થયો તેને પોલીસે રોકવા પ્રયત્ન કર્યો એટલે શ્રીમતી કઝિન્સે કહ્યું, 'તેણે જેટલું કહ્યું તેનો હું મારી જાતે સ્વીકાર કરું છું.' એટલે તેણે તેમને અટકાયતમાં લીધાં અને ઉચ્ચ અમલદારો પાસે લઇ ગયો. એણે તો કહ્યું, 'મૂર્ખાઈ ન કરતો.' કહી આયુ સ્વામીનાથનને ત્યાં તેમને મોકલી આપ્યાં. બે દિવસ પછી તે ઠેકાણે બે સાદા દેખાતા પોલીસોએ નોટીસ આપી અને તેમને વેલુરની જેલમાં લઇ જવામાં આવ્યાં.



ડૉ.હરિપ્રસાદ(૧૯૪૪) પુષ્કર ચંદરવાકર('૪૫) યશોધર મહેતા('૪૬) રાજેન્દ્ર શાહ(૧૯૪૭) બાલમુકુન્દ દવે(૧૯૪૮) નિરંજન ભગત('૪૯)

અમને જણાવતાં આનંદ થાય છે કે

ઈ. ૧૯૫૬નો કુમાર ચન્દ્રક શ્રી 'સુકાની'ને

અમની ચાલુ વાર્તા **'દૈવો ધાધલ'** માટે આપવાનું નિર્ણાયક સમિતિએ ઠરાવ્યુ છે. અમે શ્રી 'સુકાની'ને અભિનંદન આપીએ છીએ અને નિર્ણાયક સમિતિ(પ્રા. વિષ્ણુપ્રસાદ ત્રિવેદી, પ્રા. અનંતરાય રાવળ અને પ્રા. યશવંત શુક્લ)ના આભાર માનીએ છીએ.



વાસુદેવ ભટ્ટ(૧૯૫૦) બકુલ ત્રિપાઠી('૫૧) શિવકુમાર જોષી('૫૨) અશોક હર્ષ(૧૯૫૩) ડૉ.શિવપ્રસાદ(૧૯૫૪) ડૉ.રૂમાકાન્ત(૧૯૫૫)



દરમિયાન તેમને ડૉ. કઝિન્સ ફરી મદનપલ્લી કૉલેજના પ્રિન્સિપાલ બન્યાના ખબર મળ્યા. એ જ વખતમાં ગાંધીજીના અપવાસની વાત બહાર આવી. સુભાગ્યે એમને છૂટા કરવામાં આવ્યા. જેલમાં શ્રીમતી કઝિન્સને ન્યૂસપેપરો આપવામાં આવતાં નહોતાં. અને જ્યારે પહેલું એક પત્ર હાથમાં આવ્યું ત્યારે તેમાં અમારા અધ્યાત્મ આચાર્ય મૈયા બેસાન્ટના અવસાનના ખબરો હતા. તેમને ૮૬ વર્ષ થયાં હતાં. ત્રણ વર્ષથી તો તેઓ લગભગ નિશ્ચેત જેવાં હતાં. એમની અદ્ભુત જીવનકારકિર્દી વિશે તેઓ શોક વચને અંગત કે વિવેકનું અશ્રુબિન્દુ ડાયરીમાં નોંધી શક્યાં નથી. છતાં 'અમે બીજા જન્મે પણ તેમની પીળી કંથાની સમીપ રહેવાનું જ ઈચ્છીએ ને આ જન્મમાં પણ જરૂર પડશે ત્યાં તેમણે ઉઠાવેલ આધ્યાત્મિક જ્યોત ધરી રાખીશું અને જે ઉદાત્ત અને પવિત્ર નિઃસ્વાર્થ જીવનાદર્શ તેમણે બુદ્ધિવિનોદ અને આત્રાદીપૂર્ણ બનાવી આપ્યો છે તેને અનુસરીશું.'

મદનપલ્લીની કૉલેજની જગ્યા સંભાળતાં ડૉ.કઝિન્સે ઉત્તર ભારતનો એક બીજો પ્રવાસ કરી લીધો હતો. એક વર્ષે માર્ગરેટ છૂટીને આવ્યાં. તેમને મદ્રાસમાં અપૂર્વ સ્વાગત મળ્યું. મદનપલ્લીમાં સર સી. વી. રામન્, સર અકબર હૈદરી, સર એસ. રાધાકૃષ્ણ, સર સુબ્રહ્મણ્યમ વગેરે અનેક વિદ્યાભાસ્કરો, પંડિતો, કલાકારોના પરિચયો વધ્યા.

એ વખતે કવિવર ટાગોર શાન્તિનિકેતનના ફાળા માટે તેમની નૃત્યનાટિકા 'શાપમોચન'નાં પાત્રો લઇને આવ્યા અને કઝિન્સ ભેગા થઈ ગયા. કવિને સ્વલ્પ આદર મળ્યો તેથી ઉદાસ થઈ ગયા હતા. પહેલે દિવસે કઝિન્સે પ્રજાને સમજાવ્યું કે કવિનાં દર્શન માટે પણ ટિકિટનું મૂલ્ય પૂરતું નથી, અને બીજું ઘણું કહ્યું. તે ભાષણ પત્રોમાં છપાયું. અને બીજે દિવસે નાટ્યગૃહ ઊભરાઇ ગયું.

ડૉ. કઝિન્સને તો પાછી મદનપલ્લીના ખર્ચની ચિંતા રાખવાની હતી. અતિશય ખર્ચ અને નિરાશા વચ્ચે ક્વચિત નાનીમોટી રકમોની સખાવત મળી જતી અને ઉત્સાહ ટકી રહેતો. શ્રીમતી કઝિન્સ નારી-ઉત્કર્ષનાં કાર્યો માટે ચારે તરફ પ્રવાસો કરતાં તથા કૉલેજના વિદ્યાર્થીઓનાં અમ્મા બની તેમનાં સુખદુઃખ અને સગવડો પર ધ્યાન આપતાં.

તેઓ મદનપલ્લી પાછા આવ્યા તે પછી થોડા જ વખતે વર્તમાન વાંચ્યા કે ત્રિવેન્દ્રમના યુવાન મહારાજા ૧૯૩૧માં ૧૯ વર્ષની વય પ્રાપ્ત થતાં રાજ્યસત્તા ધારણ કરે છે અને તેમના માટે એક મહેલ બંધાઇ રહ્યો છે. એ પરથી ડૉ. કઝિન્સને સૂઝ્યું અને લખ્યું કે 'આવા શુભાગમ પ્રસંગે ભારતીય રાજાને શોભે એવી રીતે ભારતીય કલાને તેમાં યોગ્ય સ્થાન આપી નવા યુગનો આરંભ કરવો જોઇએ.' એનો જવાબ ન મળ્યો. 'પણ મારો એ પત્ર નકામો નહોતો જ ગયો એવું મેં પછી જાણ્યું. મને ત્રાવણકોરની એક માનવતાવાદી સભા માટે નિમંત્રણ મળ્યું. એ લોકોની લાગવગને લીધે હું રાજ્યનો અતિથિ થયો હતો. અને સભામાં પણ રાજ્યમાતા ને યુવાન મહારાણીએ હાજરી આપી હતી. સભા પછી રાજ્યમાતાએ મહેલમાં નિમંત્રી વાતો કરતાં કરતાં મારી કલાભિરુચિની કસોટી કરી લીધી. મહેલનાં ચિત્રો ને પ્રતિમાઓની ગોઠવણી અને ફેરફારો મેં સૂચવ્યા તે તેમને ગમ્યા. એમ કરતાં એક ચિત્રાલયનો વિચાર સ્ફુર્યો. મ્યૂઝિયમના બાગમાં એકબે મકાનો પસંદ થયાં અને અતીવ સ્વલ્પ શરૂઆત કરવાનું ઠર્યું અને તેમાંથી આગળ ઉપર ભારતનું એક સર્વોત્તમ ભારતીય ચિત્રાલય નિર્માણ પામ્યું. (ચાલુ)

—ર. મ. રા.

પચ્ચીસ વર્ષ પહેલાં

કુમાર

ફાગણ ૧૯૮૮
અંક ૯૯

માર્ચ મહિનો એટલે લગભગ પરીક્ષાઓનો મહિનો. પરીક્ષાઓ પાસ કરવી એ જ એક માત્ર મોટી મહત્ત્વાકાંક્ષા આજે આપણા વિદ્યાર્થીઓમાં જોવા મળે છે. પણ સાચી મહત્ત્વકાંક્ષા કેવી હોવી જોઇએ એનો ખયાલ આપતો પચ્ચીસ વર્ષ પહેલાંના 'કુમાર'ની 'મિજલસ'નો લેખ હજી આજે ય એવો ને એવો જ તાજો લાગે છે. અને તેથી આ પાનાઓ પર તેમાંનો થોડો યે ભાગ લઇએ છીએ. આની સાથે ડૉ. મહેન્દ્રલાલ સરકારનો વિસ્તૃત પરિચય પણ એટલો જ બોધક અને રોચક રીતે એ અંકમાં વિસ્તારથી અપાયો હતો. અહીં આપણે એ ફરી નહિ જોતાં આ જ અંકમાંનો એક બીજો લેખ 'માનસિક નોંધ' જોઇએ.

''આપણને ખબર નથી હોતી એવી અજાણ રીતે આપણા મનમાં અનેક પ્રકારની નોંધો અદૃશ્ય રીતે રહ્યા જ કરે છે. આપણે જે કંઈ વિચાર અને વર્તન કરી શકીએ છીએ તે એ માનસિક નોંધને આધારે જ. સ્મૃતિ અને વાચાનો આધાર પણ તેના ઉપર જ રહેલો છે. આ બાબતમાં જર્મનીના એક પત્રમાં ઍલેક્ઝાંડર સ્ટ્રલરે પ્રયોગ સહ એક વિસ્તૃત લેખ આપ્યો, તેમાંનું એક દૃષ્ટાંત અહીં લઇએ.

એક ભાઈ પોતાની ઓરડીએ આવે છે, પણ તે ઉઘાડવાનું સાધન કૂંચી ક્યાંક બીજે ઠેકાણે ભૂલી ગયા છે. પણ ફરીથી કૂંચી ન ભૂલાય તેની યાદી રાખવા માટે રૂમાલ પર મોટી ગાંઠ મારી.


તેણે જે ક્રિયા કરી તેમાં માનસશાસ્ત્રનો એક ખરેખરો અને ફલદાયી સિદ્ધાંત રહેલો છે. બીજે દહાડે ગમે ત્યારે પણ તે રૂમાલ ખીસામાંથી કાઢશે તે વખતે પેલી ગાંઠ નજરે ચડશે ને તરત તેના મગજમાં કૂંચીની આકૃતિ ઊભી થશે. આમ, ગાંઠ અને કૂંચી વચ્ચે કોઈ જાતનું મળતાપણું ન હોવા છતાં રૂમાલની ગાંઠ જોવાથી મનમાં કૂંચીનું સ્વરૂપ કેવી રીતે બંધાય છે? આ સમજવા માટે આપણે ફોનોગ્રાફની રેકર્ડનું દૃષ્ટાંત લઇએ. તેની સપાટી ઉપર સંગીતના સ્વરો અતિબારીક ખાંચાખાડામાં અંકાઇ ગયા હોય છે. વગાડતી વેળા આ સ્વરો ગમેતેમ ગણગણી ઊઠતા નથી, પણ જે ક્રમમાં તે ઉતારવામાં આવ્યા હોય છે તે ક્રમમાં પ્રકટ થાય છે. તેવી જ રીતે મગજ પર જમા થએલા બનાવો ગમે તે રીતે યાદ આવતા નથી, પણ જે ક્રમાંકથી આંતરમનમાં ગોઠવાયા હોય છે તે જ ક્રમમાં પુનઃ જાગૃત થાય છે. પેલા ભાઇએ ગાંઠ વાળતાં વાળતાં કૂંચીનો જ વિચાર કર્યા કર્યો. કૂંચી સિવાય તે વેળા બીજો આકાર જ તેના મનમાં નહોતો. એટલે ક્રિયા ગાંઠ વાળવાની થતી હતી છતાં વિચારાકૃતિ તો કૂંચીની જ ઘૂંટાતી હતી. આથી એ બેની વચ્ચે સંબંધ થયો, ને તેથી ગાંઠ જોતાં કૂંચી જ યાદ આવે છે.

આપણી સાધારણ વાતચીતમાં આવા સંબંધને આપણે ભાવનાયોગ કહીએ. માનસશાસ્ત્ર તેને મનની નોંધ કહે. આવી સેંકડો નોંધો રોજ આપણા મનમાં ચાલુ નોંધાયા જ કરે છે. ખાસ કરીને આપણી ભાષા તો આવી નોંધ ઉપર જ નભી રહી હોય છે. દાખલા તરીકે શબ્દ અને પદાર્થનો સબંધ વિચારો. એક બોલેલો કે લખેલો શબ્દ આંખ અથવા કાન મારફતે આપણને પહોંચે છે ત્યારે તે ભાષાના અક્ષરો જ રહે છે, કે એ બોલાએલા શબ્દ પાછળનો અર્થ પ્રકટાવે છે?

કોઈ 'ટેબલ' એમ બોલે ત્યારે અવાજોની એક પરંપરા કાનના પડદા પર અથડાય છે એ તો આપણે સમજીએ છીએ. પણ એ અવાજ અથડાઇને જ બસ થતું નથી, પરંતુ આપણા અંતરમાં એકદમ એ અવાજ ચાર પાયાના લાકડાના ટેબલની આકૃતિ ઊભી કરે છે.

અહીં બે બાબતોનો સંબંધ દેખાય છે. એક તો અવાજ મારફત આવતી આકૃતિ અને મનમાં ઊભી થતી આકૃતિ. પહેલી આકૃતિમાં જોતાં સ્પષ્ટ જણાશે કે અવાજના આંદોલનની આકૃતિ અને એ જ વખતે મનમાં રચાતી આકૃતિ વચ્ચે જરાયે મળતાપણું નથી. પરભાષાના માણસને એ જ અવાજ કંઈ પણ હેતુ સારતો નથી. (જુઓ આ. ૨જી) આપણી જોડે જ તે ઊભો રહે અને એ જ શબ્દ તેના કાન પર પહોંચે તોપણ તેના મનમાં કશું જ ઊભું થવાનું નથી.

અવાજ એક સરખો છતાં આ ભેદ પડવાનું શું કારણ? તેનો ખુલાસો સરળ છે. બચપણથી જ આપણા મન પર 'ટેબલ' શબ્દનો અવાજ ટેબલનો પદાર્થ કોતરતો રહ્યો છે. તેથી ટેબલ ભલેને સામે ન હોય તોપણ કાન આગળ ટેબલ એવો અવાજ થતાં જ સ્મૃતિમાં 'ટેબલ' જેવો આકાર ઊભો થાય છે. અવાજના પરિચયની સાંકળને લીધે તે મનને જાગ્રત કરે છે,—પેલા ભાઈના મનમાં ગાંઠ શબ્દે કૂંચીનું સ્વરૂપ યાદ આપ્યું તેમ



સાચી મહત્ત્વાકાંક્ષા

મહત્ત્વાકાંક્ષાની આપણી વ્યાખ્યા ઘણી વાર માત્ર સ્વાર્થસાધનાનું રૂપ ધરી કાઢે છે.

ધારેલી વસ્તુ કે સ્થિતિ પ્રાપ્ત થતાં જ તમારા પ્રયાસો અને તપશ્ચર્યા મંદ પડી જાય છે, તમારી જીવનજ્યોત ઠંડી પડી ગઈ લાગે છે. મહત્ત્વાકાંક્ષાને અંતે આવી મનોદશા થઈ જાય ત્યારે નક્કી સમજજો કે તમને મહત્ત્વાકાંક્ષા કરતાં બીજી જ કોઈ મનોવૃત્તિએ પ્રેર્યા હતા. આજે તમે જે મનોરથો ઘડી રહ્યા છો તેની ફલપ્રાપ્તિ થતાં તમે કેવી જીવનસ્થિતિ અનુભવશો તે વિચારી શકો તો જ તમારી મહત્ત્વાકાંક્ષાનું રૂપ સ્પષ્ટ થાય. મોટી રાજ્યપદવી, લક્ષ્મીવૈભવ અથવા કીર્તિકળશ મેળવી બેસવામાં મહત્ત્વાકાંક્ષા સમાઈ જતી કે પાર પડી ગણાતી નથી. એ ધ્યેય પ્રાપ્ત કરી તમે જગતને તમારી શી સેવાઓ આપવાના છો એ કહો તો જ તમારી મહત્ત્વાકાંક્ષાનો રંગ ઓળખાય.

સાચી મહત્ત્વાકાંક્ષાને કદી નિરાશા, અશાંતિ કે અજંપો મૂંઝવતાં નથી. ધીરજ અને આશાથી સાચો મહત્ત્વાકાંક્ષી તેની સાધના બપાવ્યે જ જાય છે. ને તેનાં ફળો ઉતારીઉતારી જગતની સુખસમૃદ્ધિમાં સંવૃદ્ધિ કરવા સિવાય તેને બીજા કોઈ પણ સંકલ્પ-વિકલ્પ થતા જ નથી. તેની સાધના લોકહૃદયને સંતૃપ્ત કરી શકે ત્યારે તે મહત્ત્વાકાંક્ષાની સાચી સીમાઓ જોઈ શકે છે.

પણ પેલા પરભાષા વાળાને 'ટેબલ' અવાજ સાથે 'ટેબલ' પદાર્થને જોડવાનો અનુભવ કદી થયો નહિ હોવાથી તેના કાન પર ટેબલ અવાજ થવા છતાં યે 'ટેબલ'નો ઘાટ તે કલ્પી શકતો નથી.

પોતાની ભાષામાં માણસના મનમાં વર્ષોના મહાવરા ને પરિચયને લીધે શબ્દ તથા વસ્તુ વચ્ચે એટલો ગાઢ સંબંધ બંધાઈ જાય છે કે તે બેને જુદાં તરીકે સમજવાનું પણ કઠણ થઈ પડે. પરંતુ આપણે જ્યારે પરભાષા શીખવા માંડીએ છીએ ત્યારે જ આપણને લાગે છે કે મનમાં વસ્તુના પરિચયની નોંધ અને વસ્તુ ઓળખવાની નોંધ જુદીજુદી હોય છે.

ઘણી વાર એક અજાણ્યો શબ્દ કાન પર અથડાય છે અને તેની ત્વરિત સમજણ ઝટ પ્રકટતી નથી. એથી ઊલટું આપણે એકાદ પદાર્થ કે વસ્તુ વિષે બરાબર ખયાલ ધરાવતા હોઇએ છતાં તે માટે જોઇતો પરભાષાનો શબ્દ મગજમાં જડતો જ નથી. પરંતુ જ્યારે આપણે જરા યે મુશ્કેલી વગર આ બે બાબતો વચ્ચેનો સંબંધ સાંધી શકીએ, શબ્દ અને વસ્તુનો ખયાલ એક સાથે જ આપણા મગજમાં અંકાય ત્યારે જ આપણે પરભાષા શીખી શકીએ."

'મૂલ ગંધકુટિ વિહાર'થી હવે તો આપણે સૌ કોઈ પરિચિત છીએ પણ એની સ્થાપના પાછળનો ઈતિહાસ બહુ ઓછા જાણતા હશે. પચ્ચીસ વર્ષ પહેલાંના એ 'કુમાર'માં તેને વિષેની જે માહિતીપૂર્ણ પરિચય પ્રકટ થએલો તે આપણે જોઈએ.

"લગભગ ૧૮ સૈકાઓ પછી ૧૯૩૧ની તા. ૧૧-૧૨-૧૩મી નવેમ્બરે સારનાથમાં બૌદ્ધ ધર્માનુયાયીઓનું એક આંતરરાષ્ટ્રીય વિરાટ સંમેલન ભરાએલું. આ માંગલિક પ્રસંગે 'મૂલ ગંધકુટિ વિહાર'ની પ્રાણપ્રતિષ્ઠા અને મહાબોધિવૃક્ષારોપણક્રિયા કરવામાં આવેલાં.

ભગવાન બુદ્ધદેવે મહાબોધિ વૃક્ષ તળે દિવ્ય પ્રકાશ પ્રાપ્ત કરી સૌથી પ્રથમ સારનાથમાં પધારી જગતને અનેરો ઉપદેશ આપ્યો. તેમનું તત્કાલીન નિવાસસ્થાન 'ગંધકુટિ' નામે સંબોધાતું એવો શિલાલેખ છે. તેને આધારે આ વિહારનું નામ 'મૂલગંધકુટિ વિહાર' યોજવામાં આવ્યું છે. આ વિહારનો પાયો સૌથી પ્રથમ સિલોનનિવાસી અનાગારિક દેવમિત ધર્મપાલના હૃદયમાં ૧૯૦૪માં નખાયો. આ સદ્‌ગૃહસ્થ ૧૮૯૧ના જાન્યુઆરીની ૨૨મીએ એક જાપાની સંન્યાસી જોડે સારનાથના દર્શને આવેલા. એ વેળા તેમણે ત્યાં ધાર્મિક સ્તૂપ અને સૂવર પાળનાર અછૂત જાતિ સિવાય બીજું કંઈ ન જોયું. આ દુર્દશાથી તેમના કોમળ



હૃદયનાં આઘાત થયો ને ગયાજી જઇને ૧૮૯૨માં બૌદ્ધધર્મોદ્ધાર માટે જીવનવ્રત લઈ ભગવાન બુદ્ધદેવના શરણે સમગ્ર જીવન આપ્યું. તે જ વર્ષે એમણે મહાબોધિ સોસાએટીની સ્થાપના કરી. ૧૯૧૪માં સારનાથમાં મહાબોધિ ફ્રી સ્કૂલનો પ્રારંભ કર્યો. ૧૯૧૫માં હોનોલુલુ દ્વીપનિવાસી શ્રીમતી મેરી ફૉસ્ટરને વિહાર માટે એક સારી રકમ દાન આપવા લખ્યું. આ પ્રમાણે ફંડની શરૂઆત થઈ અને ૧૯૨૨માં વિહારનું કામ શરૂ થયું. થોડો વખત કામ બંધ રહ્યું, પણ આખરે ૧૯૩૧ના જુલાઈમાં મંદિર સર્વથા તૈયાર થયું. આ વિહાર માટે જુદાજુદા દેશવાસી બૌદ્ધોએ સારો ફાળો આપ્યો છે. આ પ્રમાણે મહારાજા કનિષ્ક પછી આવી બૃહદ્ પરિષદ એકત્ર મળવાનું શ્રેય મહાબોધિ સોસાએટીના સંસ્થાપક અનાગારિક દેવમિત ધર્મપાલના શુભ પ્રયત્નોને જ આભારી છે.

સમારંભના પહેલે દિવસે ભગવાન તથાગતના ભસ્માવશેષનો સ્થાપનવિધિ, સરઘસ અને મંદિરની ઉદ્‌ઘાટનક્રિયા મુખ્ય હતાં.

આ ભસ્માવશેષ દયારામ સાહાની હિંદના વાઇસરૉય તરફથી ભેટ લઇને આવ્યા હતા. તેમણે આ અવશિષ્ટાંશ અર્પણ કરતી વખતે તેનો ઇતિહાસ રજૂ કર્યો હતો કે, આ ભસ્માવશેષ ભગવાન બુદ્ધના અસલ અવશિષ્ટાંશના કરવામાં આવેલા આઠ ભાગમાંનો અષ્ટમાંશ છે. તે તક્ષશિલામાં આવેલા ધર્મશક્તિ સ્તૂપ પાસેનાં મંદિરોના ટેકરાઓમાંથી મળી આવ્યાં છે. આમાં ભગવાન બુદ્ધનાં ફૂલ અને ભસ્મ અસલ સોનાની ડાબડીમાં મૂળ રૂપમાં સંઘરી રાખવામાં આવ્યાં છે. ભસ્મમાં અસ્થિના નાના નાના કટકા પણ છે. આ અસલ સોનેરી ડાબડીના રક્ષણાર્થે એક ચાંદીનો સુંદર કોતરકામ કરેલો ડાબડો હતો, અને તેનું રક્ષણ કરવા એક પથ્થરની પેટીમાં તેને બંધ કરવામાં આવેલો; પણ સૈકાઓ થયાં જમીનમાં દટાઈ રહેવાથી પથ્થરની પેટી અને ચાંદીનો ડાબડો ભાંગી ગયાં છે.

અસલ અવશિષ્ટાંશના ચાર ભાગ પાડવામાં આવેલા. તે ભાગો જુદાજુદા સ્તૂપોમાં પવિત્રપણે સ્થાપિત કરવામાં આવેલા. સમ્રાટ અશોકે આ બધા ભાગોને જુદાજુદા સ્તૂપોમાં પરિવર્તિત પણ કરેલા. સૌથી છેલ્લા મહારાજા કનિષ્કે કેટલાક સ્તૂપો ખોદાવી ભસ્માવશેષોને નવીન સંસ્કાર કરાવેલા. અસલ ભાંગેલા ચાંદીના ડાબડા ઉપર ખરોષ્ટ્રી લિપિમાં લખેલું છે કે: 'સન ૧૩૬ની આષાઢી પૂર્ણિમાએ બૅક્ટ્રીઆના ઉરસ્ક નામના બૌદ્ધ ભિક્ષુકે કનિષ્કની મંગળ કામના અર્થે બોધિસત્વ મંદિરમાં આ અવશેષની સ્થાપના કરી'

આ મહાબોધિ વૃક્ષશાખા અનુરાધાપુર (લંકા)થી લાવવામાં આવી હતી. વાસ્તવમાં આ શાખા નહિ, પણ મૂળ બોધિવૃક્ષના બીજમાંથી જ ઉત્પન્ન થએલ એક બાળ બોધિવૃક્ષ છે. મૂળ બોધિવૃક્ષ સેંકડો ફીટ ઊંચું અને વિશાળ હતું. તે ક્યારે પણ કરમાતું નહિ. અશોકે તેની જમણી શાખા પોતાના રાજ્યના અઢારમાં વર્ષે સિંહલદ્વીપમાં લઈ જઇ રોપી, અશોકના પુત્ર મહેન્દ્રે પણ ગયાના મૂળ બોધિવૃક્ષના બીજમાંથી ઉત્પન્ન થએલા છોડને લઈ જઈ સિંહલદ્વીપમાં વાવેલો, તેની વંશપરંપરા હજુ સુધી ચાલે છે. તેનો જ છોડ આ સમારંભ પ્રસંગે લાવી 'મૂલગંધકુટિ વિહાર'ની બાજુમાં રોપવામાં આવ્યો છે.

આ આંતરરાષ્ટ્રીય સમારંભમાં પંડિત જવાહરલાલજીએ મહાસભા તરફથી એક નાનો સરખો સોના અને ચાંદીનો નીલમરંગ જડિત ત્રિરંગી રાષ્ટ્રધ્વજ ભેટ આપ્યો હતો ને પોતાના ભાષણમાં અહિંસાધર્મ રાષ્ટ્રધર્મ હોવાની ખાતરી આપી હતી.

૧૧૯૪માં મહમ્મદ ઘોરીએ સારનાથના બૌદ્ધ મઠ અને મંદિરોનો નાશ કર્યો ત્યારથી તેનાં ખંડેરો પૃથ્વીમાં દટાયાં પડયાં હતાં. બ્રિટિશ સરકારના પુરાતત્ત્વ વિભાગ તરફથી સૌપ્રથમ ૧૮૭૨માં એનું ખોદકામ શરૂ થયું અને ત્યારથી જુદેજુદે વખતે કેટલાક સ્તૂપો વગેરે ખોદી તેમાંથી ઐતિહાસિક વસ્તુઓનો સંગ્રહ કરવામાં આવ્યો છે.

મહારાજા કનિષ્ક પછી આ પહેલો પ્રસંગ છે કે જ્યારે સમગ્ર ભૂમિમંડળમાંથી બૌદ્ધ ધર્માનુયાયીઓ આવી ધર્મોદ્ધારણની વિચારણા કરે છે. આમ અનાગારિક ધર્મપાલે ૪૦ વર્ષની તપશ્ચર્યા પછી જીવનોદ્દેશ સફળ કર્યો."

અનુસંધાન] પ્રદર [પૃ. ૯૫થી

કપડાંના કૂચા પણ કારણભૂત છે. આ વખતે જરૂર છે તદ્દન ચોખ્ખાઈ અને સફાઈની. પ્રદર થવાનું મોટું કારણ તો સંતતિનિયમન ખાતર વપરાતી પેસરી, ગોળીઓ ને મલમ છે. ખરી રીતે તો આ સાધનોના વપરાશના થોડા કલાક બાદ ડુશ વતી યોનિમાર્ગ ચોખ્ખો કરવો જોઇએ. પણ આ અંગેના અજ્ઞાનથી કે ઘરમાં વ્યવસ્થા ન હોવાથી ડુશ લેવાનું જરા પણ વિચારવામાં આવતું નથી. સંતતિનિયમનનાં સાધનો વાપરવાની તૈયારી હોય તો તે અંગેના નિયમો પાળવાની ચીવટ પણ હોવી જોઇએ. જંતુઘ્ન દવાઓ વતી વારંવાર ડુશ લેવાની ટેવ પણ પ્રદર આણનાર છે.

બાળકીઓમાં પ્રદર થવાનું કારણ યોનિમાં મૂકેલી બહારની વસ્તુઓ કે ધૂળમાં રમવાની ગંદી ટેવો કે ગુહ્યાંગો ચોખ્ખાં ન રાખવાની ટેવો છે. પેટના કૃમિને લીધે ગુદા અને યોનિમાં ખજવાળવાથી ચેપ લાગતાં પણ પ્રદર થાય છે. કદીક નોકરચાકરો પણ પોતાને થએલા પરમિયાનો ચેપ માલિકની દીકરીને લાગુ પાડતાં અચકાતા નથી. કન્યાઓમાં પ્રદર થવાનું કારણ શારીરિક અશક્તિ છે. જો સ્રાવ પરૂ જેવો હોય તો લૅબોરેટરીમાં સ્રાવની તપાસ થવી જરૂરી છે. પ્રજોત્પત્તિકાળમાં ગર્ભાશયમુખમાં ઈજા કે ચાંદુ પડવાથી પણ પ્રદર થાય છે. આ વખતે સ્રાવ ચીકણો, પીળા રંગનો અને પરૂ જેવો હોય છે.

અડકાવ બંધ થયા પછી પ્રદર સામાન્ય છે. પણ જો તે લોહીમિશ્રિત ને દુર્ગંધયુક્ત હોય તો તાત્કાલિક દાક્તરી તપાસ થવી જોઇએ. આને મામૂલી તકલીફ ગણી અવગણવી નહિ. ગર્ભાશયના કૅન્સરને લીધે આવો સ્રાવ થાય છે. ઉપર દર્શાવેલાં કારણોમાંથી પ્રદરનું કોઈ કારણ ન હોય તો તે થવાનું કારણ પેઢાના કોઈ ભાગમાં સોજો હોઇ શકે અગર તો શારીરિક નબળાઈ પણ મોટું કારણ છે. આથી તો સ્ત્રીઓ પ્રદર માટે 'નબળાઈ જાય છે' એવી ફરિયાદ લઇને આવે છે. કેટલીક સ્ત્રીઓને યોનિની સામાન્ય ભીનાશ માટે ખોટી ચીડ હોઈ 'શરીર ધોવાયાની' ફરિયાદ કરે છે. પણ આ તો એક શારીરિક ક્રિયા હોઈ એ માટે ગભરાવાનું કોઇ કારણ નથી.

પ્રદરનું એક આગળપડતું કારણ શારીરિક અશક્તિ, નબળાઈ અને રક્તક્ષય છે. આ માટે શરીરમાં લોહી વધે એવી દવાઓ, વિટામિનયુક્ત આહાર અને ગર્ભાશયને પુષ્ટિ આપે એવાં અશોક ને લોધ્ર જેવાં ઔષધો લેવાથી અચૂક ફાયદો થતો જણાયો છે. સંતતિનિયમનનાં સાધનો વાપરનારે સાધનોના વપરાશના થોડા કલાક બાદ યોનિમાર્ગ સાફ કરવા માટે ડુશ લેવાની અને એ રીતે એ અંગોની સ્વચ્છતા જાળવવાની ખાસ જરૂર છે. જીવાણુઓના ચેપને લીધે થએલા પ્રદર માટે દાક્તરી સારવારની જરૂર છે. ખરી વાત તો એ છે કે બધી સારવાર કરવા છતાં ય પ્રદરની ફરિયાદ કાયમી હોય તો તે કાયમ રહેવાની જ છે. શરદીની જેમ એની સારવાર પણ અસંતોષકારક છે.

અનુસંધાન] ઘાના [પૃ. ૯૩થી

પોતાની પેદાશની નિકાસ કરવા જેટલું સમર્થ કુદરતી બારું અહીંના દરિયાકિનારા પર ન હોઇ ટિકોરાડિની(Tekoradini)માં બ્રેકવૉટર બાંધી બંદર બનાવવામાં આવ્યું છે અને એ જ 'ઘાના'નું મુખ્ય બંદર છે. જોકે મુખ્ય શહેર તો અક્રા (Accra) છે. દોઢ લાખની વસતિનું આ શહેર વ્યાપારનું મુખ્ય કેન્દ્ર હોઇ ઘણી ઝડપે વિકાસ પામી રહ્યું છે અને એક લાખ પાઉન્ડને ખર્ચે હાલ ત્યાં ઍરકન્ડિશન્ડ સ્ટુડિયોવાળું એક અદ્યતન બ્રૉડકાસ્ટિંગ સ્ટેશન પણ ઊભું થઈ રહ્યું છે. કુમાશી એ અશાન્ટી વિભાગનું મુખ્ય શહેર છે.

ફોટોગ્રાફી હરીફાઈનું પરિણામ

પહેલું ઇનામ: 'છત્રીનો દાક્તર'–શ્રી ગુણવંત પંચાલ, નડિયાદ; બીજું ઈનામ: 'બપોરની શાન્તિ'–શ્રી હેમેન્દ્ર શાહ, અમદાવાદ; ત્રીજું ઈનામ: 'એક એક લઈ લો'–શ્રી હરિલાલ સેદાણી, રાજકોટ. નોંધપાત્ર: (૧) 'ખોરાકની તલપ'–શ્રી રશ્મિ પેઇન્ટર, અમદાવાદ; (૨) 'તોફાની બારકસ'–શ્રી નાથુભાઈ મિસ્ત્રી, બિલિમોરા.

આ વખતે મળેલાં ચિત્રોમાં વિષયનું વૈવિધ્ય છે અને સંખ્યા પણ ઠીક છે. એમાં કારીગરોના ચહેરાઓ પરનાં ભિન્નભિન્ન ભાવાલેખન, રમતોમાં બાળકોની તન્મયતા, ઐતિહાસિક કલા તથા રમણીયતા, કુદરતી દશ્યો તેમજ પશુ-પક્ષીના ફોટોગ્રાફોનો સમાવેશ થાય છે.

ચિત્ર-વિષયની આવી વિવિધતા જોઇને ઘણી વાર શિખાઉ ફોટોગ્રાફર મૂંઝવણમાં પડે છે અને વિષયની પસંદગી વિષે પ્રશ્ન ઊઠે છે. આથી ઘણી વાર એ સિદ્ધહસ્ત ફોટોગ્રાફરોનાં નામાંકિત ચિત્રોના વિષયોનું અનુકરણ કરવા પ્રેરાય છે. આવા પ્રયાસમાં એની મૌલિક ફોટોદૃષ્ટિ રૂંધાઈ જવાનો ભય રહે છે. નજર સમક્ષ ખડા થતા ચિત્રનો મનથી પરામર્શ કરવો એનું નામ સાચી દૃષ્ટિ. ઘણી વાર કલામય ન જણાતી વસ્તુ કે દશ્યમાંથી પણ કલાકાર પોતાની વેધક દૃષ્ટિથી એકાદ કલામય પાસું શોધી કાઢે છે ને એ પાસાને ઉઠાવ આપી સુંદર કૃતિ રજૂ કરી દે છે. જ્યારે સામાન્ય માણસને કલામય વિષય જોવા છતાં પણ એની જરા યે અસર થતી નથી. આનું કારણ છે જોવાની સાચી દૃષ્ટિ–'seeing eye'ની ઊણપ. આ 'seeing eye' અભ્યાસ ને પ્રયત્નોથી વિકસાવી શકાય છે.


આ પ્રકારની કલાદૃષ્ટિ કેળવવા ફોટોગ્રાફરે બે વાતનું ધ્યાન રાખવું. સિદ્ધહસ્ત કલાકારોનાં ચિત્રોનો અભ્યાસ કરવો પરંતુ તેનું અનુકરણ હરગીઝ ન કરવું. બીજું, ઘરની અંદર યા બહાર, નજરે પડતા હરેક વિષયને પોતામાં ઊઠતા પ્રત્યાઘાતો દ્વારા ચકાસી જોવો. મતલબ કે પ્રત્યેક દેખાવ યા પ્રસંગનું પોતાની રીતે નિરીક્ષણ કરવું અને હૃદયમાં ઊઠેલા એના પ્રત્યાઘાતો સમજી એનો અર્થ ઘટાવવો.

પહેલું ઇનામ મેળવનાર 'છત્રીનો દાક્તર' ચિત્રમાં વરસાદથી ભીંજાએલા ફૂટપાથ ઉપર ગામડાનો છત્રીગર છત્રી સાંધી રહ્યો છે. ચિત્ર ડ્રૉઇંગરૂમની દીવાલે લટકાવવા જેવું ન ગણાય, પરંતુ દેશના લોકજીવનનું એક પાસું એ રજૂ કરે છે. ચિત્રમાંની ભીની ભૂમિકા ચિત્ર-વિષય સાથે સૂચક તાલ લે છે. ચિત્ર વાદળગ્રસ્ત આકાશમાં ઝાંખા પ્રકાશમાં લીધું હોવાને કારણે એમાં વર્ણભેદ ઓછા છે. ફોકસિંગ અને એક્સપોઝર ઠીક છે. ચિત્ર-રચના ત્રિકોણાકારની હોવાથી એમાં સ્થિરતા જણાય છે.

શહેરની ગલીમાં ઉપરથી આવતા તીરછા સૂર્યપ્રકાશની મદદથી ભાઈ હેમેન્દ્ર શાહે 'બપોરની શાન્તિ'નું વાતાવરણ ખડું કર્યું છે; જોકે ચિત્ર-રચના બહુ સુરમ્ય નથી. ગલીમાંથી પસાર થતી આકૃતિઓનાં કદ જરા મોટાં છે. વળી બંને માણસ એક જ સાથે ચાલતા હોવાથી ચિત્ર-વિસ્તારમાં સંકડાશનો ભાવ ઊપજે છે.

ત્રીજું ઇનામ લેનાર ભાઇ સેદાણીએ મિજબાની માટે તૈયાર રાખેલી ઉપાહારની પ્લેટોમાં ડિઝાઈનનું તત્ત્વ નિહાળ્યું અને 'એક એક લઈ લો' ચિત્ર ઉપજાવ્યું. સૂર્યપ્રકાશ વિના પણ, વિષયના આકારો વડે ડિઝાઈન ગૂંથાય તેનું આ ઉદાહરણ છે. પ્લેટોની એકવિધતા છતાં ગોઠવણી અને કૅમેરાના દૃષ્ટિકોણને આધારે ચિત્રમાં ભાતીગળપણું આવ્યું છે. ભાઈ રશ્મિ પેઇન્ટરના 'ખોરાકની તલપ' ચિત્રમાં ચણા વીણતા બાળકની સામે બે વાંદરા લાલચુ નજરે મીટ માંડી રહ્યા છે. ફોકસિંગ વગેરે બરાબર છે. પણ ડાબી તરફના વાંદરાની પાછળનું વાંદરું વિષયના ભાવમાં ખલેલ પાડે છે. બલવન્ત ભાઈ





હે જ્ઞાન, જાણી લઉં કુત્સિતતા બધી આ.
હે પ્રેમ, ફેડી દઉં સૌ જડ શૃંખલાને.
હે પ્રીતિ, ચાહી રહું એક વસ્તુ પરાત્પર.
હે શ્રેષ્ઠ, થા પ્રકટ આ મુજ મૃત્તિકાથી!

(પદ્મા) —મનસુખલાલ રાવળ

પશ્ચિમ બંગાળનાં ગવર્નર: શ્રી પદ્મજા નાયડુ

'મને ઘડીભર થયું કે હમણાં જે બોલી ગયાં તે બીજું કોઈ નહિ પણ ખુદ સરોજિનીદેવી હતાં. શબ્દો, વક્તૃતા, સચ્ચાઈના રણકો, ને શૈલીના નાનાસરખા વળાંકો પણ આબેહૂબ એ મહાન સન્નારીનાં જ જોઈ લો'. એક સભામાં આ શબ્દો દ્વારા વક્તાએ જેમનો પરિચય આપેલો તે, ભારતનાં અગ્રણી કવયિત્રી અને નેત્રી સ્વ. શ્રીમતી સરોજિની નાયડુનાં સૌથી મોટાં પુત્રી શ્રી પદ્મજા નાયડુની થોડા મહિનાઓ પહેલાં પશ્ચિમ બંગાળના ગવર્નરપદે નિયુક્તિ થઇ છે. આજ સુધી દેશ તેમની માત્ર ઉમદા વક્તૃતા કે એવી બાહ્ય ઔપચારિક કાર્યપદ્ધતિઓ વિષે જ થોડીઘણી જાણકારી ધરાવતો હતો; પણ ગીચ વસતિ અને અસંખ્ય મુશ્કેલ કોયડાઓ ધરાવતા પશ્ચિમ બંગાળ જેવા પ્રાંતના ગવર્નરપદે થએલી તેમની આ નિમણૂકથી તેમની કર્તવ્યપરાયણતા, કાર્યશક્તિ તથા કારકિર્દીનો પણ પ્રતીતિકર પરિચય થયો. ગવર્નર જેવું ભારે જવાબદારીઓવાળું પદ, ઘણું જ ઓછું સ્ત્રી શિક્ષણ અને સ્ત્રી અધિકાર ધરાવતા ભારતમાં તો, ભાગ્યે જ સ્ત્રીઓને આપવામાં આવે છે; અને તેમાં યે મા અને દીકરી ઉત્તરોત્તર તો એવા પદે આ પહેલાં ક્યારે યે આવ્યાં નથી. ઈ. ૧૯૪૭માં સ્વાતંત્ર્ય મળતાં ઉત્તર પ્રદેશના ગવર્નર પદે શ્રીમતી સરોજિની નાયડુ આવેલાં, જેઓ ભારત ખાતે સોંપાયેલાં સ્ત્રી ગવર્નર હતાં. શ્રી પદ્મજા ભારતનાં બીજાં સ્ત્રી ગવર્નર છે.

ઈ. ૧૯૦૦ના નવેમ્બર માસમાં દક્ષિણ હૈદરાબાદમાં તેમનો જન્મ થયો હતો. તેમના પિતા ડૉ. એચ. ગોવિંદરાજુલુ નાયડુ હૈદરાબાદ રાજ્યમાં દવાનું ધોરણ ઊંચું લાવવામાં સૌથી



ઊંચું ફાળો આપનાર, રાજ્યના આગેવાન ખાબ હતા. અને માતૃપક્ષે તેમના નાના (સરોજિની દેવીના પિતા) અઘોરનાથ ચટ્ટોપાધ્યાયે તો હૈદરાબાદની નિઝામ કૉલેજની સ્થાપના કરેલી. તેઓ એ રાજ્યના અગ્રણી કેળવણીકાર અને ભારતની ગણીગાંઠી વિદ્વાન વિભૂતિઓ પૈકીના એક હતા. આવા ઉમદા કુળમાં વિદ્યાકલાસંસ્કારની દીક્ષા તો તેમને ગળથૂથીમાંથી જ મળી રહી. તેમનાં ભાંડુમાં તેમનાથી મોટા ભાઈ ડૉ. જયસૂર્ય ને તેમના નાનાં બહેન લીલામણિ હયાત છે.

શરૂમાં હૈદરાબાદની મહબૂબિયા કન્યાશાળામાં ને ત્યાર બાદ મસૂરીની વુડસ્ટૉક કૉલેજમાં તેમણે શિક્ષણ લીધેલું, પરંતુ સતત નાદુરસ્ત રહેતી તબિયતને કારણે તેમને શિક્ષણ છોડવું પડેલું. વિદ્યાકળાની વિદ્યાપીઠ સમા પોતાના ઘેર જ વિદ્યાકળાના પ્રત્યક્ષ પાઠ તેઓ ભણ્યાં. ઘેર રહી અતૂમ-

પ્રાણીજગત-૨૧

ખિસકોલી



છતમાં બેસી કે છાપરે ચડી પૂંછડી પછાડી પછાડી તીવ્ર અવાજ કાઢતી ખિસકોલી જોવી એ ઘણાંને કદાચ રોજની બીના ગણાય.

પીઠ પર પટ્ટાવાળી ખિસકોલી(Striped Squirrel)ની ખાસ બે જાત છે: એક પાંચ પટ્ટાવાળી, બીજી ત્રણ પટ્ટાવાળી. પહેલી જાત ઉત્તર ભારતના સૂકા પ્રદેશોથી માંડી છેક દક્ષિણનાં સૂકાં મેદાનો સુધીમાં પુષ્કળ વસે છે, જ્યારે બીજી દક્ષિણ તથા ઉત્તરપશ્ચિમના ભેજવાળા ભાગોમાં (માત્ર વનમાં)જ વધુ વસે છે. જોકે કેટલેક સ્થળે બેય જાત સાથે પણ રહે છે.

ભારતનાં વગડાઉ પ્રાણીઓમાં, ૩ પીઠ પરના ને ૨ પડખાં પરના મળીને થતા પાંચ પટ્ટાવાળી ખિસકોલી સર્વત્ર મનુષ્યની ખૂબ પરિચિત ને નજીક છે. એનું માથું ને શરીર મળીને ૫-૬ ઇંચ થાય. પૂંછડી તેથી સહેજ મોટી, ખૂલતા વાળે ભરી. દાંત સોય જેવા. કાન ટૂંકા ને સરવા. પગના નખ બારીક અને તેથી તે સપાટ ભીંત ઉપર ચડી-ચોંટી શકે.

ચંચળતાનું તો એ પ્રતીક જ. ભોંય પર, છાપરે, છોડવૃક્ષે-સર્વત્ર એ દોટ મુસાફરી વળે, ને છલંગ મારી ક્યાં નાસી જાય તેની ખબરે ન પડે. એના ચાળા પણ જોવા જેવા. પાછલે પગે બેસી આગલે પગે ખાતી ખિસકોલીનું દૃશ્ય ખરેખર રોચક લાગે છે. ઘર, બગીચા, કુંજ, વાડખેતર ને રસ્તાનાં વૃક્ષો પર તે રહે છે. ફળો, કૂમળી કૂંપળો કળીઓ ને છાલ એ કરકોલી ખાય. દાણા વીણી ખાય. અમુક ફૂલોના રસ માટે તેને ખાસ રુચિ.

ખૂબ પરિચિત હોવા છતાં તેની પ્રજનનક્રિયા હજી પૂરી જાણી શકાઈ નથી. ઘાસ, સૂકાં પાન, રેસા વગેરે લાવી, છાપરાની છતમાં, ભીંતના દરમાં કે વૃક્ષ પર જેવોતેવો માળો રચી માદા તેમાં ૨-૩ દૃષ્ટિ વિનાનાં બચ્ચાં જણે છે. જાતે બચાવ કરી શકે તેવાં થતાં એ માળો છોડીને બહાર નીકળી પડે છે.

ખિસકોલીની બીજી પણ જાતો છે. કાશ્મીરમાંની એક જાત તો પક્ષી પેઠે ઊડે પણ છે!

પણ તેમણે ઘણુંઘણું વાંચ્યું ને વિચાર્યું. તેમનું ઘર એટલે દેશપરદેશની અનેકવિધ ક્ષેત્રોમાં કામ કરતી મહાવિભૂતિઓનું આતિથ્યસ્થાન. પોતાના માતુશ્રી જોડે, અગ્રણી રાષ્ટ્રીય નેતાઓ સાથે તેમણે દેશનાં અનેક સ્થળોના પ્રવાસ ખેડેલા. જેના અનુભવોએ તેમને રાજકારણ તરફ દોર્યાં. તેઓ ગાંધીજીનાં ઘણાં લાડકાં, ને પં. જવાહરલાલ નેહરુના કહેવા મુજબ તેમનાં ગાઢાં ભાગીદારો અને મિત્રો પૈકીનાં એક હતાં.

રાજકારણના ક્ષેત્રમાં તેમનું પહેલું સક્રિય પગરણ તે, હૈદરાબાદ રાજ્યની સરકારી નોકરીમાં બ્રિટિશ અમલદારોની થતી નિમણૂકના વિરોધ રૂપે તેમણે કરેલી એક લીગની રચના. હૈદરાબાદમાં હિંદુ-મુસ્લિમ એકતા જાળવી રાખવા માટે તેઓ હમેશાં સક્રિય રહેતાં. સ્વાતંત્ર્ય પહેલાંના હૈદરાબાદના એ ભીષણ કોમી દાવાનળને ઠારવા માટે તેમને કેવા અને કેટલો પરિશ્રમ લેવો પડ્યો હશે એ કલ્પવું આજે પણ અઘરું નથી. ઈ. ૧૯૨૧માં તેઓ હિંદી રાષ્ટ્રીય મહાસભામાં જોડાયાં, અને તેની હૈદરાબાદ ખાતેની શાખા સ્થાપવામાં તેમણે અગ્રગણ્ય ભાગ લીધેલો. ઈ. ૧૯૩૩માં તેમણે પોતાના રાજ્યમાં દુષ્કાળ રાહત મંડળ ઊભું કરેલું, અને દુષ્કાળગ્રસ્ત પ્રદેશોના લોકોને રાહત અને સહાય આપવા માટે સમગ્ર દક્ષિણ પ્રદેશનો પ્રવાસ ખેડેલો. ઈ. ૧૯૪૨ની સ્વાતંત્ર્ય-ચળવળમાં ભાગ લેવા માટે તેમને ગિરફતાર કરવામાં આવેલાં, અને જેલ જવું પડેલું. ચાર વર્ષ બાદ તેમણે બિહારના ગ્રામપ્રદેશોનો પ્રવાસ ખેડેલો, ત્યારે તેમને મળેલી ત્યાંની સ્ત્રીઓ પર પોલીસો દ્વારા ગુજારાતા અત્યાચારોની વિગતો પરથી તેમણે એક અહેવાલ બ્રિટિશ સરકારને મોકલેલો, જેને પરિણામે તે વિગતોની તપાસ માટે એક ન્યાયપંચ યોજવાની બ્રિટિશ સરકારને ફરજ પડેલી. સ્ત્રીઓના અધિકાર અને યોગ્ય સામાજિક મોભા માટે પણ તેઓ અશ્રાન્તપણે ઝઝૂમ્યાં છે. ઈ. ૧૯૫૦માં તેઓ હૈદરાબાદ તરફથી પાર્લમેન્ટનાં સભ્ય બનેલાં. હૈદરાબાદની સરકારે રાજ્યમાં ઓછી આવકે નિર્વાહ ચલાવતી સ્ત્રીઓની સામાજિક અને આર્થિક સ્થિતિના અવલોકન માટે તથા તેમની રાહત માટે માર્ગ સૂચવવા અર્થે રચેલી ઍડહૉક કમિટીનાં તેઓ ઇ. ૧૯૫૫માં ચૅરમન નિમાએલાં. હાલ તેઓ અખિલ ભારતીય હસ્તોદ્યોગ મંડળ, ભારત સેવક સમાજ તથા કસ્માનિયા કૉલેજ સાથે પણ સંકળાએલાં છે.

સતત કામગીરીભર્યા વ્યસ્ત જીવનક્રમમાં યે આજે ૫૭ વર્ષની વયે તેમની યુવાસુલભ કાર્યશક્તિ અને સ્ફૂર્તિ સહેજે ઓસરી નથી. તેમનાં માતુશ્રીની માફક કલા અને સૌન્દર્યની તેમની દૃષ્ટિ આગવી અને સાદાઈના સમતોલપણે સંસ્કારાએલી છે. આ જ કારણે હસ્તહુન્નર ને ગ્રામોદ્યોગનું તેમને પ્રથમથી જ આકર્ષણ રહ્યું છે. હૈદરાબાદના હસ્તોદ્યોગ મંડળનાં ચૅરમન તરીકે હૈદરાબાદમાંના રાષ્ટ્રપતિના દક્ષિણ-ભવનને શણગારવાની જવાબદારીઓ તેમણે સંભાળેલી. તેઓ જેમ એક મહાન વક્તા છે તેમ વાતચીતની કલામાં પણ નિષ્ણાત છે. આકર્ષક છતાં સાદી સૌન્દર્યમંડિત સજ્જા સાથે-રેશમની સુઘડપણે સાડી પહેરેલાં અને બુદ્ધિમના તથા ઉત્સાહભરેલી સ્ફૂર્તિલી વાક્છટાવાળા રૂપાની ઘંટડી સમા રણકતા કંઠે અણિશુદ્ધ અંગ્રેજીમાં તેમને વ્યાખ્યાન કરતાં સાંભળવાં કે એમને આંગણે આવેલ અતિથિનો નિખાલસતાએ ઊલટભેર સત્કાર કરતાં નિહાળવાં, એ તેમના વ્યક્તિત્વના અનેક આકર્ષક પાસાંઓમાંના એક રોચક પાસાનો પરિચય મેળવવાનો લહાવો જ ગણીએ તો તેમાં જરા યે અતિશયોક્તિ નહિ ગણાય.

ત્રણ પેઢી સુધી ભારતની સેવા બજાવવાનું માન નેહરુ ગૃહની માફક નાયડુ ગૃહને પણ શ્રી પદ્મજાની બંગાળના ગવર્નરપદે થએલી આ મહત્ત્વની નિયુક્તિ દ્વારા મળ્યું છે.

મુંબાઈ યુનિવર્સિટીની શતાબ્દી

મુંબાઈ યુનિવર્સિટીને સ્થપાયે ચાલુ વર્ષમાં સો વર્ષ પૂરાં થયાં. મુંબાઈ, મદ્રાસ ને કલકત્તા એ ત્રણે પ્રાંતમાં યુનિવર્સિટીઓ એક જ સાલમાં સ્થપાઈ હતી, એટલે એ ત્રણે યુનિવર્સિટીઓએ પોતાનો શતાબ્દી-ઉત્સવ ગયા માસની આખરમાં ઊજવ્યો. તેના અનુસંધાનમાં 'મુંબાઈ યુનિવર્સિટીનો ઈતિહાસ(૧૮૫૭ થી ૧૯૫૭)' એ નામનું (યુનિવર્સિટીના રેક્ટર શ્રી ડોંગરકેરીને હાથે લખાએલું) પુસ્તક પણ પ્રગટ થયું છે.

આ ત્રણ પ્રારંભિક વિશ્વવિદ્યાલયોની ૧૦૦ વર્ષના ગાળાની સિદ્ધિઓનું મૂલ્યાંકન કરતાં પહેલાં તેની પશ્ચાદ્ભૂમિકાનું વર્ણન અસ્થાને નહિ ગણાય. ભારતમાં વિશ્વવિદ્યાલયની કક્ષાના શિક્ષણનાં મૂળ આમ તો ખૂબ પ્રાચીન સમય સુધી વિસ્તરેલાં છે. ઈસ્વી સનના આરંભથી પણ ઘણા લાંબા સમય પહેલાં ભારતમાં મહત્ત્વનાં શિક્ષણકેન્દ્રો તથા વિદ્યાધામો હતાં અને ત્યાં વિદ્યાર્થીઓનાં ટોળેટોળાં ઊભરાતાં. તેમના અભ્યાસક્રમો મધ્યયુગી યુરોપીય વિશ્વવિદ્યાલયોના જેટલા જ રૂઢિચુસ્ત, અને સાથેસાથે આધુનિક સમયનાં અમેરિકાનાં કેટલાંક વિશ્વવિદ્યાલયોના જેટલા જ વૈવિધ્યપૂર્ણ પણ હતા. તેમાં ધર્મ, વૈદ્યકશાસ્ત્ર, ખગોળશાસ્ત્ર, ખેતીવાડી અને હિસાબશાસ્ત્રથી માંડીને ધનુર્વિદ્યા તથા સર્પમોહનવિદ્યાનો સુદ્ધાં સમાવેશ થતો હતો!

ભારતમાં બ્રિટનના શાસનકાળમાં ૧૮૫૭માં ત્રણ વિશ્વવિદ્યાલયો સ્થપાયાં તે પહેલાં પણ ૫૦ કે ૬૦ વર્ષ અગાઉથી ત્યારના શાસકો ઉચ્ચ શિક્ષણના પ્રબંધ વિષે ઊંડી વિચારણા તો કરતા જ હતા. ત્યારે ભારતમાં બે વિવાદો ચાલતા હતા : એક તો ઉચ્ચ શિક્ષણ પશ્ચિમની પદ્ધતિ મુજબનું હોવું જોઇએ કે પ્રણાલિકાગત ભારતીય પદ્ધતિ મુજબનું; અને બીજો વિવાદ ખ્રિસ્તી ધર્મગુરુઓ તથા ધાર્મિક પ્રચારથી દૂર રહેવાની હિમાયત કરનારાઓ વચ્ચે ચાલતો હતો. રાજા રામમોહન રાય જેવા નામાંકિત ભારતવાસીઓ પણ પશ્ચિમીકરણવાદીઓને જ ટેકો આપતા હતા. અંતે પશ્ચિમીકરણવાદીઓ તથા ધાર્મિકપ્રચારવિરોધીઓનો જ વિજય થયો અને વિશ્વવિદ્યાલયોના શ્રીગણેશ મંડાયા.

ઉપર્યુક્ત વિવાદોનું પ્રથમ પરિણામ ૧૮૫૪માં સર ચાર્લ્સ વૂડે ઈસ્ટ ઇન્ડિયા કંપનીના વ્યવસ્થાપકોને પાઠવેલા સુવિખ્યાત પત્રમાં નજરે પડે છે. તે પત્ર પણ એક નવી બાંધછોડ જેવો જ હતો. તેમાં એમ સ્વીકારવામાં આવ્યું હતું કે 'ભારતની ભાષાઓના અભ્યાસને પ્રોત્સાહન આપવું જોઇએ, અંગ્રેજી ભાષાના શિક્ષણ માટે માગણી આવે ત્યાં તેનો પ્રબંધ કરવો જોઇએ અને યુરોપીય જ્ઞાનના વિનિમય માટે ભારતીય ભાષા તેમજ અંગ્રેજીનો પણ ઉપયોગ કરવો જોઇએ.' ઉપર્યુક્ત પત્રનું પરિણામ ભારતમાં વિશ્વવિદ્યાલયોની સ્થાપનાના નિર્ણયમાં આવ્યું. મુંબાઈ, કલકત્તા તથા મદ્રાસ ખાતેની તત્કાલીન ઉચ્ચ શિક્ષણની સંસ્થાઓનું વિશ્વવિદ્યાલયોમાં રૂપાન્તર કરી નાખવામાં આવ્યું. એની રચના ઑક્સફર્ડ અને કેમ્બ્રિજનાં પ્રાચીન વિદ્યાધામો પ્રમાણે નહિ પણ નવી લંડન યુનિવર્સિટીના ધોરણ ઉપર જ કરવામાં આવી.

મુંબાઈ યુનિવર્સિટીએ છેલ્લાં સો વર્ષમાં દેશની પ્રગતિમાં અમૂલ્ય ફાળો આપ્યો છે. એ યુનિવર્સિટીએ જે સંખ્યાબંધ દેશભક્તો, ઉદાત્ત અને વિશાળ દૃષ્ટિવાળા મહાપુરુષો, બુદ્ધિશક્તિનો અપૂર્વ પ્રભાવ દર્શાવનારા પંડિતો ને વિદ્વાનો તથા રાજકારણમાં કુશળ વહીવટદારો ઉત્પન્ન કર્યા છે તે કેવળ આપણા પ્રાન્તને જ નહિ પણ સમસ્ત ભારતને ગૌરવ લેવા જેવા મહાપુરુષો હતા. એમના જેવા મહાપુરુષો કોઈ સ્વતંત્ર દેશમાં પાક્યા હોય તો તેમની ગણના જગતના મહાપુરુષોમાં થઈ શકે. પરંતુ એ પરાધીન દેશમાં હતા એટલે ભારત બહારનાં બીજા દેશોમાં તેમની જોઇએ તેવી ગણના થઈ નહિ.

મુંબાઇ યુનિવર્સિટીમાં ઇંગ્લંડની યુનિવર્સિટીમાં ઉચ્ચ શિક્ષણ પામેલા અનેક વિદ્વાનો પ્રાધ્યાપક તરીકે આવી ગયા છે. ઉપર જણાવેલા મહાપુરુષો ઘડવામાં એમનો પણ મોટો ફાળો હતો.

૧૮૫૭માં અને ત્યાર પછી ઘણાં વર્ષો સુધી મુંબાઈ યુનિવર્સિટીમાં સ્ત્રી-વિદ્યાર્થિનીઓને દાખલ કરવાનો પ્રતિબંધ હતો. સૌ પ્રથમ સ્ત્રી ગ્રૅજ્યુએટ સને ૧૮૮૩માં થએલી. તેમનું નામ કુમારી કૉર્નેલિયા સોરાબજી. એ બહેન ફર્સ્ટ ક્લાસમાં પાસ થએલાં અને મુંબાઈની તથા અમદાવાદની ગુજરાત કૉલેજમાં પણ અંગ્રેજીનાં પ્રોફેસર તરીકે નિયુક્ત થએલાં. અત્યારે મુંબાઈ યુનિવર્સિટી કૉલેજના વિદ્યાર્થીઓમાં પચીસ ટકા વિદ્યાર્થિનીઓ અભ્યાસ કરી રહી છે. અગાઉ કૉલેજમાં ત્રણ વર્ષનો અભ્યાસ કર્યા પછી બી.એ.ની ડિગ્રી મળતી હતી. તે વખતે પ્રીવિયસ-(ફર્સ્ટ ઈયર)ની પરીક્ષા મુંબાઈમાં જ લેવાતી હતી અને તેમાં છેક ૧૯૦૪ સુધી અંગ્રેજી અને સંસ્કૃતમાં મૌખિક (ઑરલ) પરીક્ષા લેવાતી હતી. કૉલેજની કોઈ પણ પરીક્ષા માટે મુંબાઈ સિવાય બીજું સેન્ટર ન હતું. પરીક્ષાનો સમય માર્ચ-એપ્રિલ નહિ પણ નવેમ્બરમા હતો ને કૉલેજનું વર્ષ જાન્યુઆરીથી શરૂ થતું હતું. તે વખતે શિક્ષણમાં અત્યારના જેવું સ્પેશ્યલાઇઝેશન—અમુક ઐચ્છિક વિષયો અને અંગ્રેજી એટલો જ અભ્યાસ બી.એ. માટે પૂરતો નહોતો ગણાતો.

અત્યારે આપણા અભ્યાસક્રમમાં ઘણા ફેરફારો થઈ ગયા છે. તે વખતે એમ માનવામાં આવતું કે ડિગ્રીધારીને દરેક વિષયનું થોડુંથોડું અને એક વિષયનું પૂરું—Something of everything and everything of something એવું જ્ઞાન હોવું જોઈએ. અત્યારે તો મુંબાઇ યુનિવર્સિટીમાં અભ્યાસ કરેલાંની ત્રણ અને ચાર પેઢીઓ થઈ ગઈ છે. ડૉ. ઘોંડો કેશવ કર્વે મુંબાઇ યુનિવર્સિટીના અત્યારે સહુથી વૃદ્ધ જૂનામાં જૂના હયાત ગ્રૅજ્યુએટ છે. શ્રીમતી વિદ્યાબહેન નીલકંઠ મુંબાઈ યુનિવર્સિટીનાં સહુથી વૃદ્ધ જૂનામાં જૂનાં હયાત સ્ત્રી ગ્રૅજ્યુએટ છે.

('જ્યોતિર્ધર'ના તંત્રીલેખ તથા સર જૉન સાર્જન્ટની નોંધ પરથી)

શરીરની ઊંચાઇ અને વજનનો સંબંધ

ગયા અંકમાં આપેલા 'જાડાપ'ના લેખના અનુસંધાનમાં, આપણે સૌએ આપણા સ્વાસ્થ્ય માટે શરીરના વજનમાં થતો વધારો-ઘટાડો જાણતા રહેવું જોઇએ. આ નીચેના કોઠામાં ભારતવાસીઓ માટે કેટલી ઊંચાઇએ કેટલું વજન હોવું જોઇએ તે દર્શાવ્યું છે.

ઊંચાઈ	લઘુતમ વજન	સરાસરી વજન	વધુમાં વધુ વજન
૫'-૧"	૯૫ રતલ	૧૨૫ રતલ	૧૫૫ રતલ
૫'-૨"	૯૭ ,,	૧૨૮ ,,	૧૫૮ ,,
૫'-૩"	૧૦૦ ,,	૧૩૧ ,,	૧૬૧ ,,
૫'-૪"	૧૦૨ ,,	૧૩૪ ,,	૧૬૪ ,,
૫'-૫"	૧૦૫ ,,	૧૩૭ ,,	૧૬૭ ,,
૫'-૬"	૧૦૮ ,,	૧૪૧ ,,	૧૭૧ ,,
૫'-૭"	૧૧૧ ,,	૧૪૬ ,,	૧૭૬ ,,
૫'-૮"	૧૧૫ ,,	૧૫૧ ,,	૧૮૧ ,,
૫'-૯"	૧૧૯ ,,	૧૫૬ ,,	૧૮૬ ,,
૫'-૧૦"	૧૨૩ ,,	૧૬૧ ,,	૧૯૧ ,,
૫'-૧૧"	૧૨૬ ,,	૧૬૭ ,,	૧૯૭ ,,
૬'-૦"	૧૩૧ ,,	૧૭૩ ,,	૨૦૩ ,,

આ આંકડા આપણે ત્યાંના શરીરબંધારણ પ્રમાણેના છે. પાશ્ચાત્ય દેશોમાં આના કરતાં વજનમાં પાંચ ટકાનો વધારો હોય છે.

હિમાચલમાં શિયાળાની રમતગમતો

સ્કેટિંગ, સ્કીઇંગ અને સ્લેજિંગ જેવી રમતો માટે, દુનિયાભરમાંથી હિમાચલ રાજ્યમાં દર વર્ષે ઉત્તરોત્તર વધુ ને વધુ શોખીનો આવે છે. તેમનું મુખ્ય આકર્ષણ તે સ્કેટિંગ માટેના બરફના મેદાન સહિતનું ૭૦૦૦ ફૂટ ઊંચે આવેલું હિમાચ્છાદિત સિમલા જ નહિ, પરંતુ ૩ વર્ષ પહેલાં તૈયાર થએલા કુફરી ખાતેના સ્કીઇંગ માટેના બરફના ચઢ ઊતર વિસ્તારો પણ છે. સિમલામાં સ્કેટિંગ માટેનું મેદાન (રિન્ક) છે. ૫૦૦ સભ્યોવાળી



સિમલાનાં હિમાચ્છાદિત મેદાનો પરનાં શિયાળુ રમતગમતોનાં દશ્યો: (૧) સ્કિ-યાકિંગ તથા પીછે ખેલાડીઓને સરખું જ આકર્ષતું હિમાચ્છાદિત મેદાન; (૨) ખેલાડીઓને માટેનું વિશ્રામસ્થાન; (૩) કુફરીનો ઢાળ; (૪) સ્કીની મોજ માણતા ભારતીય તથા વિદેશી શોખીનો.

એક કલબ આ રિન્કની વ્યવસ્થા કરે છે.

જો કે શિયાળાની મુખ્ય રમત તો સ્કીઈંગ છે. પણ તેને માટે હિંદુસ્તાન-તિબેટ રોડ ઉપર સિમલાથી ૧૦ માઈલ દૂર જવું પડે છે. અહીં જાડા બરફથી ઢંકાએલા સગવડ ભરેલા કુદરતી ઢોળાવોને લીધે સ્કીઈંગ આહ્લાદક બની રહે છે. સિમલાથી કુફરી વચ્ચે બસસગવડ છે.

સ્કીઈંગનું ચઢાણ લગભગ ૧½ માઈલનું છે. એ જ્યાં પૂરું થાય છે ત્યાં એક કેબિન જેવું રાખેલું છે. ચઢાણ જ્યાંથી શરૂ થાય છે ત્યાં પણ આવું મથક છે. આ બન્ને મથકે વિશ્રાન્તિ તથા નાસ્તો મળી શકે છે. ઊંચે ચઢાણમાં મદદ માટે એક સ્કી-લિફ્ટ પણ છે. સ્કીઈંગ માટે વિશાળ અને અબાધિત વિસ્તાર મળી રહે, તે માટે જંગલની અંદરના માર્ગો સાફ અને પહોળા કરવામાં આવ્યા છે. જો કે ૧૯૪૮ બાદ એ વિસ્તારનો અવારનવાર ઉપયોગ થતો હતો. પણ પદ્ધતિસરનું કામકાજ ૧૯૫૩ની અધવચમાં શરૂ કરવામાં આવેલું. અને એ વખતે એક સ્પૉર્ટ્સ ક્લબ પણ સ્થપાઈ હતી, જેમાં હાલ ૧૭૫ સભ્યો છે. આ ક્લબ બૂટ અને સ્કીઝ ભાડે પણ આપે છે. ભવિષ્યમાં કોટગઢ, ચમ્બા અને ખજાર તથા ડેલહાઉઝ આસપાસના ઢોળાવો નજીક પણ સ્કીઈંગ માટેના વિસ્તારો (સ્કી-રન્સ) તૈયાર કરવાની એક યોજના ઘડાઇ છે.

ઇતિહાસમાં પહેલી જ વાર દક્ષિણ ધ્રુવ પર ઊતરેલું વિમાન

ગઈ સાલના છેવટના ભાગમાં દક્ષિણ ધ્રુવ ઉપર થએલું એક વિમાનનું ઉતરાણ તે એ મહાન શ્વેત ધ્રુવખંડના ઇતિહાસનો એક સીમાસ્તંભ હતો, કેમકે છેલ્લાં ૪૫ વર્ષમાં માનવ જીવોએ ભૌગોલિક દક્ષિણ ધ્રુવ પર પથરાએલા બરફ ઉપર આ પહેલી જ વાર પગ મૂકયો હતો. બ્રિટિશ નૌકાસૈન્યના કૅપ્ટન રૉબર્ટ સ્કૉટ દક્ષિણ ધ્રુવ ઉપર પગપાળા એક ટુકડી લઇને જનાર છેલ્લા માનવી હતા. નૉર્વેના રોનાલ્ડ આમુન્ડસેને ૧૯૧૧માં દક્ષિણ ધ્રુવ શોધી કાઢયો તે પછી ૧૯૧૨ના જાન્યુઆરીની ૧૮મીએ સ્કૉટ દક્ષિણ ધ્રુવ પર પહોંચેલા પણ તેમના ચાર સાથીઓ સાથે પાછા ફરતાં તે રસ્તામાં જ મૃત્યુ પામેલા. હમણાં ત્યાં પહોંચેલી ત્રીજી મનુષ્યટુકડીને લઈ જનાર વિમાન અમેરિકન નૌકાસૈન્યનું બે એન્જિનવાળું બરફ પર ચલાવવાની સગવડવાળું માલવાહક વિમાન હતું. તેનું ઉડ્ડયન, ૧૯૫૭-૫૮ના આંતરરાષ્ટ્રીય ભૂભૌતિક વર્ષ દરમિયાન જે અનેક દેશોના વિજ્ઞાનીઓ દક્ષિણ ધ્રુવખંડમાં સંશોધન કરશે તેને અંગે છે.

તેમની તપાસમાં વિશ્વકિરણો, ભૂચુંબકત્વ, ધ્રુવપ્રકાશ, હિમવિજ્ઞાન, ગુરુત્વાકર્ષણનાં માપ, અવકાશનું ભૌતિકશાસ્ત્ર, ધરતીકંપશાસ્ત્ર અને હવામાનશાસ્ત્ર વગેરેને લગતા સંશોધનનો સમાવેશ થશે.

વિમાનો માટે નવું જાઈરોસ્કોપ

માખીની શરીર રચનાના અભ્યાસ ઉપરથી નક્કી થયેલા સિદ્ધાંતોને આધારે એક નવા પ્રકારનું જાઇરોસ્કોપ બનાવવામાં આવ્યું છે. તેને લીધે વિમાન સીધી સપાટીએ ઊડી શકશે. માખીની પીઠમાંથી નીકળતી બે સોયો પરથી આ યંત્રનો વિચાર આવ્યો છે. આ સોયો સ્નાયુઓને લીધે ડોલતી હોય છે. માખી તેની ઊડવાની દિશા બદલે ત્યારે આ સોય તે પરિવર્તનનો પ્રતિકાર કરે છે અને તેને પરિણામે તેના છેડા પર એક પ્રકારનું બળ ઉત્પન્ન થાય છે. આ બળનું પ્રમાણ સમજીને માખી સીધી સપાટીએ ઊડે છે. આ નવા યંત્રમાં ધાતુના બે ભારે પદાર્થો એક લોહચુંબકને લીધે હાલતા હોય છે. જો આ પદાર્થો ફરે તો તેનાથી એકબીજા લોહચુંબકના સાધન પર જોર આવે છે અને આ સાધન એકબીજા નોંધણીયંત્રને ચલાવે છે.

અત્યારે ઘણાંખરાં વિમાનોમાં વપરાતા 'ફરતા ભમરડા' (જાઇરોસ્કોપ)કરતાં આ નવું વાઈબ્રાજાઇરો વજનમાં હલકું છતાં વધારે મજબૂત હોય છે, તેમાં બોલબેરિંગ હોતા નથી, તે લાંબો વખત ટકે છે અને ચેલા પરિભ્રમણ કરતા જાઇરોસ્કોપ કરતાં તે ઘણું નાનું હોય છે. આ યંત્ર ગતિની દિશામાં થતા અત્યંત સૂક્ષ્મ ફેરફારને પણ પકડી પાડશે.

કિણ્વ

આપણા શરીરમાં પરોક્ષ રહીને કામ કરતી કેટલીક અદ્ભુત વસ્તુઓમાં સૌથી વધુ વિસ્મયકારક વસ્તુ કિણ્વ છે, જેને અંગ્રેજીમાં 'એન્ઝાઈમ' કહે છે. આખા શરીરમાં વિવિધ પ્રકારના કિણ્વો નાનાવિધ રાસાયણિક ક્રિયાઓ દિવસ ને રાત કર્યા જ કરે છે. મૂળ તો કિણ્વ એ સંયોગીકર પદાર્થ છે, જે શરીરમાં વિવિધ રાસાયણિક ક્રિયાઓને પ્રેરે છે. કિણ્વ ન હોત એ ક્રિયાઓ ન થાત. આપણા થૂંકનો દાખલો લો. તેમાં જે Ptyalin નામનું પાચક કિણ્વ છે તે ખોરાકના સ્ટાર્ચનું શર્કરામાં રૂપાંતર કરવામાં સહાય કરે છે. જો એ કિણ્વ ન હોત તો સ્ટાર્ચવાળો પદાર્થ આપણે પચાવી શકત નહિ. આપણા જઠરમાં પેપ્સીન નામક કિણ્વ છે, જે પણ ખોરાકનું પાચન કરે છે. ત્રીજા પ્રકારના કિણ્વ ખોરાકમાંથી પ્રોટિનને અમોર્હિત અમલ (એમિનોઍસિડ)માં ફેરવી નાખે છે. આમ શરીરમાં તેને સક્રિય ને તંદુરસ્ત રાખતા અસંખ્ય કિણ્વ છે.

ખમીર(યીસ્ટ)માં પણ કિણ્વ છે, જે શર્કરા(કાર્બોહાઇડ્રેઈટ)નું કાર્બન ડાયૉક્સાઇડ અને આલ્કૉહોલમાં પરિવર્તન કરે છે. વિવિધ પ્રકારના દારૂ બનાવવામાં પણ વિવિધ ખમીરનો ઉપયોગ થાય છે. ઢોકળામાં આથો ચડાવનાર આ ખમીર જ છે, જે ખરેખર તો ફૂગના પ્રકારની સૂક્ષ્મ વનસ્પતિ છે અને હવામાં તરતી હોય છે.

માત્ર માણસના શરીરમાં જ નહિ, બધી સજીવ સૃષ્ટિના શરીરમાં વિવિધ પ્રકારના કિણ્વ કામ કર્યા જ કરે છે. તમે બટેટું કે સફરજન કાપીને મૂકો અને થોડી જ વારમાં કપાયેલો ઊજળો ભાગ ઝાંખો પડી જશે તેનું કારણ કિણ્વ છે. (જન્મભૂમિ)

સાહિત્યસંપર્ક

નેપથ્યે: શ્રી ઉશનસ્‌ના કાવ્યસંગ્રહ 'પ્રસૂન'પછીના તાજા જ, ને આઠ ખંડકાવ્યોના આ સંગ્રહમાં સાત કાવ્ય તો શ્રી ઉમાશંકર જોષીના 'પ્રાચીના'ની પેઠે પ્રાચીન પાત્રોના જીવનપ્રસંગોને લગતાં છે(દેવયાનીની પ્રસ્થાન-રાત્રિ; ઉષાનો નિશ્ચય; રામમિલાપ; લક્ષ્મણનું આગમન; કર્ણ કુન્તી; કૃષ્ણ રુક્મિણી; સીતા-રામ). એમાં નિરૂપાએલા પ્રસંગો તે તે વ્યક્તિ-ઓના જીવનમાં બનેલા જ છે એવું નથી, પરંતુ એની સંભવિતતા છે: આથી સંગ્રહને અપાએલું 'નેપથ્યે' નામ સાર્થક લાગે છે. પ્રસંગકથાને કવિ સહજ ભાવે આલેખે છે ખરા, અને એક સર્જકની અદાથી તેઓ રસપૂર્ણ અને હૃદ્‌સ્પર્શી ચિત્રો પણ ઉપસાવી શક્યા છે, પરંતુ એનાં ભાવ અને બાનીને કલાત્મકતાના સ્પર્શથી સં-માર્જીને સંપૂર્ણ રૂપકૃતિઓ બનાવી શક્યા નથી.

આ સંગ્રહમાંની શ્રી ઉશનસ્‌ની કવિતાનો પ્રા. જયંત પાઠકે આછો પરિચય કરાવ્યો છે ને છેવટે ટિપ્પણ પણ ઉમેરી આપ્યું છે. 'પુરો-વચન'માં શ્રી પ્રજારામ રાવળે સાચું જ કહ્યું કે 'શ્રી ઉશનસ્‌ની કવિતા પહેલ પાડેલા હીરા જેવી સુઘડ આકૃતિ રમ્ય નથી, સ્પર્શસુંવાળી કે પારદર્શક નથી, પણ ખાણમાંથી તાજા ની-કળેલા સુવર્ણના ખરબચડા, મોટા, વજનદાર ગઠ્ઠા જેવી છે.' પ્રાપ્તિસ્થાન: હરીશ ઍન્ડ કં., ગોલવાડ ગેટ, નવસારી; કિંમત: ૨-૪-૦.

Contemporary Indian Literature: આસામી, બંગાળી, ગુજરાતી, હિંદી, કન્નડ, કાશ્મીરી, મળયાળમ, મરાઠી, ઉડિયા, પંજાબી, સંસ્કૃત, તમીળ, તેલુગુ અને ઉર્દૂ એ ચૌદ ભારતીય ભાષાઓ ઉપરાંત ભારતીયોને હાથે લખાએલા અંગ્રેજી સાહિત્યનો મળી કુલ ૧૫ ભાષાઓના સાહિત્યનો તે તે સાહિત્યના પ્રસિદ્ધ પીઢ લેખક કે વિવેચકની કલમ દ્વારા રેખાત્મક પરિચય કરાવતું, નવી દિલ્હીની સાહિત્ય અકાદમીનું આ અંગ્રેજી પ્રકાશન અનેક રીતે ઉપયોગી છે. (એમાં ગુજરાતી ભાષાનો પરિચય આપણા વિદ્વાન પ્રા. મનસુખલાલ ઝવેરીએ કરાવ્યો છે.) પ્રત્યેક ભારતીય સાહિત્ય-નો તે હાથવગો, સાદ્ય (અપ ટુ-ડેટ), વૈવિધ્ય-મૂલક ને આધારભૂત અહેવાલ પૂરો પાડે છે. આખા યે ભારતીય સાહિત્યના તુલનાત્મક અ-ભ્યાસમાટેનું તો તે સહજ સાધન બને છે, અને રાષ્ટ્ર તથા આંતરરાષ્ટ્રને સમસ્ત ભારતીય સા-

રાષ્ટ્રીય પારિભાષિક શબ્દાવલી

ભારતીય સંવિધાન (આપણું રાજ્યબંધારણ) જ્યારે વિધાનસભાની (કૉન્સ્ટીટ્યુઅન્ટ અસેમ્બ્લીની: બંધારણસભાની) એરણ પર હતું ત્યારે હિંદીમાં તેનો અનુવાદ તૈયાર કરવા માટે યોગ્ય પારિભાષિક શબ્દોની જરૂર ઊભી થએલી. તે માટે હિંદી ઉપરાંત દેશભરમાંથી ચાલીસેક જેટલા પ્રાદેશિક ભાષાનિષ્ણાતોની એક સમિતિ નિમાએલી. આ સમિતિએ એક 'સંવિધાન પારિભાષિક-શબ્દમાલા' તૈયાર કરી, અને તેના આધાર ભારતીય સંવિધાનનું સત્તાવાર હિંદી સંસ્કરણ તૈયાર થયું. બીજી પ્રાદેશિક ભાષાઓમાં પણ એ પર્યાયશબ્દો તદનુરૂપજ હોય તો ભારતના રાજદ્વારી, વારાશીય અને ન્યાયવિષયક એકવાક્યતા સાધી શકાય, એવા હેતુથી પ્રેરાઈને ભારતીય સંવિધાનના સરકારમાન્ય હિંદી સંસ્કરણમાંથી કેટલાક મહત્ત્વના શબ્દો પસંદ કરીને આ નીચે આપ્યા છે. **—ગિરધરલાલ લ. રાવળ**

A

Administration : પ્રશાસન
Administration of Justice : ન્યાયકરણ
Administrative : પ્રશાસકીય, પ્રશાસન સંબંધી
Administrative Ability : પ્રશાસનયોગ્યતા
Administrative Convenience : પ્રશાસનસુકરતા
Administrative Department : પ્રશાસનવિભાગ
Administrative Function : પ્રશાસનકાર્ય
Administrative Sanction : પ્રશાસકીય મંજૂરી
Administrative System : પ્રશાસનપદ્ધતિ
Admissible : સ્વીકાર્ય
Admissiblity : સ્વીકાર્યતા
Adult Franchise : વયસ્ક મતાધિકાર
Adult Suffrage : પ્રૌઢ મતાધિકાર
Appeal : અપીલ
Appellate Authority : અપીલ અધિકારી
Appellate Powers : અપીલ અધિકાર
Appointment : નિયુક્તિ
Approval : અનુમોદન
Article : અનુચ્છેદ
Assembly : સભા
Assent : અનુમતિ
As the Case May Be : યથાસ્થિતિ, યથાપ્રસંગ
Autonomous : સ્વાયત્ત
Autonomy : સ્વાયત્તતા
Award : પંચાટ

B

Ballot : શલાકા, મતપત્ર
Ballot Box : મતપેટી
Bill : વિધેયક
Bill of Exchange : વિનિમયપત્ર
Bill of Indemnity : પરિહાર, વિધેયક
Bill of Rights : અધિકારપત્ર
Board : મંડળ, બોર્ડ
Board, District : જિલ્લા બોર્ડ
Board, Local : સ્થાનીય બોર્ડ
Board, Municipal : મ્યુનિસિપલ બોર્ડ, નગરપાલી
Body : નિકાય
Boundary : સીમા
Business : કારોબાર

C

Cabinet : મંત્રીમંડળ
Candidate : ઉમેદવાર
Candidature : ઉમેદવારી
Caste : જાતિ, વર્ણ
Censor : સેન્સર
Censorship : સેન્સરી
Census : જનગણના
Certiorari : ઉત્પ્રેષણ-લેખ
Cess : ઉપ-કર
Chairman : સભાપતિ
Chief-Judge : મુખ્ય ન્યાયાધીશ
Chief-Juctice : મુખ્ય ન્યાયાધિપતિ
Chief-Minister : મુખ્ય મન્ત્રી
Citizen : નાગરિક
Citizenship : નાગરિકતા
Civic : નાગરિક, પૌર
Civic Election : પૌર નિર્વાચન
Committee : સમિતિ
Committee, Executive : કાર્યકારિણી સમિતિ
Committee, Select : પ્રવર સમિતિ
Committee, Standing : સ્થાયી સમિતિ
Common Seal : સામાન્ય મુદ્રા
Community : સમુદાય
Consolidated Fund : સંચિત નિધિ
Constituency : નિર્વાચનક્ષેત્ર

Constituent Assembly : સંવિધાનસભા Constitution : સંવિધાન
Co-operative Society : સહકારી સંસ્થા Corporation : નિગમ, કૉરપોરેશન
Corporation Tax : નિગમ કર, કૉરપોરેશન ટૅક્સ Council : પરિષદ
Council, Advisory : સલાહકાર પરિષદ Council, General : મહાપરિષદ
Council of Ministers : મન્ત્રીપરિષદ Council of States : રાજ્યપરિષદ
Council, Regional : પ્રાદેશિક પરિષદ Council, Tribal : જનજાતિપરિષદ
Court : ન્યાયાલય, અદાલત Court, Civil : વ્યવહાર ન્યાયાલય, દીવાની અદાલત
Court, Criminal : દંડ ન્યાયાલય, ફોજદારી અદાલત
Court, District : જિલ્લા ન્યાયાલય Court, High : ઉચ્ચ ન્યાયાલય
Court, Magistrate : દંડાધિકારી ન્યાયાલય Court, Martial : સેના ન્યાયાલય
Court, Revenve : રાજસ્વ ન્યાયાલય Court, Session : સત્ર ન્યાયાલય
Court, Subordinate : અધીન ન્યાયાલય Court, Supreme : ઉચ્ચતમ ન્યાયાલય

D

Debate : વાદવિવાદ Declaration : ઘોષણા Decree : આજ્ઞપ્તિ
Deed : વિલેખ Defamation : માનહાનિ Delimitation : પરિસીમન
Demand : માગ Demarcation : સીમાંકન
Democracy : લોકતન્ત્ર Democratic : લોકતન્ત્રાત્મક
Department : વિભાગ Departmental : વિભાગીય
Depressed Class : દલિત વર્ગ Deputy Chairman : ઉપ-સભાપતિ
Deputy Minister : ઉપ-મન્ત્રી Deputy President : ઉપ-રાષ્ટ્રપતિ
Deputy Speaker : ઉપાધ્યક્ષ Disablity : નિર્યોગ્યતા
Discretion : સ્વવિવેક Discussion : ચર્ચા
District : જિલ્લો District Board : જિલ્લા મંડળી
District Council : જિલ્લા પરિષદ District Fund : જિલ્લા નિધિ
During Good Behavio:r : સદાચાર પર્યન્ત
During the Pleasure of the President : રાષ્ટ્રપતિ પ્રસાદ પર્યન્ત
Duty : શુલ્ક Death Duty : મરણશુલ્ક
Estate Duty : સંપત્તિશુલ્ક Excise Duty : ઉત્પાદનશુલ્ક
Export Duty : નિર્યાત શુલ્ક Import Duty : આયાતશુલ્ક
Stamp Duty મુદ્રાંકશુલ્ક Succession Duty : ઉત્તરાધિકારશુલ્ક

E

Education : શિક્ષા (શિક્ષણ) Elected : નિર્વાચિત
Election : નિર્વાચન, ચુનાવ–ચૂંટણી Election, By : ઉપ-નિર્વાચન, ઉપ-ચુનાવ(ચૂંટણી)
Election, Direct : પ્રત્યક્ષ નિર્વાચન, પ્રત્યક્ષ ચુનાવ–ચૂંટણી
Election, Indirect : પરોક્ષ નિર્વાચન, પરોક્ષ ચુનાવ–ચૂંટણી
Elector : નિર્વાચક Electoral College : નિર્વાચક ગુણ
Electoral Rolls : નિર્વાચક સૂચિ Electorate : નિર્વાચન ક્ષેત્ર, નિર્વાચક સમૂહ
Eligibility : પાત્રતા Enfranchisement : મતાધિકારદાન
Equality : સમતા Executive (adj.) : કાર્યકારી Executive (n.) : કાર્યાંગ
Executive Power : કાર્યકારી અધિકાર Excercise (v.) : પ્રયોગ કરવો
Explanation : વ્યાખ્યા Extraordinary : અસાધારણ

F

Finance : વિત્ત Financial : વિત્તીય
Foreign (adj.) : વિદેશી Foreign Affairs : વિદેશી મામલો
Foreign Country : વિદેશ Foreigner : વિદેશીય
Foreign Exchange : વિદેશી વિનિમય Foreign Policy : વિદેશનીતિ
Foreign State : વિદેશી રાજ્ય Franchise : મતાધિકાર
Function : કૃત્ય Function Administrative : પ્રશાસનીય કૃત્ય
Fundamental Rights : મૂલ-અધિકાર

(ચાલુ)

હિત્યમાં ડોકિયું કરી તેની વિવિધતા તેમજ એકતાનાં દર્શન કરવાની ઉમદા અને વિરલ સુવિધા કરી આપે છે. કિંમત: ૨-૮-૦.

નવાં પુસ્તકો

સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલયનાં

બાલવિલાસ: સામાન્ય જનસમાજના વ્યવહારો ઉચ્ચ બની સમાજનું ચારિત્ર્ય નીતિમય અને પવિત્ર થાય એ હેતુથી, ગઈ પેઢીના અગ્રગણ્ય ચિંતક સ્વ. મણિલાલ નભુભાઈ દ્વિવેદીએ લોકભોગ્ય ને સરળ શૈલીમાં લખેલો મહત્ત્વનો ઉપયોગી ગ્રંથ, સ્વ. આચાર્ય આનંદશંકર બાપુભાઈ ધ્રુવની પ્રસ્તાવના તથા લેખકની ભૂમિકા સાથે, ૧-૮-૦; **સુભાષિત નીતિમંજરી**: 'સુભાષિત રત્નભાંડાગાર'ના ત્રીજા પ્રકરણના એક ભાગમાં આવતા 'સામાન્ય નીતિ' પરત્વેના શ્લોકોનો શ્રી વિષ્ણુદેવ સાંકળેશ્વર પંડિતે કરેલો અનુવાદ, મૂળ શ્લોકો સાથે, ૧-૮-૦; **છોરુ કછોરુ**: 'સુસંસ્કાર એ જ સાચું ધન છે' એ ધ્યેયને અનુલક્ષતું, પ્રખ્યાત નાટકકાર શ્રી પ્રાગજી જ. ડોસાનું નાટક, ૧-૦-૦; **અંધારા રંગમહેલનો રાજા**: કવિવર રવીન્દ્રનાથ ઠાકુર લિખિત નાટક, અનુવાદક: સ્વ. સ્વામી સેવાનંદ; નાટકનાં ઉમદા તત્ત્વોના 'રસાસ્વાદ' રૂપે કરાવેલા પરિચય સાથે, ૧-૦-૦; **ચમત્કારિક વાતો**: વાચકના દિલ પર કાયમની અસર પાડી જતી, વિવિધ વિષયોની સાથે સંકળાએલી, હિંદીમાં શ્રી નૃસિંહ શર્માએ રચેલી મનોરંજક વાર્તાઓને આધારે શ્રી વાસુદેવ મહાશંકર જોષીએ પ્રયોજેલી ૫૫ વાર્તાઓ, ૧-૮-૦.

ગુજરાત વિદ્યાસભાનાં

આધ્યાત્મિક વિચારણા: દર્શનાચાર્ય પંડિત સુખલાલજીએ એ વિષય પર આપેલાં ત્રણ મનનીય વ્યાખ્યાનો: 'આત્મવિચારણા', 'પરમાત્મા અને મોક્ષવિચારણા' અને 'અધ્યાત્મસાધના, ૩-૦-૦; **મધ્યયુગની સાધનાધારા**: ભારતીય મધ્યયુગની ધર્મસાધનાનું આચાર્ય શ્રી ક્ષિતિમોહન સેને કરાવેલું સંશોધનપૂર્ણ ઇતિહાસદર્શન—મૂળ બંગાળી પરથી અનુવાદક: શ્રી જયંતીલાલ આચાર્ય, ૨-૦-૦; **નારીકુંજ**: સ્ત્રીઓને વિશેષ રસ પડે, તેમને વધારે ઉપયોગી થઈ પડે એવા શ્રી વિદ્યાબહેન નીલકંઠે લખેલા ૧૯ લેખો, ૧-૦-૦; **ઍલોપથીના પશ્ચિમી તબીબી વિજ્ઞાનમાં આધુનિક પ્રગતિ** પરનું ડૉ. હસમુખભાઈ કાલિદાસ શાહનું મનનીય વ્યાખ્યાન, ૦-૬-૦.

પ્રકીર્ણ

રક્તતિલક: પ્રસિદ્ધ ને પ્રશસ્ત નાટ્યલેખક શ્રી ચુનીલાલ મડિયાની ૧૧ એકાંકી

OUR FRIENDS ABROAD

જગત્‌સંપર્ક સાધતો પત્રમિત્ર-વિભાગ

[પત્ર મેળવનાર: મહેશ સી. દોશી,
ગવર્નમેન્ટ ઑફિસ બંગલો-૨, રાજકોટ (સૌરાષ્ટ્ર)]

પ્રિય મહેશ,

મને લાગે છે કે હું ભયંકર આળસુ છું, અને એની મને બહુ શરમ આવે છે. એટલી બધી કે તમે મને માફ ન કરો, આખો દિવસ ઘરના એક ખૂણામાં ઊભીઊભી ઉદાસ રહ્યા કરું અથવા મહેરબાની કરીને, મને બીજી કોઇ સજા ફરમાવો, અને એ સજા સખત હોય. ના, મારે તમારી ધીરજની કસોટી નથી કરવી. હું જાણું છું કે મારા કરતાં પત્ર-લેખનમાં તમે વધુ નિશ્ચિત અને નિયમિત છો. કદાચ તમને વધુ સમય મળી રહેતો હોય.

મારૂં કુટુંબ હવે સાજુંસારું થઇ ગયું છે. પરંતુ તમે જાણો છો કે હું નિશાળે જાઉં છું અને બપોર પછી તથા સાંજના અંગ્રેજી, ફ્રેન્ચ અને કોઇકોઇ વાર જર્મન ભાષાઓ ભણાવું છું. રજાના દિવસો દરમ્યાન છ અઠવાડિયાં સુધી મેં ડિશેરહૉફ મુકામે વિદ્યાર્થિની-કામદાર તરીકે કામ કરેલું. ડિશેરહૉફની પૉર્ટલૅન્ડ–સિમેન્ટ વિશ્વભરમાં વિખ્યાત છે. ત્યાંના કામ બદલ મને સારું એવું મહેનતાણું મળેલું, જેનાથી હું મારા કુટુંબને મદદ કરી શકી છું, અને મારે પોતાને માટે કપડાં-લત્તાં પણ ખરીદ્યાં છે, જેથી લોકોને એમ લાગે કે રજિને તો હવે મોટી થઇ ગઈ.

અહો! છેલ્લેછેલ્લે તો તમે મને વારંવાર યાદ આવતા; કેમકે અત્યારની રાજકીય પરિસ્થિતિ બહુ વિષમ છે. જર્મન લોકોને ત્રીજા વિશ્વ-યુદ્ધનો મોટો ડર લાગ્યો, એટલે તેમણે વર્ષો સુધી ચાલે તેટલાં અન્ન-વસ્ત્ર ખરીદી લીધાં. પરંતુ મને લાગે છે કે હવે બધું મંદ પડી ગયું છે. એટમ-બૉમ્બની વર્ષા થતી હોય ત્યારે તમે શું કરી શકવાના? લોકો શા માટે એકબીજાને ચાહતા નથી? શા માટે તેઓ હમેશાં ઝગડ્યા કરે છે? તમે પૂર્વમાં છો અને હું છું પશ્ચિમમાં. અને આ બંને બળો એક વાર સંઘર્ષમાં આવવાનાં. પરિણામમાં? વિનાશ, દારિદ્રય, નિરાશા. અને આ બધું શા માટે?

મહેશ, મને તમારા નેહરુ બહુ ગમે છે, કારણ કે તેઓ વિશ્વમાં શાંતિ સ્થાપવાનો પ્રયત્ન કરે છે. અને એમના શબ્દો એ કંઇ ભાષણ-ખોરી નથી! હા ખરેખર, મને તેઓ ગમે છે.

આ એપ્રિલે એક વર્ષ માટે હું ઇંગ્લંડ જઈશ, પછી જઈશ ફ્રાન્સ—મને આવડતી ભાષાઓ પૂરેપૂરી શીખી લેવા માટે, દુભાષિયા (interpreter) તરીકેની પરીક્ષા આપવા માટે.

વારુ મહેશ, મને નાની સરખી ટકોર કરવા બદલ હું તમારી આભારી છું. હું જાગી ને વળી શરમાઇ! માયાળુ રહેજો ને બીજો એક પત્ર લખજો.

—તમારી રેજિને

જર્મન પત્રમિત્રો

(દરેક સરનામાને છેડે Germany ઉમેરવું.)

(1) Christa Dammert, Girl–19, Simmerberg, Allgan, Kreis-Lindan, Arts, Music, Literature, Drawing, Religion, Politics; (2) Dietmar Piout Kowski, Girl–16, Kleinensiel, Uber, Nurdenham, Religions, Political Problems; (3) Vera Labsik, Girl–18, Bayreuth/Op.Malk Parruallee 1, Arts, Interested in India; (4) Christa Luttschwager, Girl–18, Gluckstadt/Elbe, Klaus–Groth Str. 23, Religions, Ways of Living, Arts, Music, Painting, Literature; (5) Irmtraut Huttinger, Girl–16, (13 b) Munchen 5, Kienze Str. 16/II, Stamps, View-Cards, Photography, Music; (6) Christa Oonk, Girl–19, Klosterstra Be 6i, Munster, Music, Reading, Swimming, View-Cards; (7) Resi Holdau, Girl–21, Wuppertal-Elberfeld, Vogelsang Str. 27, Drawing, Painting, Music, Politics; (8) Inge Stumpt, Girl–16, Fuerth/Bayern, Maistrasse 11½, Arts, Reading, Literature, Plants, Stamps; (9) Klaus Bohnke, Male–22, Olden Burg (Holst) Kuhtorstra Be 30, Correspondence; (10) Helen Van Hees, Girl–19, P. B. 11005 Hamburg–LA–I, Drawing, Languages; (11) Edeltraud Aust, Girl–16, (13 a) Nurnberg/Bayern, Felseckerstr a Be 11, Theatre, Music, Reading, Painting, Interested Deeply in India; (12) Gesine Krohnke, Girl–16, Munchen–22, Streer Str. 24, Sports, Cinema, Eager to know about India; (13) Margret Forskr, Girl–18, Trier–Pallien, Kolner Str. 18., Art, Painting, Literature, General Knowledge; (14) Udo Halback, Boy–16, 216 Hohenlinburg, Goethestr II, Language, Sciences, Sports, Drawing, Stamps, Photography; (15) Gisela Batzer, Girl–16, Augsburg, 136 Ven Parseval Str. 3, Piano, View-Cards; (16) Ursula Rupp, Girl–16, Bamburg, Martin–Luther Str. 18, Arts, Reading, Music, Theatre, Literature, Painting, Culture, Politics; (17) Christa Meilhamer, Girl–18, Munchen, Pixisstr. 3, Photography, Biology, Literature, Stamps, View Cards, Intersted in India (નં. ૧થી ૧૭, ઉલ્લેખ: Haresh Nimavat, Railway–Boarding, Takhteshwar Plot, Bhavnagar–Saur.); (18) Miss Renate Thoma, Age 16, (16) Fulda, Oberglogauerstr 17, Hessen, Music, Books, Swimming, Films, Knowledge about Different Countries ઉલ્લેખ: S. L. Bheda, Trivedi Bldg., Jawahar Rd., Ghatkopar, Bombay-39). (19) Christhild Lemm, Boy – 16, Helene–Lange Schule, 140 Markgröningen/krs, Ludwigsburg, Würtlemberg, Stamps, Photography, Sports, Music; (20) Herbert Medev, Boy–15, Borgelnkrs. Soest, Kellerstr. 5, Stamps, Photography; (21) Souja Laugheinrich, Girl—16, 14 b Calro/Sdiwarzwald, Spöhrerschule, Photography, Commerce; (22) Ruth Stöck, Girl—16, Köln-Sülz, Elüpicherstrasse 334, Stamps, Travelling, Cycling; (23) Trudel Köper, Boy—16, Schonholt hausen, üb/Finnentrop, Sauerland, History, Photography, Stamps; (24) Brigitte Jhal, Girl—17, Würs-Burg, Gerbrunnerweg 7, Stamps, Travelling, Foreign Countries and Their Inhabitants; (25) Gisela Liebav, Girl—16, Coberg, Bayern, Judenberg 23, Stamps, Travelling, Photography, Cycling, Swimming, Foreign Customs. [નં. ૨૦ થી ૨૫, ઉલ્લેખ: Pravinchandra M. Sheth, C/o Dhanubhai Photographer, Hussain's Chawl, Dhobi Lane, Thana (Bombay)]

હિંદી પત્રમિત્રો

(572) Prafulla A. Patel-17, C/o Ambalal D. Patel, Khari Kui, Sojitra (Dist. Kaira), View Cards, Stamps; (573) Dashrath Keshavlal Soni-18, Vasai-Dabhla, Stamps, Reading; (574) Jayantilal Ratanlal Makaniwala, Patelwaga, Dabhoi (Dist. Baroda), Stamps, Coins, Travelling, Novels; (575) Sunderlal M. Lakhia-20, Patelwaga, Shah Street, Dabhoi (Dist. Baroda), Stamps, View Cards, Photography, Travelling; (576) Vasudev B. Acharya-19, Vishvakarma Bhavan, Room No. W/1, 447/10 Baranpura, Baroda, Swimming, Music, Cycling, Stamps; (577) Manhar Mulchand Desai-16, C/o Mulchand Jivraj Desai, Madalpura, Ellis Bridge, Ahmedabad-6, Stamps; (578) Shashikant Lallubhai Mehta-16, C/o Narottamdas Vithaldas Shah, Dhanbhura Road, Bulsar (Dist. Surat), Stamps, Photography, View Cards, Literature; (579) Chandrakant Nanabhai-17, Haripura Masidia Sheri, Surat, Stamps, Photography; (580) Hasmukh K. Mehta-17, 8 Hem Bhavan, Vatchraj Lane, Matunga, Bombay-19, Stamps, Drawing, Swimming, World Peace; (581) Harshad G. Mehta-14, 7 A Chandra Colony, Ellis Bridge, Ahmedabad-6, Stamps, F.D. Covers; (582) Vijay Maganlal Shah-18, C/o Babubhai Jeevandas, Moti Pole, Gopi Pura, Surat, Stamps, Coins, Films; (583) Ramakant U. Dave-15, Ajitpura, Karvan (Dist. Baroda), Stamps, Match Lables, View Cards; (584) Shiraz S. Cementwala-11, New Bharat Grinding Mills, Near Veterinary Hospital, Govt. Gate Road, Bombay-12, Stamps, View Cards, Coins; (585) Sheela L. Jashnani, C/o L. P. Jashnani, Sanket Nivas, Swami Narayan Sheri, Dhana Peth, Rajkot (Saur.), Reading, Stamps; (586) Hemantkumar Narendraray Shukla-15, Gopi Pura, Shetan Falia, Surat, Music, Stamps, Photography; (587) Arvind S. Patel-18, 1059 Dr. Saldanla St., Poona Camp, Poona, Reading, Touring, Stamps; (588) Shantilal C. Dand-21, 548 Vincent Road, Bombay-19, Stamps, View Cards, Match Lables; (589) Natwarlal K. Joshi, Thana Road, Bagasra (Saur.), Reading, Touring, Photography, Stamps; (590) Indravadan H. Vyas-18, Sheth G. C. High School, Pilwai (Vijapur Taluka, Dist. Mehsana), Photography, Swimming; (591) Maneklal Shivabhai Patel-17, Post Adarjamerda (Dist. Mehsana), Swimming, Riding, Science, Journey, Novels of Adventures; (592) Tarmohmed Ibrahim Meman-17, Sarvajanik High School, Vaghodia (Dist. Baroda), Correspondence; (593) Balubhai Virjibhai Patel-18, Patel Boarding, Keria Road, Amreli, Drawing, Reading, Swimming; (594) Vinodchandra D.

Chauhan–19, Vautha (Dholka Taluka), Photography, Painting, Films, Travelling, Reading; (595) Jyotir Purushottam Vyas–17, H. M. Public School, Andheri, Bombay-41, Stamps, View Cards, Match Lables, Photography: (596) Rasik Babubhai Patel–16, Add. as above, Stamps, View Cards, Music; (597) Sadiq ıli Mazharhussain Hatimbhai–19, Begam Pura, Surat, Novels, Pictures; (598) Kantilal Mohanlal Kothari–50, Kothari Street, Palanpur (N. Gujerat), Stamps (Advance Collector), View Cards, Pictures; (599) Shantilal D. Shah–15, C/o Dahyalal Meghji, Lakshmi Nivas, Kama Gali, Ghatkopar, Bombay-39, Reading, Music, General Knowledge; (600) Harshadray Durlabhdas Nagrecha–16, Nagrecha Medical Stores, Main Bazaar, Savar Kundla (Saur.), Stamps; (601) Manharlal P. Ravani–16, Sadhana Tea House, Gandhi Chowk, Savar Kundla (Saur.), Stamps, Coins, F. D. Covers; (602) Mohmed Abdul Satar–15, Satar Ahmed Patel House, Sardar Rd., Amreli, Stamps; (603) Madhusudan Dalsukhbhai Khamar–16, S. V. High School, Kadi (N. G.) Stamps, Reading; (504) Bhupendra K. Vakharia–18, 52-53 Sewree Wadala Road, Matunga (C. R.), Bombay-19, Coins, Stamps, Photography, Swimming, Cricket; (605) Rohit Trambaklal Maniar–17, 86 Trambak Bhavan, Bhau Dazi Cross Road No. 9, Matunga (C. R.), Bombay 19, Coins, Stamps, View Cards, Horse Riding; (606) Dahyalal Atmaram Patel–20, Dariyapur, Wadigam, Hajam's Street, House No. 583, Ahmedabad, Mathematics, Games, Novels; (607) Naresh R. Upadhyay–22, Satya Kunj, Joravarnagar (Saur.), Photography, Music; (608) Pravinkant Keshavlal Sanghvi–23, Chhaliapura, Limbdi (Saur.), Reading, Stamps, Photography, Picnics; (609) Harshad C. Pandya–21, Near Bala Mata, Kanji Wad, Mahemdawad (Dist. Kaira), Reading, Touring, Cycling, Stamps; (610) Vishnuprasad J. Joshi–17, C/o J. P. Joshi, Station Master, Rajkot Jn. (Saur.), Photography, Painting; (611) Kirit Hiralal Shah–18, 11 Ashwin Society, Ellis Bridge, Ahmedabad-7, Photography, Greeting Cards, Various Games, Cinema; (612) Gunvantray R. Parikh–18, 112 Zeera, Secunderabad (Dec.), Photography, View Cards, Stamps, Travelling; (613) Sumanbhai Chhotabhai Patel–20, Unda Falia, Sojitra (Dis. Kaira), Photography, Stamps, Reading, Swimming; (614) Jayantilal Jhinabhai, Jhaveri–21, Organiser, International Correspondence Society, 63 Dhanji Street, Bombay-3, Stamps, F.D. Covers, View Cards, Coins; (615) A. N. Mehta–19, C/o Nyalchand Hansraj, Sodha-no Delo, Near G.P. O., Jamnagar (Saur.), Stamps, Swimming. (ચાલુ)

આ માસ (માર્ચ) ઈતિહાસમાં

દિનવિશેષ

તા. ૨ રાષ્ટ્રીય ભાવનાપ્રેર્યા પ્રતિભાવંતાં કવયિત્રી સરોજિની નાયડુનું અવસાન, ૧૯૪૯.
તા. ૬ ઈટલીના પ્રસિદ્ધ કલાકાર, શિલ્પી, સ્થપતિ ને કવિ માઈકલ ઍંજેલોનો જન્મ, ૧૪૭૫.
તા. ૮ નૉર્વેજિયન સાહસસફરી આમુંડસેન સૌપહેલો દક્ષિણ ધ્રુવ ઉપર પહોંચ્યો, ૧૯૧૧.
તા. ૯ અગ્રણી સમાજસુધારક તથા પ્રથમ ગુજરાતી વૃત્તવિવેચક નવલરામનો જન્મ, ૧૮૩૬.
તા. ૧૧ દુનિયાનું સૌ પહેલું અંગ્રેજી દૈનિક સમાચારપત્ર 'ડેઈલી કુરાન્ટ' પ્રસિદ્ધ થયું, ૧૭૦૨.
તા. ૧૫ હિંદમાં હથિયારબંધી તથા દેશી છાપાં સંબંધેનો કાયદો અમલમાં આવ્યો, ૧૮૭૮.
તા. ૨૯ બરાકપુરમાં મંગળ પાંડેએ ૧૮૫૭ના સ્વાતંત્ર્ય-સંગ્રામના શ્રીગણેશ માંડ્યા, ૧૮૫૭.

વ્યક્તિવિશેષ : મોહનલાલ ર. ઝવેરી

ગુજરાતી શિક્ષણના અર્વાચીન સ્વરૂપના મૂળ સર્જકો પૈકીના એક, ગુજરાતમાં શિક્ષણ-પ્રચારના આજન્મ ભેખધારી રા. બ. મોહનલાલ ઝવેરીનો જન્મ તેમના મોસાળ ભરૂચમાં ૧૮૨૮ની ૩૧મી માર્ચે થએલો. 'અર્વાચીન ગુજરાતી કેળવણીના પિતા' ગણાતા તેમના પિતાશ્રી રણછોડદાસ ગિરધરદાસ મુંબાઈમાં નોકરી કરતા. છઠ્ઠે વર્ષે તેઓ નવી શરૂ થએલી સરકારી ગુજરાતી નિશાળમાં બેઠા. સાત વર્ષની ઉમરે શ્રી વનમાળીદાસ કલ્યાણદાસનાં પુત્રી રૂક્મિણી સાથે તેમનો વિવાહ થયો, અને ઈ. ૧૮૪૨માં સૂરતમાં નવી જ ખૂલેલી અંગ્રેજી શાળામાં તેઓ દાખલ થયા, જ્યાં તેમણે અનેક શિષ્યવૃત્તિઓ ને ઈનામો મેળવેલાં. ૧૮૪૫-ના જૂનમાં મુંબાઈ જઇને તેમણે એલ્ફિન્સ્ટન કૉલેજની પ્રવેશક પરીક્ષા આપી. તેમાં ઉચ્ચ સફળતા મળતાં તેમને દસ રૂપિયાની શિષ્યવૃત્તિ મળી. કૉલેજમાં સ્થપાએલા 'એલ્ફિન્સ્ટન ઇન્સ્ટિટ્યૂટ'માં ઈ. ૧૮૪૭–૪૮ દરમ્યાન રૂા. ૧૫ને પગારે તેમણે ગણિત શીખવેલું. કૉલેજમાં ઈ. ૧૮૫૧ના એપ્રિલમાં સ્થપાએલી 'બુદ્ધિવર્ધક હિંદુ સભા'ના તેઓ મંત્રી હતા.



ઈ.૧૮૫૩ની ૧લી નવેમ્બરે સૂરતની અંગ્રેજી શાળામાં મદદનીશ શિક્ષક તરીકે જોડાયા પછી માત્ર બે જ વર્ષમાં સૂરત અને ભરૂચ જિલ્લાની નિશાળોના વિઝિટર તરીકેની એક વર્ષ માટેની અજમાયશી નિમણૂક થઇ, જે પાછળથી કાયમી બનેલી. તેમણે કેટલાંયે ગામડાંમાં નવી નિશાળો ખોલાવી. ઇ. ૧૮૫૮માં નિમાએલી ગુજરાતીની જ્ઞાન-બોધભરી પ્રશસ્ત હોપ-વાચનમાળા તૈયાર કરનાર સમિતિમાં તેમને લેવામાં આવેલા. કેળવણી ને વિદ્યા વિષયક તેમનું ઉમદા અને ઊંડું જ્ઞાન તેમણે અવારનવાર કરેલાં ભાષણોમાં પ્રતિબિંબિત થાય છે. ૧૮૬૯ના નવેમ્બરમાં તેઓ પાઠ્યપુસ્તકસમિતિના સભ્ય નિમાએલા.

ગણિત, ખગોળ, રસાયનવિજ્ઞાન, પદાર્થવિજ્ઞાન આદિ શાસ્ત્રોના તેઓ નિષ્ણાત તજ્જ્ઞ હતા. ગુજરાતી, મરાઠી, અંગ્રેજી, સંસ્કૃત અને ઉર્દૂ ભાષાઓનું તેમનું જ્ઞાન ઘણું ઊંચું હતું. તેમણે કેટલાક નિબંધો ને 'દેશાટણ', 'રસાયનશાસ્ત્ર', 'સ્ત્રીકેળવણી', 'ઇંગ્લંડનો સંક્ષિપ્ત ઇતિહાસ', 'નીતિબોધકથા', 'અષ્ટગીતા' વગેરે પુસ્તકો લખ્યાં છે. સ્વભાવે તેઓ શાન્ત, હસમુખા અને કુટુમ્બપ્રેમી હતા. ઈ.૧૮૯૬ની ૨૩મી જુલાઇએ તેમનું અવસાન થયું. તેમના વિદ્વાન પુત્ર દી. બ. કૃષ્ણલાલ ઝવેરી આજે ગુજરાતી સાહિત્યના પિતામહ જેવા છે.

પ્રસંગવિશેષ : ક્રીમિયન યુદ્ધનો પારીસના તહનામાથી અંત, ૩૦મી માર્ચ ૧૮૫૬

જે સમયે ઇંગ્લંડ-ફ્રાન્સ અત્યાચારની રીત અખત્યાર કરીને ચીન પાસેથી વિશેષ હક્કો પડાવી રહ્યાં હતાં, ત્યારે વધારે સબળ પદ્ધતિથી ઉત્તરમાં રશિયાએ અસાધારણ સફળતા મેળવી. કૉન્સ્ટાન્ટિનોપલ મેળવવા આતુર રશિયાએ યુરોપમાં તુર્કી ઉપર હુમલો કર્યો હતો. રશિયાના વધતા જતા બળથી ડરીને ઇંગ્લન્ડ-ફ્રાન્સ તુર્કીને પક્ષે ભળ્યાં, ને રશિયા સામે ૧૮૫૪ની ૨૮મી માર્ચે યુદ્ધ જાહેર કરી ક્રીમિયા પર હલ્લો કર્યો. ૧૮૫૫ના સપ્ટેમ્બરમાં ફ્રેંચોએ માલાકૉફ કિલ્લા પર હલ્લો કર્યો અને રશિયનોએ સેવાસ્તોપોલ ખાલી કર્યું ત્યાં સુધી યુદ્ધ પૂર જોશમાં ચાલ્યું. ઑક્ટોબરમાં, અંગ્રેજી સાહિત્યમાં 'ચાર્જ ઑવ ધ લાઈટ બ્રિગેડ'ના કાવ્યથી જાણીતો બાલાક્લાવાનો હલ્લો થયો. બે વર્ષ સુધી ચાલુ રહેલા આ યુદ્ધમાં મોટી ખુવારી તો કારમી ઠંડી ને રોગચાળાને લીધે થઇ, જેનો અંત ફ્લોરેન્સ નાઇટિંગેલ જેવી દયાદેવીના સેવાકાર્યથી સુધર્યો. અંતે ઑડેસ્સા પડ્યું, અને ઈ. ૧૮૫૬ની ૩૦મી માર્ચે પારીસના તહનામાથી એ યુદ્ધનો અંત આવ્યો જેમાં કોઈ પક્ષે લાભકર્તા શરત ન હતી. બ્રિટને આ યુદ્ધમાં ૧૯,૬૦૦ માણસો ગુમાવ્યાં.

અનુષ્ટુપ

ભાર જેણે દઇ દીધો પોતાનો ભગવાનને.
વહી તે તો શકે ભાર બીજાનો સહેલાઇથી.

—પ્રભારામ

એક બૌદ્ધ સાધુ કોઈ ભિખારીને બોધ આપતો હતો; પરંતુ પોતાની એક પણ વાત પર ભિખારીને ધ્યાન આપતો ન જોઇને તે ગુસ્સે થઈ બુદ્ધ ભગવાન પાસે પહોંચ્યો. ભગવાને હસીને તે ભિખારીને જ તેડાવ્યો અને તેને માટે ખાવાનો બંદોબસ્ત કરાવ્યો. કોઈ સાધુએ ટકોર કરી: 'પણ ઉપદેશ-શ્રવણ વિના જાઆપો!એને ખાવા બેસાડી દીધો!' બુદ્ધ ભગવાન શાંત ભાવથી બોલ્યા: 'ઉપદેશ સાંભળવાની શક્તિ એનામાં કાલ આવશે.'




અગાઉ એકવાર સ્પેનનાં તાળાંકૂંચી અહીં છાપેલાં. એવાં જર્મન તાળાંકૂંચીનો નમૂનો. જર્મન કરામતો હમેશાં બહુ અટપટી હોય છે, તે આ ઉપરનું આલેખન જોતાં સ્પષ્ટ જણાય છે.

કહેવતોના અર્થ: 'ધણીને સૂઝે ઢાંકણીમાં ને પડોશીને ન સૂઝે આરસીમાં'—માલિક પોતાના મનમાં અવળું-ખોટું જે ઊગે તે કરી-કરાવી શકે, જ્યારે તેના સલાહકારો બિચારા તેમની સાચી સલાહને પણ તેની પાસે અમલમાં ન મુકાવડાવી શકે એવો આ કહેવતનો ભાવાર્થ, ધણીને ઢાંકણીમાં યે પ્રતિબિંબ દેખાય જ્યારે પડોશીને તો આરસીમાં યે ન દેખાય એ ઉપમાથી બલવત્તર અને ચોટદાર બને છે. તેને મળતી બીજી કહેવતો: સો વરસનો સુતાર ને પાંચ વરસનો ઘરધણી; ધણી ધારે તેમાં પડોસીનું શું ચાલે? ધણીનો કોઈ ધણી છે? ધણી ધારે તો પાર હતારે; મીણના માટી લોઢાના ચણા ચવરાવે.

આ વર્ષે ૨૧મી માર્ચને બદલે ૨૦મી માર્ચે રાત્રિ અને દિવસ સરખાં થશે.


અનેકાર્થી શબ્દ: **પાત્ર**=નાટકમાં વેશભજવનાર વ્યક્તિ; નાયિકા કે ગુણકા; પાતર; વાસણ; લાયક પુરુષ; અમાત્ય, રાજમંત્રી; વિદ્યાયુક્ત બ્રાહ્મણ; પાપમાંથી રક્ષણ કરનાર માણસ; યોગ્યતા કે લાયકાત; પત્ર કે પાંદડું; આજ્ઞા;ચારશેરનુંમાપ;આઢક;જલાધારસ્થાન.



બેન લૅપારસ્કીએ રચેલ આ ગોળ આકૃતિમાં પ્રત્યેક ત્રિજ્યાની હારમાં ગોઠવાએલી સંખ્યાનો તેમ જ દરેક વર્તુળમાંની સંખ્યાનો સરવાળો ૧૯૫૭ થાય છે એટલું જ નહિ પણ દરેકચક્રવલય(સ્પાઇરલ)માંપેચરૂપે આવતાંખાનાંમાંરહેલ સંખ્યાનો પણ એ જ સરવાળો થાય છે. ચક્રવલયનું એક ઉદાહરણ આકૃતિમાં ટપકાં મૂકી બતાવ્યું છે.

મધમાખીઓ 'ઍરકન્ડિશનિંગ'ની પદ્ધતિનો ઉપયોગ કરી જાણે છે. પોતાનાં બચ્ચાંનો યોગ્ય ઉછેર થઈ શકે તથા મધ સફળતાથી મેળવી શકાય એ સારુ તેઓ અચલ હવામાન જાળવી રાખે છે. તે માટે કેટલીક મધમાખીઓ સ્નાયુઓના હલનચલન દ્વારા પોતાનાં અંગોમાંથી ગરમી પેદા કરે છે; જ્યારે બીજી મધમાખીઓહવાનુંપરિભ્રમણયથાપ્રમાણ રહે તે માટે પોતાની પાંખો હલાવ્યા કરે છે.

લૂ લાગેલી વ્યક્તિ માટે ભોજન એ વિષની અને પાણી એ અમૃતની ગરજ સારે છે.



ગુલાબના છોડને કાંટા ઊગ્યા, એમ કહીને દુઃખી થવાને બદલે કાંટાળા છોડ પર ગુલાબ ઊગ્યાં એમ કહેવું વધુ સારું છે.

સિમેન્ટની ભોંય મેલી થઈ ગઇ હોય તો એક ડોલ પાણીમાં બે ઔંસ કળીચૂનો નાખી એ ભોંય પર સારી પેઠે છંટકારીને બે'ક કલાક ભીનું ને ભીનું રહેવા દેજો; પછી સોડા નાખેલા ખળખળતા ગરમ પાણીથી ધોઇ નાખવાથી ભોંય ચોખ્ખી થઇ જશે.

રૂપાના દાગીના રાખવાની પેટીમાં કપૂર પણ મૂકી રાખજો. તેથી રૂપું કાળું નહિ પડે.

કીડીને ગંધકની વાસ નથી ગમતી,તેમ ઉંદર કપૂરની વાસથી નાસી જાય છે.

ખારેકના ઠળિયાને વાટીને ઘીમાં તળી ગોપીચંદન સાથે ખાવાથી પ્રદર મટે છે.

ડ્રાઇવર: બાઈસાહેબ, પેટ્રોલ ખલાસ છે; હવે ગાડી આગળ નહિ ચાલે.

શેઠાણી: તો તેને પાછી ઘેર લઈ ચાલ.



કલાકણિકા: માતા અને બાળક (કાષ્ઠશિલ્પ)—દેશેદેશની તળપદી કળામાં ત્યાંની જે એતદ્દેશીય લાક્ષણિકતા હોય છે તે દાખવતો આફ્રિકાની લોકકલાના કાષ્ઠશિલ્પનો આ નમૂનો ન્યૂ યૉર્કના મેટ્રોપૉલિટન મ્યૂઝિયમમાં રાખેલો છે. માતાના મોટા માથામાંની આંખો, ખુલ્લી છાતી, બાળકનો ચહેરો, ગળાનું આભૂષણ,—એ સર્વમાં ઊપસેલા ત્યાંના લાક્ષણિક ભાવ એ ગ્રામ-શિલ્પીમાં પણ રહેલી કલાશક્તિનાં નિદર્શક છે.



ગામડાનું જીવનગાન (કલાકાર: ડી. બદરી) દિલ્હીની ઑલ ઈંડિયા ફાઈન આર્ટ્સ ઍન્ડ ક્રાફ્ટ્સ સોસાએટીના સૌજન્યથી

ફોટોગ્રાફી હરીફાઇનાં ચિત્રો

ડાબી બાજુ મથાળે: 'છત્રીનો દાક્તર'–શ્રી ગુણવંત પંચાલ, નડિયાદ (પહેલું ઈનામ): ડાબી બાજુ નીચે: 'ખોરાકની તલપ'–શ્રી રશ્મિ પેઇન્ટર, અમદાવાદ (નોંધપાત્ર): જમણી બાજુ મથાળે: 'એક એક લઈ લો'–શ્રી હરિલાલ સેદાણી, રાજકોટ (ત્રીજું ઈનામ); જમણી બાજુ નીચે: 'બપોરની શાન્તિ'–શ્રી હેમેન્દ્ર શાહ, અમદાવાદ (બીજું ઈનામ).

[વિગતવાર નિરૂપણ માટે જુઓ આ અંકમાં]







